

બદામનાં પાન
વિનોદ કોઠારી

વર્ષ ૨૦ અંક : ૭

કુમાર ૨૩૫

આદ્યતંત્રી · રવિશંકર રાવળ
જુલાઈ ૧૯૪૩
સંપાદક · બચુભાઈ રાવત

જુલાઇ ૧૯૪૩

અંક ૨૩૫

પ્રકાશન તારીખ ૧૧-૧૦-૪૩

મુદ્રક · બચુભાઈ રાવત. પ્રકાશક · રવિશંકર મહાશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર, અમદાવાદ. વાર્ષિક રૂા. ૬, પરદેશના ૧૨ શિ., છુટક દસ આના. બહારગામમાં લવાજમ ભરવાનાં સ્થળ: મુંબાઇમાં: આર. આર. શેઠની કં., એન. એમ. ત્રિપાઠી લિ., અથવા રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ; વડોદરામાં : પુસ્તકાલય સ૦ સ૦ મંડળ લિ. તથા નૂતન ફોટો સ્ટૂડિયો, રાવપુરા. કલકત્તામાં એલ. કે. મેઘાણી, ૧૪ અમરતલા સ્ટ્રીટ.

જાહેર ખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિશર્સ [illegible], [illegible] બિલ્ડિંગ. મેડોઝ સ્ટ્રીટ, મુંબાઈ–૧; અમદાવાદમાં શ્રી પુષ્પવદન ઠાકોર, [illegible]





ફોટોગ્રાફી હરીફાઈનાં ચિત્રો

'હોકાની મોજ' : ચંદુભાઇ ભટ્ટ—અમદાવાદ, ત્રીજું ઈનામ; 'તોફાની છોકરો' : વજુભાઈ પટેલ-કેન્યા, નોંધપાત્ર; 'જ્ઞાની' : નટવરલાલ મહેતા—સુરત, નોંધપાત્ર. વિગતો માટે જુઓ પૃ. ૧૭૯



દેશદેશની ટિકિટો પર ત્યાંનાં ફળોની પેદાશ દાખવતાં ચિત્રો (શ્રી હરિલાલ બૅંકરના સંગ્રહમાંથી)

ઉપલી હાર: (૧) આર્જેન્ટિના (દક્ષિણ અમેરિકા)ની ટિકિટ ઉપર ત્યાં થતાં ફળોનું એકત્રિત આલેખન; (૨) કૉસ્ટા-રિકા (મધ્ય અમેરિકા)ની ટિકિટ ઉપર કેળાં લાદેલાં ગધેડાં સાથેના ખેડૂતનું દૃશ્ય; (૩) દક્ષિણ આફ્રિકાની ટિકિટ પર નારંગીનું ઝાડ; (૪) મોઝામ્બિક (પોર્ટુગીઝ પૂર્વ આફ્રિકા)ની ટિકિટ ઉપર આંબાવાડિયાનું દૃશ્ય; (૫) કોલંબિયા (દક્ષિણ અમેરિકા)ની ટિકિટ ઉપર કેળાંની લૂમ. નીચલી હાર: (૧) ફીજીની ટિકિટ ઉપર શેરડી; (૨) ક્યૂબા (વેસ્ટ ઇન્ડીઝ ટાપુઓ)ની ટિકિટ ઉપર આંબાનાં ઝાડ; (૩) એક્વાડોર (દક્ષિણ અમેરિકા)ની ટિકિટ પર સ્ટીમરવાટે પરદેશ ચડતાં ફળોનું સંજ્ઞાચિત્ર; (૪) પારીસમાં ભરાએલા ૧૯૩૭ના આંતરરાષ્ટ્રીય પ્રદર્શનની હાંદી ચીનની ટિકિટ ઉપર કૃષિ-ઉત્પન્ન દાખવતા ચિત્રમાં ફળોનું અગ્ર સ્થાન; (૫) મોઝામ્બિકની ટિકિટ ઉપર નાળિયેરી.



ભક્તિમુગ્ધ મીરાં

ચિત્રકાર · કનુ દેસાઈ

નીંદલડી નહિ આવે સારી રાત, કિસ બિધ હોઈ પરભાત.
ચમક ઉઠી સુપને સુધિ ભૂલી, ચન્દ્ર કળા ન સુહાત.
બત્ર હું દીવાની તન સુધ ભૂલી કોઇ ન જાની મ્હારી બાત,
મીરા કહે બીતી સોઈ જાને, મરણ જીવન ઉન હાથ.

અકિંચનનું ધન

· અનુષ્ટુપ ·

ગઇ લક્ષ્મી ! ગયાં પદ્મો ! છતાં તું પૃથિવિપટ;
અનોખી સ્વસ્થતા ધારી; ડોલતો શાથી અર્ણવ ?

ઐરાવત ગયો મૂકી, ઇન્દ્રના મ્હેલ ડોલવા;
પાંચજન્ય લીધો કૃષ્ણે, કાળની વાણી બોલવા.

સૂર્યના સારથી કેરાં સ્વીકારી મૂક ઈજનો;
લાડીલો અશ્વ ખેડન્તો આભનાં નીલ કાનનો.

અમાકુંભ પીધો દેવે, પીધું રુદ્રે હલાહલ;
વિષ્ણુની ગૌર ગ્રીવાએ વિરાજ્યો મણિ કૌસ્તુભ.

ધન્વન્તરી ગયા છોડી, પૃથ્વીનાં દર્દ ટાળવા;
ચન્દ્રમા આભમાં ચાલ્યા રોહિણી સંગ મ્હાલવા.

કામદુગ્ધા લીધી ઇન્દ્રે એષણા દિવ્ય પૂરવા;
પારિજાત ગયાં મોહી રાધિકા–વેણી ઝુલવા.

સ્વપ્નની સુંદરી જેવાં રંભા ઇન્દ્રપુરી વસ્યાં,
વીરના બાહુએ બેઠાં, ધનુષ કોટિપ્રભાવતાં !

સમૃદ્ધિ એ ગઈ ચાલી, છતાં નિર્ધન કાં નહિ ?
છે હજી એક–‘મર્યાદા’, લાખેણું ધન એ સહી !

રતિલાલ છાયા

કૃષ્ણ

શાર્દૂલવિક્રીડિત

કૃષ્ણેં કર્મ ઘણાં કર્યાં: જનમતાં કારા વિદારી દીધી,
ને હાર્યાં જમુનાજલો, યશુમતીનાં લાડ ઝીલ્યાં ઘણાં;
ચૂસી રાક્ષસી પૂતના, શકટને ભાંગ્યા, ગિરિપ્રાંગણાં
ખૂંદ્યાં, ગોપની સંગ પર્વત ધર્યો, ચોર્યાં ઘણાં યે દધિ.

બાલ્યે ક્રીડનખેલ એમ મચાવ્યા, ને વીર્યં કૈં દાખવ્યાં,
પ્હોંચીને મથુરા નવો રસ ગ્રહ્યો, કુબ્જા શું પ્રીતિ કરી;
નંખાવ્યું વળી વીર્ય,હસ્તિહણિયો,ચાણૂરનાખ્યોચૂરી,
કંસ-પ્રાણ હર્યાં, પરાજય તણા સ્વાંગો ય કૈં ઓળવ્યા.

નાઠા એ મથુરા તજી, ઉદધિને પ્રાંતે વસ્યા, દ્વારકા
સોનાની નગરી કરી, જઇ હરી તે રુક્મિણી, ને વરી
બીજી સોળ હજાર, વંશવડલે પૃથ્વી બધી આવરી;
શાંત પ્રૌઢ પ્રસન્ન જીવન રચ્યું, તો યે ન લોકે મૂક્યા.

ઇન્દ્રપ્રસ્થ પધારી કૌરવકુલાંગારો શું વિષ્ટિ કરી,
ભાજી ભોજી વિદુરની, રણમહીં થૈ સારથી પાર્થને
પ્રેર્યાં યુદ્ધ મહીં, મહી કૃષ્ણના ત્રાસેથી રક્ષી, અને
ગોઠીને તરુ હેઠ ઝીલી શરને લીલા લીધી સંહરી.

ક્રીડા એમ કરી ગયા મનભરી, બંસી બજાવી, હરી
ગોપીની ઉરગોરસી, નટવરે નાચ્યું નચાવ્યું ઘણું;
ખેલ્યાં દંગલ, દુષ્ટ કષ્ટ દળિયાં, પૃથ્વીતણું આંગણું,
રંગ્યું રક્તપ્રપંચ, કૌશલ ધરી ગીતા ગયા ઉચ્ચરી.

... ...

સુન્દરમ્

પ્રણશૃંગાર

· પૃથ્વી ·

હતી હૃદયઐક્ય ને જીવનઐક્યની ભાવના,
સખે રુઝવતા હતા વ્રણ પડ્યા ઉરે કારમા.
પરસ્પર ઝરા વહ્યા સરલ સ્નેહ વાત્સલ્યના,
કર્યાં સાહન ઘા જગે હૃદયભેદતાં શલ્યના.
ઉછંગ કંઈવાર તેં રુદન રેડી ભીનો કર્યો,
અહો જીવનઆભથી પ્રણયતેજ-તારો ખર્યો.

નથી ગગન ધૂમતું, તિમિર ફેડતું યે નથી,
કશું નવ સમર્પતું વિરહગાન ગાવા મથી.
વિલાય સહુ સ્વપ્નદર્શનહુલાસની જંગ છો,
ઘડી પ્રથમના મિલાપતણી કિન્તુ દૈયે હજો.
સદા ય પ્રિય, રાચજે હૃદયસ્રોત્રના પ્રોતને,
અહીં ગર વહ્યા કરે હૃદય મારું કો નિર્જને.

સહી સમયવ્હેણમાં સ્મરણદંશને પ્યારથી
ભલે જીવન શોભતું વિષમ ઘાવશૃંગારથી.

વેણીભાઈ પુરોહિત

યદિ નવું ય—

ધીરે જરી ધીરે કુરંગ ! ક્યહીં દોડવું, ઊડવું ?
કશો લખલખાટ આ? કશી જ ઝંખના? જંપ ના
લગીર પણ; ફાળ એક પર ફાળ બીજી ભરી
ઊટ્યા બસ ઊડ્યા જવું, ક્યહીં જ શીદને કેટલું?
ન નેત્ર વિરમે જરી, શ્વસન છાતીનું ના શમે;
શમ્યા નવ શમ્યા જ જ્યાં પદ તરંગ-ઝંકારથી
વટાવી જઈ ડુંગરો તરુ સરિત્ ઝરો નિર્ઝરો
ઊડ્યા બસ ઊડ્યા જવું, નવું કશુંય દીઠું જ કે!
હુલાસચકચૂર થૈ, છલકી જે, ભુલાઈ અને
છલંગ દઈ દોડતું તું હુકરાઈ ન્હૈં શું જરી ?
નહીં ઉરકુરંગ શું નહીં જ થંભશે શોચશે:
‘નવું નવું નવું જ તો અરર ! કેટલું ક્યાં લગી?’
ભલે, અબ ન થોભશે; તું નવમુગ્ધ ઊડ્યાં જશે,
પરંતુ તુજ શી ગતિ યદિ નવું ય જૂનું થશે ?

ઉપેન્દ્ર પંડ્યા

નિઃશ્વાસ

તૂટી પાળો હૈયાંતણી, નયનના સાગર છલી
થયા ખાલી વ્હેતાં. ત્યહીં નવ રહ્યું મૌક્તિક સમું
હવે બિન્દુ એકે જરિ ભીંજવવાને નયનને.
વ્યથાથી કિંતુ જે જળ જળી બની બાષ્પ, હજી યે
રહી હૈયું રૂંધી. અવ વહી રહી તે મુખથકી.

હૈદર જીવાણી

જિવતર કલા

બધું સ્હેવું, છતાં વ્હેવું
એવી છે આ જિવરતકલા, ખડ્ગની ધાર રહેવું

રામપ્રસાદ શુક્લ

પટ

[રવીન્દ્રનાથ ઠાકુર]

જે શહેરમાં અભિરામ દેવદેવીના પટ ચીતરે છે ત્યાં કોઇની સાથે તેને પહેલાંનું ઓળખાણ નથી. સૌ જાણે છે કે એ પરદેશી છે, ને પટ ચીતરવાનો એનો કાયમનો ધંધો છે.

તેને મનમાં થાય છે: ‘પૈસાદાર હતો, પૈસા ચાલ્યા ગયા; સારૂં થયું. દિવસ ને રાત દેવતાના રૂપનો વિચાર કરૂં છું, દેવતાના પ્રસાદથી ખાઉં છું, ને ઘેરઘેર દેવતાની સ્થાપના કરૂં છું. મારૂં આ માન કોઈ ખૂંચવી શકે એમ છે?’

એવામાં દેશનો પ્રધાન મરી ગયો. રાજા પરદેશથી એક નવા પ્રધાનને આદર સહિત લાવ્યા. એથી કરીને તે દિવસે શહેરમાં ખૂબ ધામધૂમ હતી. કેવળ અભિરામની પીંછી તે દિવસે ન ચાલી.

નવો પ્રધાન, એ તો ક્યાંકથી મળી આવેલો છોકરો હતો, જેને અભિરામના બાપે ઉછેર્યો હતો અને જેના ઉપર પોતાના પુત્ર કરતાં યે વધારે વિશ્વાસ રાખ્યો હતો. એ વિશ્વાસ જ ગણેશિયું નીવડ્યો. તે વડે તેણે ડોસાનું બધું ય ચોરી લીધું. એ જ હવે પ્રધાન થઇને આવ્યો.

જે ઓરડામાં અભિરામ પટ ચીતરતો ત્યાં જ તેના ઠાકોરજીનું સ્થાનક હતું. ત્યાં જઈ હાથ જોડીને તે બોલ્યો, ‘આટલા વખત સુધી રેખા યે રેખામાં ને રંગે રંગમાં હું તારૂં સ્મરણ કરતો તે શું આટલા માટે ? આટલે દિવસે વરદાનમાં શું આ અપમાન આપ્યું ?’

એવામાં રથના મેળા ભરાયા.

તે દિવસે કેટલાય દેશના કેટલાય લોકો તેના પટ ખરીદવા આવ્યા. એ જ ભીડની વચમાં એક છોકરો આવ્યો. તેની આગળ અને પાછળ રસાલો હતો. તે એક પટ પસંદ કરીને બોલ્યો: ‘મારે આ લેવો છે’

અભિરામે તેના નોકરને પૂછી જોયું: ‘આ છોકરો કોણ છે?’

[અનુસંધાન પૃ. ૧૬૩ ઉપર]

સામયિક ચિંતન

ઘરમાં અને શાળામાં કલાપ્રવૃત્તિ

ટીપાય તો મૃણ્મય ઘાટ થૈ શકે,
કદાય તો વૃક્ષ બીનું બની શકે,
સુકાય તો બિંદુ નભે ચડી શકે
સમર્પણે માનવી દેવ થૈ શકે ?

રમણલાલ સોની

જેઓ કલાના અભ્યાસી છે, કલાના શિક્ષકો અગર વિદ્યાર્થીઓ છે, તેઓ તો હમેશાં કલાની એક સાચી સૃષ્ટિનો આનંદ ભોગવી જ રહ્યા હોય છે. તેમની આસપાસના સર્વે પ્રકારના વ્યવહારોમાં, આચારોમાં, વિચારોમાં અને વાસનામાં સુદ્ધાં કલાવૃત્તિની અસર પ્રકટ થયા વિના રહેતી નથી, અને તેની છાપ બધા જોઇ શકે છે.

કોઈ એક ઉત્સવ-પ્રસંગ હ્યો. દિવસે ઊઠતાંવેંત સ્વાભાવિકરીતે જ 'આજે કયાં કપડાં પહેરીશું' એ વિચાર આવી જશે. ભલેને એ જ કપડાં અગર થોડીસરખી શોભન કે શૃંગારસામગ્રી હશે, પણ તેનો ઉપયોગ કરવામાં કલાભિરૂચિનો ખપ પડવાનો જ. કયા રંગનો મેળ ખાશે, કઈ ચીજો પરસ્પર ભળશે, સરસ પસંદગી કઈ ગણાશે વગેરેનો વિચાર કરવાની તક ત્યાં મળે છે. આમ, પોતાના પોશાક ઉપર ધ્યાન આપવાની માણસને જીવનમાં ખાસ જરૂર ઊભી થાય છે એ વાત જો સ્વીકારીએ તો, તેને માટે બાળકની અભિરૂચિ ઘડવામાં શાળામાં કોઇએ કદિ પદ્ધતિસર યોજના દાખલ કરી છે કે નહિ એ જોવાનું રહે છે. ભાગ્યે જ કોઈ સંસ્થાએ આનો વિચાર સરખો પણ કર્યો હશે.

આપણું ઘર આપણી માલિકીનું હોય કે ભાડે રાખેલું હોય, પણ તેમાં કલાવૃત્તિ વિકસાવવાનો અપાર અવકાશ છે. આપણા ઘર ઉપર આપણા જીવનની પ્રત્યક્ષ છાપ પડે છે. જો ત્યાં રંગનો અભાવ હશે, તો તે આપણને રંગનો શોખ નહિ હોય તે માટે જ. જો એમાં સામાન જેમતેમ ખડકી દીધેલો કે આડોઅવળો ઠાંસેલો યા હેતુરહિત વેરણછેરણ પડેલો દેખાય, તો કહી શકાય કે વ્યવસ્થા કે ગોઠવણ માટે આપણને જરા યે કાળજી નથી, કાં તો તેનો વિચાર જ આપણામાં નથી, કાં તો આપણે કંટાળેલા માણસો છીએ. આપણી વાણી કે પોશાક કરતાં યે આપણું વ્યકિતપ્રદર્શન વધુ તો આપણાં ઘરમાં થાય છે. આપણા વિચાર અને રહેણી તેથી પ્રકટ થાય છે, એટલું જ નહિ પણ આપણા ભાવિના વિકાસ અને ઘડતરમાં યે તેની સબળ છાપ ઊતરે છે. માનો કે ન માનો, પણ નિવાસની અસર આપણા માનસ પરથી જતી જ નથી. માનસ પરીક્ષાથી અને આપણા રોજના અનુભવો પરથી જણાયું છે કે રંગ અને આકારો આપણા પર સચોટ અસર નાખે છે અને કળાનો અભ્યાસી તો તે તરફ ભાગ્યે જ બેપરવા રહી શકે.

હવે શાળાનું મકાન જુઓ. જોતાં જ મનમાં શું થાય છે? કોઇ સાદું રૂડું ઊભું કર્યું હોય એમ લાગે છે? ઓરડાઓ પ્રસન્નતા ઉપજાવે છે? નોટીસ-બૉર્ડથી જ શરૂ કરો ને? તે કેવું છે? સુઘડરીતે ગોઠવાએલું છે, કે ઊપટી ગએલા ને તરડી ગએલા રંગવાળા ખરબચડા પાટિયા પર છેડા વળેલા ને વાંકાચૂકા કાગળિયા ત્યાં ઊડે છે? ઉત્સાહપૂર્વક જોઇએ એવાં ચિત્રો શાળામાં છે? કે જૂનાં, કોકડાં વળી ગએલાં ને કાળા નકશા જેવાં, ન સમજાય તેવાં ચિત્રોનાં ચાડાં ત્યાં ચોડયાં છે? કે પછી સાવ ચીતળના પાદર જેવી સફાચટ ભીંતો પર જાળાં બાઝેલાં છે? વર્ગના ઓરડાની ભીંતો પ્રકાશમાન રંગોવાળી છે કે મેલા ચૉકલેટ યા સ્લેટ રંગનો કૂચડો ત્યાં મારેલો છે? કલાના આયોજનથી ઉત્સાહ કે વિચારપૂર્વક કાંઇકે કરવાનો ત્યાં પ્રયત્ન થયો છે ખરો? શાળાનું આંગણું કેવુંછે? કૉમ્પાઉન્ડમાં ક્યાં યે કાંઈ દૃશ્યરચના કરી છે? વિદ્યાર્થીઓ કે શિક્ષકોએ કાંઈ ફૂલઝાડ ઉગાડવાનો યે પ્રયત્ન કર્યો છે?

શાળા અને ઘર એ સમાજનાં જ અંગો છે. નગરમાં મોટા બગીચાઓ, વૃક્ષઘટાવાળા માર્ગો, જાહેર મકાનો આદિ ઉપર કળાનો અધિકાર સ્વીકારાયો છે; પણ પોતાનાં ઘર અને શાળાને જ જે ન સંભાળી શકતા હોય તે શહેરીઓ નગરમાં શું ઉકાળવાના હતા?

જીવનમાં ઘડીએ ને પળે આપણે બજારની કે કારખાનાની બનેલી ચીજો વાપરીએ છીએ. દુકાનોમાં પણ રોજિંદા વપરાશની અનેકવિધ તરાહો તથા રૂપરંગવાળી સંખ્યાબંધ ચીજો ખડકાએલી જોઈએ છીએ. ઑફિસોમાં, શાળાઓમાં, દુકાનોમાં કે કોઈને ઘેર ફર્નિચરો પણ સારાં કે કદરૂપાં જોયા કરીએ છીએ. કોઈના ઉપર નાટકિયા નકશી, તો કોઇ પર સાદી કોતરણી હોય છે. આ બધાંમાં સારૂં-ખોટું, લાયક-નાલાયક, શોભીતું કે બેહૂદું શું છે તેનો ખ્યાલ શિક્ષકો ને વિદ્યાર્થીઓ કરી શકતા હોય તો તેમના જીવનમાં ખરેખરી કલાવૃત્તિ વિકસી રહી છે એમ કહી શકાય.

આ વૃત્તિ જો પ્રજામાં સચેત હોય તો તે દ્વારા પ્રતીત થતી કલાસૃષ્ટિ જીવંત બને છે. એ વૃત્તિએ જ પ્રાચીન ઈજિપ્સની જાહોજલાલી સરજી, એમાંથી જ અજંતા ને ઇલોરા પ્રકટયાં, મુઘલ સમૃદ્ધિનો કલામાં અવતાર થયો, તાજમહેલ અને રજપૂતોના રાજમહેલ બન્યા, આગ્રા અને કાશી જેવી રૂપસુંદર નગરીઓ સરજાઈ. ગ્રીસ અને રોમ. વેનીસ ફ્લૉરેન્સ અને પારીસ પ્રકટ્યાં તે પણ એ સમયના શહેરીજનોની કલાવૃત્તિમાંથી જ સરજાયાં છે અને એ વસ્તુઓ પર એ વૃત્તિની અચૂક છાપ મૂકી ગયાં છે.

આજનાં કલાસ્વરૂપો આજની તરુણ પ્રજા પર એ જ પ્રમાણે જીવંત અસર કરી રહ્યાં છે. આજની પ્રજાની રહેણી પ્રમાણે જ તેની ભાત સરજાય છે ને આવતી પ્રજાના જીવનમાં પોતાનો પ્રભાવ પાડે છે. આ કાંઈ કપોળકલ્પના કે અદ્ધરિયા માન્યતાની વસ્તુ નથી, પણ સગી આંખે દેખાતાં ઈંટ, પત્થર, લાકડકામ, રંગકામ, વસ્ત્રો, વાસણો આદિમાં તેનાં પ્રતિબિંબ ખરેખરાં પ્રકટ થઈ રહ્યાં છે, અને તે આપણા જ યુગની નિશાનીઓ છે.

પણ તો પછી વ્યક્તિગત સર્જન અને આવિષ્કરણનું શું? તેની તો આપણે હજી વાત જ નથી કરી. ઉપર વર્ણવેલી, જીવનના ક્ષેત્રને વ્યાપી રહેલી કલાપ્રવૃત્તિઓમાં એ સર્જક શક્તિઓને પોતાની લીલા બતાવવાના પુષ્કળ પ્રસંગો મળે એમ છે. વળી, નવી પસંદગી, નવતર વસ્તુઓની ચૂંટણી, અભિનવ રંગયોજના અને ચીજોની યોગ્યાયોગ્યતાનો નિરનિરાળો ખ્યાલ જે દરેક જણ પોતાની રીતે કરે છે તે પણ એક પ્રકારની વ્યક્તિગત સર્જકતા જ છે; અને આવી તક જીવનમાં સૌને મળે છે. માણસ જાતે જ કામ કરે તે સર્જન, અને બીજી રીતે સર્જન ન જ થાય, એ માન્યતા ખોટી છે. ડ્રૉઇંગ અને પેઇન્ટિંગ કરે તેમનો જ સર્જનકાર્યનો ઈજારો નથી. ખરેખરા વ્યવહારના પ્રશ્નોમાં પણ ઘણી યે વાર કલાની યોગ્યાયોગ્યતા વિચારવાની આવે છે અને તે વખતે માણસની વૃત્તિની પરીક્ષા થાય છે.

આપણા રોજિંદા જીવનમાં જ કલાભિરૂચિ દર્શાવવાના એટલા બધા પ્રસંગો આપણને મળે છે કે જ્યારે શિક્ષકો અને શાળાગુરુઓ સાધનો તથા સામાનની તંગી આગળ ધરી તે તરફના દુર્લક્ષનું બહાનું બતાવ્યા કરે છે ત્યારે નવાઇ અને ખેદ જ થાય છે. આપણે

માત્ર પુસ્તકિયા સિદ્ધાંતો ચર્ચીએ છીએ અને વ્યવહારની સત્ય સૃષ્ટિને ઉવેખીએ છીએ. પ્રાચીન કાળમાં અને મધ્યયુગમાં, જીવનમાં સુંદરતા પ્રકટાવવાની અને કલાવૃત્તિ પોષવાની માણસોને ખૂબ તકો હતી અને આજે નથી, એવું કહીને આપણે નાહક આપણાં જીવનને મંદ, ઉત્સાહશૂન્ય અને ફિક્કાં બનાવીએ છીએ અને પ્રજામાં રહેલી સ્વાભાવિક ઊર્મિની ધબકને કચડી નાખીએ છીએ.

ઊગતી પ્રજામાં એ ઊર્મિની ધબક સવિશેષ તાજી હોય છે. એ વખતે ઘરમાં અને શાળામાં તેમને માટે સર્જેલાં વાતાવરણ, તેમનામાં ઉતારેલી સમજ, તેમને આપેલી તકો અને તાલીમ એમના સમસ્ત જીવન અને માનસમાં અમાપ મૂલ્યવૃદ્ધિ કરી દેશે. કલાશિક્ષા માત્ર પાઠ્ય પૂરતી કાગળનાં પાનાંઓ પર જ પર્યાપ્ત નથી; ખુદ જીવનમાં તેની સત્યતા પ્રતીત કરાવવી જોઈએ અને તેમાં જ તેની સાચી સાર્થકતા છે.

(ડૉ. રે ફૉકનેરના લેખ પરથી) **ર. મ. રા.**

વિક્રમ દ્વિસહસ્રાબ્દિ

૧૯૯૯નું આ સંવત પૂરૂં થતાં ૨૦૦૦મું સંવત બેસશે અને તેની સાથે વિક્રમના નામથી અંકિત આ સંવતગણનામાં બે હજાર વર્ષ પૂરાં થયાનો આંક મંડાશે, એ પ્રસંગ ઐતિહાસિક મહત્ત્વનો ગણાશે. વિક્રમ સંવત, એ ઉજ્જયિનીના પરાક્રમી ને લોકપ્રસિદ્ધ નરાધીપ વિક્રમાદિત્યનું અમર સ્મારક છે. 'પરદુઃખભંજન'નું બિરુદ પામેલા એ નરેન્દ્ર મહારાજા વિક્રમાદિત્યની અનેક લોકકથાઓ પ્રચલિત છે જેમાંની મુખ્ય સિંહાસન-કથાઓ છે તે પરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે તેણે લોકોનાં અનેક પ્રકારનાં દુઃખો દૂર કરી સુખ અને સંરક્ષણ તથા આબાદી અને સમૃદ્ધિનો યુગ સ્થાપ્યો હશે. ઇતિહાસશોધકો હજુ તેના નામ સાથે સાચી વિગતોની કડીઓ સાંકળી શક્યા નથી, પરંતુ જેનું નામ આજ બે હજાર વર્ષથી લોકહૃદયમાં આટલું ઘર કરી બેઠું છે એ સંવત્સરનો સ્થાપક જરૂર કોઈ સ્મરણીય નરપુંગવ હશે; અને તેથી જ એ સંવતના ૨૦૦૦મા વર્ષની સમાપ્તિ પ્રસંગે પ્રજા પોતાની કૃતજ્ઞતાનો કોઇ સાંસ્કારિક પુરાવો અંકિત કરે તો તે ઘટિત જ ગણાશે.

ગ્વાલિયર નરેશ મહારાજા સિંધિયાએ ઉજ્જયિનીમાં એ પ્રસંગે એક મહોત્સવ કરવાની આજ્ઞા બહાર પાડી છે, અને તે માટે રાજ્ય તરફથી એક લાખ રૂપિયાનો ખર્ચ મંજૂર કર્યો છે. સમ્રાટ વિક્રમાદિત્યની અવન્તી નગરીમાં વિક્રમનગરનું નિર્માણ થશે, ને તેમાં ભારત-

આવતો અંક

એક નવા જ ત્રિરંગી ચિત્ર તથા બીજી આકર્ષક ચિત્રસામગ્રી, તેમજ વૈવિધ્યભરી સંગીન ને રસદાયક વાચનસામગ્રી સાથે, મોટા રૂપમાં

ઑગસ્ટ-સપ્ટેમ્બરના
સંયુક્ત અંક તરીકે

દીવાળીએ બહાર પડશે

વિશ્રુત કલાકારોનો સહકાર મળશે. વિક્રમ-મહોત્સવની સાથે એક વિક્રમ-વિજય-સ્તંભની સ્થાપના થશે ને તે પ્રસંગે પ્રાચ્ય-વિદ્યા સંમેલન, સંગીત સંમેલન, સર્વધર્મ સંમેલન અને પુરાતત્ત્વ, કલા, ઉદ્યોગ વગેરેનું એક પ્રદર્શન થશે. વળી ત્યાં શ્રીમંત મહારાજ માધવરાવ સિંધિયાની પ્રતિમા મૂકાશે. એક વિક્રમ-કીર્તિમંદિરની સ્થાપના થશે, તેમજ એક સંસ્કૃત લાયબ્રેરી, પુરાતત્ત્વ સંગ્રહાલય તેમજ ઉજ્જયિનીના પ્રાચીન અવશેષોનો ખાસ સંગ્રહ કરવાનું પણ જાહેર થયું છે. આ ઉપરાંત વિક્રમ-સિંધિયા મિશ્ર વિદ્યાલયની પણ વિચારણા ચાલી રહી છે. એ વિદ્યાલય રાષ્ટ્રભાષા હિંદીનું એકમાત્ર પ્રથમ વિદ્યાલય ગણાશે. આ સાંસ્કૃતિક પ્રસંગ માટે ભારતના ધનકુબેરો શેઠ બિરલા, સર હુકમીચંદ, શેઠ માણેકચંદ આદિએ નાદરરકમો આપી છે.

ને માત્ર ઉજ્જયિનીમાં જ નહિ પણ દેશમાં સર્વત્ર આ સંવત્સરાબ્દિ ઊજવવાની તૈયારીઓ કરવાની ઊત્કંઠા વ્યાપી રહી છે. મુંબાઈમાં કેટલીક સમિતિ અને સંસ્થાઓએ તેને માટે યોજના અને દ્રવ્યસંચય કરવા માંડયાં છે. એ ભારતીય વીરનો આ સ્મારકપ્રસંગ જરૂર ચિરસ્મરણીય બનશે. —ર.

'સંસ્કૃતિ ચન્દ્રકો'

● ભારતીય સંસ્કૃતિ વિષયક સાહિત્ય કે કલાના ક્ષેત્રમાં થતા ઉત્કૃષ્ટ સર્જનને વર્ષોવર્ષ સુવર્ણચંદ્રક આપવાની પ્રથા મુંબઈના ભારતીય વિદ્યાભવને શરૂ કરી છે. તેની શરૂઆત આ વર્ષે 'રામરાજ્ય'ના બોલપટમાં તત્કાલીન સંસ્કૃતિના વાતાવરણની ભવ્યતા ઉતારવાનો સફળ પ્રયત્ન કરવા માટે 'પ્રકાશ પિક્ચર્સ'ના જાણીતા દિગ્દર્શક શ્રી વિજય ભટ્ટ તથા એ બોલપટના કલાનિયોજક શ્રી કનુ દેસાઈને આપીને કરવામાં આવી છે. 'નરસી-ભગત' અને 'ભરત-મિલાપ'નાં ચિત્રોમાં દર્શાવેલી પોતાની શક્તિઓથી ખ્યાતનામા થએલા એ બંને કલાકારોનું 'ભારતીય વિદ્યાભવન' જેવી સંસ્થાને હાથે આવું ઉચિત બહુમાન થવા માટે અમારૂં એમને અભિનંદન છે.

પટ . . . . (અનુસંધાન પૃ. ૧૬૧થી)

'આપણા પ્રધાનનો એકનો એક દીકરો.'

અભિરામે તે પટ ઉપર કપડું ઢાંકીને કહ્યુંઃ 'મારે એ વેચવો નથી.'

એ સાંભળીને છોકરાની જિદ્દ વધી ગઈ. ઘેર આવીને તે તો ખાતો નથી પીતો નથી, અને મોં ચડાવેલું રાખે છે.

મંત્રીએ અભિરામને થેલી ભરીને મહોરો મોકલાવી. મહોરો ભરેલી થેલી મંત્રી પાસે પાછી આવી. મંત્રી મનમાંમનમાં બોલ્યાઃ 'આટલું બધું અભિમાન !'

જેમજેમ અભિરામની કનડગત થવા લાગી તેમતેમ તે કહેવા લાગ્યો, 'આ જ મારી જીત છે.'

૩

દરરોજ સવારમાં સૌ પહેલાં અભિરામ ઈષ્ટદેવની એક છબિ દોરે છે. આ જ તેની પૂજા; બીજી કોઇ પૂજા તે જાણતો નથી.

એક દિવસે જુએ છે તો ચિત્ર બરાબર મનગમતું થયું નથી. કૈંક જાણે બદલાઇ ગયું છે. કેમે કર્યું તેને ગમતું નથી. આથી જાણે તેને મનમાં ને મનમાં મરવા જેવું થાય છે.

દિવસે દિવસે એ સૂક્ષ્મ ફેર સ્થૂલ થવા લાગ્યો. એક દિવસ અચાનક ચમકી ઊઠીને એ બોલ્યોઃ 'હં, સમજ્યો.'

આજ તેને સ્પષ્ટ લાગ્યું કે દિવસે દિવસે તેના દેવતાનું મુખ મંત્રીના મોં જેવું થતું જાય છે! તરત તે જમીન પર ફેંકીને એ બોલ્યોઃ 'મંત્રીની જ જીત થઇ.'

તે દિવસે જ પ્રધાન પાસે પટ લઈ જઇને અભિરામે કહ્યું, 'આ લો પેલો પટ; તમારા છોકરાને આપજો.'

પ્રધાને પૂછયું, 'કિંમત શું ?'

અભિરામે કહ્યું, 'મારા દેવતાનું ધ્યાન તમે ખૂંચવી લીધું હતું. આ પટ દઇને તે ધ્યાન પાછું લેવા માગું છું.'

પ્રધાન કૈં પણ સમજી શક્યો નહિ.

વિનોદ કોઠારી

(રવિબાબુના બંગાળી પુસ્તક 'લિપિકા'માંથી)

ભેદી ગોળીબાર

★ ૨૩મી ઑક્ટોબર ૧૯૩૨ની રાત્રે એક ખાનગી ઘરમાં એક ભેદી ગોળીબાર થાય છે, ને ઘરધણી ઘાયલ થાય છે. એ ગોળી કોણે છોડી તે કોઈ જાણતું નથી, કોઈ કળી શકતું નથી. પોલીસ તેની શોધ કરે છે, અને અંતે એક વિચક્ષણ ઈન્સ્પેક્ટર અજબ તર્ક અને વિજ્ઞાનની મદદથી આ ગુનાહિત બનાવનો અકલ્પ્ય જ એવો ઉકેલ શોધી કાઢે છે.

૧-અચાનક ગોળી ફૂટી

ત્રેવીસમી ઑક્ટોબર ૧૯૩૨ની રાત્રે 'ધ નૂક' નામના પોતાના બંગલાના દીવાનખાનામાં હેન્રી વેસ્ટમેકૉટ ભીંત-સગડી (હાર્થ) પાસે બેસીને તાપતો હતો, એવામાં ઓચિંતી એક બંદૂકની ગોળી ફૂટીને એના જમણા ખભામાં વાગી. સમય ૮-૪૭ નો હતો, અને એ ધ્યાનમાં રાખવો બહુ જરૂરી છે; કેમકે ગોળી જે સમયે બંદૂકમાંથી ફોડવામાં આવી અને વેસ્ટમેકૉટને જે સમયે તે વાગી તે બેની વચ્ચે કાંઈ ઓર પ્રકારનો સંબંધ છે. વળી, એ ચોક્કસ સમયની નોંધ રાખવાનું અનાયાસે એમ સુલભ બન્યું, કે વેસ્ટમેકૉટે રાત્રિના સમયનો સ્થાનિક વાયુ-આલાપ પોતાના રેડિયોમાં સાંભળવાને તરત જ મશીન ચાલુ કર્યું હતું. તે સમયે નિત્યક્રમમાં સહેજ ઢીલ થએલી હોવાથી આલાપકાર ક્ષમાયાચના કરતાં, 'અત્યારે ૮-૪૭નો સમય થયો છે અને અમે આ ઢીલને માટે આપની માફી માગી આજના કાર્યક્રમમાં સીધે સીધા ગાયન ....' એ પ્રમાણે હજી તો પ્રસ્તાવ કરી રહ્યો હતો, ત્યાં એકદમ ગોળી વાગી અને તે તેના ખભામાંથી સોંસરી બહાર નીકળી, સામે ટેબલ પર મૂકેલા રેડિયો મશીનમાં પેઠી ને તેને ચૂપ કરી દીધું.

મિસિસ વેસ્ટમેકૉટનો આખો દિવસ આજ ચિંતામાં વીત્યો હતો, કારણકે તેમના બાળક પુત્ર બ્રાયનને આજ સહેજ તાવ આવ્યો હતો. વાળુનું અને કૉફીનું કામ પતાવી દઈને તરત જ ઉપર તે બ્રાયનના ઓરડામાં ખબર કાઢવા ગઈ. જોયું તો તાવ ઊતરી ગયો હતો અને તે નિરાંતે ઊંઘતો હતો. ચહેરાના સહેજ તકતકાટ અને વાળની ભીનાશ સિવાય તાવ આવી ગયાનું કોઇ ચિહ્ન માલૂમ પડતું ન હતું.

પામેલા વેસ્ટમેકૉટે તેના ચૂંથાઈ ગએલાં કપડાં અને પથારીનાં પાથરણાં સમાં કર્યાં અને ખિન્ન મને સ્મિત કર્યું. પછી મનથી વિચાર્યું, 'નીચે જઇને એમને (પતિને) આ શુભ સમાચાર આપું એટલે એમને પણ આનંદ થાય.' પણ હજી આમ તે વિચાર કરે છે એટલામાં તો ગોળી ફૂટવાનો અવાજ અને મોટા ઉદ્‌ગાર સાથે સગડીની જાળી પર ગબડીને પડવાનો અવાજ સાથેલાગા તેના સાંભળવામાં આવ્યા. સાથેસાથે રસોડામાં ચીની વાસણ ફૂટીને ભુક્કા થયાનો અવાજ અને રેડિયોમાં શરૂ થતા ગાયનના આલાપનો ઝાટકા સાથે અટકી પડ્યાનો અવાજ પણ એના કાન ઝીણવટથી પારખી શક્યા.

સફાળી તે દોડતી નીસરણી ઊતરીને નીચે ગઈ; ને રસોડામાંથી વાસણ ધોતી નોકરડી પણ પોતાનું કામ પડતું મૂકીને દોડતી આવતી હતી તેની સાથે તે ભટકાઇ. નોકરડી બોલી, 'શું થયું, બાઇ સાહેબ? શું શેઠે બંદૂકની ગોળી ખાધી?' પામેલાએ તેને આગળ બોલતી વારીને ત્યાં જ અટકાવી અને પોતે તપાસ કરવા એકલી દીવાનખાનામાં ગઈ.

ત્યાં તેણે જમીન પર પડેલા પોતાના પતિને મહા મુશ્કેલીએ ઊઠવાનો પ્રયત્ન કરતો અને આસ્તેથી જમણો ખભો પંપાળતો જોયો. એના ફિક્કા ચહેરા પરથી આંસુ ગરતાં હતાં, એની આંખો ઊંડી પેસી ગઈ હતી અને એના દાંત કકડતા હતા.

જમીન પર તેની પાસે ઘૂંટણીએ પડીને રડતી તે બોલી, "હેન્રી, વ્હાલા, શું થયું?' અને પછી તેના ખભાનો ભાગ લોહીથી ભીંજાએલો જોવામાં આવતાં તેણે નોકરડીને બૂમ પાડીને કહ્યું, 'બિદ્દી! ડૉ. સ્મિધર્સને અને પોલીસને ફોન કરીને બોલાવ, જલદી બોલાવ. શેઠ ઘવાયા છે; એમને બંદૂકની ગોળી વાગી છે.'

થોડી વારમાં ડૉક્ટર ને બે પોલીસ આવી પહોંચ્યા. પામેલાએ પ્રાથમિક સારવારના પોતાના જ્ઞાન અનુસાર લોહી બંધ કરીને વાગેલા સ્થળેથી પહેરણ કાપી કાઢ્યું હતું અને ઘવાએલા હાથને સુંવાળા રૂ અને કપડાની ગાદીવાળી ઝોળીમાં રખાવી તેને પથારીમાં સુવાડ્યો હતો. અતિશય દુઃખ થતું હોવા છતાં તે ચેતનમાં હતો અને હવે સ્વસ્થ બન્યો હતો.

ડૉ. સ્મિધર્સે દુઃખ શમન કરનારૂં ઈન્જેક્શન આપ્યું અને પછી સંતોષના ભાવ સાથે કહ્યું, 'વાહ, કેવી સમયસૂચકતા વાપરી તમે! તમારા જેવાં થોડાં મનુષ્યો આ દુનિયામાં હોત તો અમારૂં કામ કેટલું સરળ થાત?' પછી પામેલાની પૃચ્છાના ઉત્તરમાં બોલ્યા, 'શું કહ્યું વારૂ? ઘા ભયંકર છે એમ પૂછ્યું? ના, રે ના; માત્ર ખભા આગળની હાંસડી ઘવાઇને ભાંગી ગઈ છે અને હાડકાની એક કરચ જરા નીકળી પડી છે, એટલું જ. તેમાં લેશમાત્ર ગભરાવાનું કારણ નથી. મારી સંભાળ નીચે તે હમણાં છો રહ્યા; અને તમે હવે પેલા પોલીસો બહુ અધીરા બની ગયા હશે તેમનું કુતૂહલ શાંત કરો. પણ તેઓ લગારે ઘોંઘાટ ન કરે એવી સૂચના તેમને આપજો.'

૨-પોલીસ

પોલીસને મળતાં પહેલાં તે પોતાના પુત્ર બ્રાયનની ખબર કાઢવા ગઇ. આટલા બધા ઘોંઘાટમાં પણ એની નિદ્રામાં ભંગ પડ્યો ન હતો. રમવાનો બાબો છાતી પર મૂકી તે નિરાંતે ઊંઘતો હતો. તેના વાળ હવે સુકાઇને કકરા બન્યા હતા.

પોલીસો ખરેખર અધીરા બની ગયા હતા. તેમની ઉલટ તપાસમાં બિચારી નોકરડી અટવાઈ ગઇ હતી પ્રથમ તો તે ખૂબ ગુસ્સે ગઈ; પણ પછી તો ઉત્તર આપવામાં 'હું કાંઇ જાણતી નથી' એ જ નન્નો ભણ્યા કર્યો. પછી તે રસોડામાં પોતાનું કામ કરવા ગઈ.

મિસિસ વેસ્ટમેકૉટ પોલીસને બહુ સખ્ત અને ઠંડી પ્રકૃતિની બાઈ લાગી. તેણે પોતે જે જાણતી હતી તે બધું સ્પષ્ટતાથી કહ્યું.

'તમે નીસરણી ઊતર્યાં ત્યારે આ ઓરડામાંથી કોઇ નીકળ્યું ન હતું તેની તમને ખાત્રી છે? તમારી જાણ બહાર આગલે બારણેથી કોઈ જ છટકી ગયું નહિ હોય એમ તમે ચોક્કસપણે કહી શકો છો?'

'કેટલી વખત જણાવું કે મારી ખાતરી છે? કોણ છટકીને જઇ શકે એમ છે?' તેણે ઉત્તર આપ્યો.

'જેણે બંદૂક મારી તે, બીજું કોણ?' ઈન્સ્પેક્ટર ઑમ્સ્બીએ

કહ્યું; 'કોઇ જાતનું હથિયાર હાથ આવતું નથી. બારીઓ સજ્જડ બંધ કરેલી છે. બગીચામાંથી તમારા પતિ પર કોઈએ ગોળી છોડી હોય એમ લાગતું નથી, તેમજ તેમણે પોતે પણ જાતે આપઘાત માટે ગોળી ખાધી નથી એય ચોક્કસ છે.' એમ કહીને તેણે ગોળી વાગેલા વાયરલેસ મશીન તરફ જોઈ માથું ધુણાવ્યું, અને પછી ઉમેર્યું, 'તેને ગોળી વાગ્યાનું સ્થળ અને ત્યાર પછી જે દિશામાં ગોળી ગઈ તે પરથી ચોક્કસ થાય છે કે કોઇ બીજાએ જ તેના પર ગોળીબાર કર્યો છે. તો પછી તે કરનાર કોણ હોવું જોઇએ?'

મુફતી ધારણ કરેલો બીજો પોલીસ અમલદાર રેડિયોસેટમાં સાત પડવાળા લક્કડકામની તક્તીમાં અર્ધે સુધી પેઠેલી ગોળીની નોંધ લેતો હતો. ગોળી એક વાલ્વ પર લાગી હતી અને તેનાથી તેના તંતુઓનો ભૂક્કો થયાથી તેના સ્વર પકડવાના ગુણનો નાશ થયો હતો.

તેણે પાછળ ફરીને વાતમાં ભાગ લેવા માંડ્યો. તેની ઢબ પેલા કરતાં જરા કડક અને તોછડી હતી.

'તમે કહ્યું કે રાત પડ્યાથી આગળનું બારણું તાળાની કળ ફેરવી બંધ કરવામાં આવ્યું હતું; તમારે કે તમારા પતિને બહાર જવાનું ન હતું અને કોઈના આવવાની તમારે રાહ જોવાની ન હતી; એટલે તાળું ને આગળા સૌ ચોક્કસ કરીને દેવામાં આવ્યાં હતાં.'

'હા, પણ કળનું તાળું વાસવામાં આવ્યું ન હતું; તેનો આગળો બરોબર વાસ્યો હતો. નાની પિત્તળની આગળી યે બંધ કરેલી હતી.'

'ત્યારે અમને ઘરમાં દાખલ કરવાને તમારે તે બંને ઉઘાડવાં પડ્યાં હતાં, નહિ વારુ?'

'હા; મારે કેટલી વાર કહેવું કે મારે તે ઉઘાડવાં પડ્યાં હતાં?'

'તમારી નોકરડીએ કેમ ન ઉઘાડ્યાં અને તમે શા માટે ઉઘાડ્યાં? તે ઉઘાડે એ વધારે યોગ્ય ન હતું?'

'હું ઉઘાડું એમાં ખોટું શું છે? અને તે યે આવા સમયે? ખરું પુછાવો તો બિહી બીચારી તદ્દન ગભરાઈ ગઈ હતી.' તેણે કાંઈક ગુસ્સે થતાં કહ્યું, 'હું મારા પોતાનાં કમાડ ઉઘાડું એમાં વાંધો શો એ જ મને તો નથી સમજાતું.'

તે પોલીસે તિરસ્કારદર્શક સિસકારો કર્યો. પોતાની નોટબુક આઘી મૂકી તે આગળ આવ્યો ને કહ્યું, 'એમાં ગુસ્સે થવાનું કાંઈ કારણ નથી. તમને યાદ તો હશે કે તમે એવું જણાવ્યું છે કે તમે નીસરણી પરથી ધડબડ ધડબડ દોડતાં આવ્યાં અને નોકરડી સાથે અથડાયાં, અને તે એ વખતે જ રસોડામાંથી દોડતી આવી હતી, ખરું ને?'

'હા, બરોબર છે. ગોળી વાગી તે વખતે બિહીના હાથમાંથી જાણ્યામાં ચલાણું પડી ગયું મેં હજી તપાસ કરી નથી કે તે શું હતું—' તેણે ઠંડા ધીરા અવાજે કહ્યું, કેમકે હવે એને ખાત્રી થઇ હતી કે તે એની વાત સાચી માનતો ન હતો. 'પછી તે દોડતી અહીં આવી ને અમે બે દીવાનખાના આગળ હાંફળાંફાંફળાં ભેગાં થઇ અથડાયાં.'

'ઘરમાંથી કોઈ બહાર ગયું નથી;' તે બડબડતો હોય એમ ધીમેથી બોલ્યો, 'વળી તમારા કહેવા પ્રમાણે કોઇ તમારી સામેથી ઉપર ગયું નથી; તેમજ કોઇ રસોડાના માર્ગે અહીંથી અવળું ફરીને જમવાના ઓરડામાં અથવા નીસરણી નીચેના કબાટમાં ગયું લાગતું નથી.' પછી સહેજ સ્મિત કરી ઉમેર્યું, 'અને કોઈપણ પ્રકારનું હથિયાર હાથ આવતું નથી. ઈન્સ્પેકટર, તમે અહીં તપાસ આગળ ચલાવો, કેમકે મને લાગે છે કે મારે પેલી નિમકહલાલ નોકરડી સાથે થોડી વાતચીત કરવી પડશે. એ બહુ શાણી ને ભલી લાગે છે!'

આ વચનથી પામેલાને જાણે સર્પ ડંખ્યો હોય એવો આઘાત થયો ને તેનો ચહેરો તકતક્યો. પછી તે તરત ફિક્કી પડી ગઈ. મૂર્છામાં પેલા સી.આઈ.ડી.ના માણસને, આમતેમ, હરતોફરતો તે જોઇ રહી. તેને લાગ્યું કે પોલીસને પોતાના પર જ વહેમ હતો!

તે એક ખુરશીમાં ઢગલો થઇને પડી અને આંગળી પરની લગ્ન-મુદ્રિકા ફેરવતી ફેરવતી તેના સન્મુખ ટીકીટીકીને જોઈ રહી. અને થોડી વાર રહીને તે હસવા લાગી....

૩-વિચિત્ર અનુભવ

કેસની તપાસ આગળ ચાલતાં એક બહુ વિચિત્ર હકીકત બની. બીજે દિવસે સી.આઈ.ડી. ખાતાનો ફોટોગ્રાફર મિ. કૉગહિલ દીવાનખાનાનો અને ખાસ કરીને ગોળીથી ચીરાએલા રેડિયો સેટનો ફોટોગ્રાફ લેવા આવ્યો. ત્યાંની અનુકૂળતાથી તે ખૂબ રાજી થયો. તેને જોઇએ તેવો પ્રકાશ પુષ્કળ હતો, વિશાળ જગ્યા હતી, અને આછા રંગીન કાગળોથી છાએલી દીવાલો સામે કાળાશ મારતું રાચરચીલું સુંદર ઉઠાવ પકડીને તરી આવતું હતું.

આનંદથી ઝીણી સીસોટી મારતો તે આખો ઓરડો ખૂંદી વળ્યો. પછી હાથમોજાં ને ટોપી પિયાના પર મૂક્યાં; પોતાનો કૅમેરા ટેબલ પર ગોઠવ્યો; અને મજબૂત મૅહૉગનીનાં ખોખાંમાં પૅક કરેલી ફોટોગ્રાફ પાડવાની પ્લેટોવાળું કાળું ચામડાનું કેસ વાયરલેસ મશીનની પડખે આવેલા એક પાટિયા પર મૂક્યું. પછી સીટી બજાવવી ચાલુ રાખી, તેણે પાએક કલાક આમતેમ ફરીને, પોતાની કાબેલ ને નિષ્ણાત નજરે વસ્તુઓના ફોટોગ્રાફ લેવાનાં અનુકૂળ સ્થાનો નક્કી કરી લીધાં.

હવે તેણે કૅમેરા ઊભો કર્યો, અને રંગ-ગાળણી કરી શકે તેવા કાચ (કલર ફિલ્ટર) મૂકીને બારણું, બારીઓ, લોહીથી ખરડાએલી ધાબળી, ભીંત, સગડી અને ઘવાતી વેળા વૅસ્ટમેકૉટ જે ખુરશીમાં બેઠો હતો તેના ફોટોગ્રાફ લીધા.

આ પછી તેણે તેનું સૌથી વધારે અગત્યનું કામ હાથ લીધું. વાયરલેસ સેટ પાસે મૂકેલા પ્લેટ કેસને ખસેડી લઇને યંત્રમાં અર્ધી ખૂંપેલી ગોળીના, અને તારા જેવા આકારના જે ખાડામાં તે દબાઈ હતી તેના, બાકી રહેલી ચાર પ્લેટો પર ફોટોગ્રાફ લીધા.

પણ એ કાચ જ્યારે ધોયા ત્યારે તેમાં દેખાતી છાપ જોઇને તો તે આભો જ બની ગયો! પાછળથી લીધેલી ચારે નેગેટિવોમાંના પ્રત્યેક કાચમાં, ખગોળવિદ્યાનાં ચિત્રોમાં હોય છે એવી, શનિની ટચુકડી આકૃતિઓ પડેલી તેને જણાઈ! ચોમેર વર્તુલનાં વલયોથી વીંટળાએલી એ ગોળ આકૃતિમાં કોઇ વિચિત્ર ઝળઝળતો પ્રકાશ તેને જણાયો. છતાં એવી તીક્ષ્ણ તથા સ્પષ્ટ છાયાઓથી તે અંકાઈ ગઇ હતી કે કૉગહિલ આજ સુધીમાં જલદમાં જલદ દવાઓ વડે પણ એવા પ્રકારની છાપ (નેગેટિવ) કદિ ઉપજાવી શક્યો ન હતો.

પણ તેથી યે વિચિત્ર તો એ હતું કે વાયરલેસની પેટીના લીધેલા બધા ફોટોગ્રાફો નકામા જણાયા. કૉગહિલે પોતાની ખરી કારીગીરી તો એમાં જ બતાવવાની હતી, પણ ઉલટું તેમાં તો પેલા ગ્રહની ટચુકડી વિચિત્ર છાપ જ પડી હતી, અને જે સ્થળે ગોળી હોવી જોઇએ ત્યાં તો ધુમ્મસની ભમરીઓ પડેલી જણાઈ. પેટીની છાપ ચોખ્ખી પડી હતી,—એવી કે લાકડાના પડના રેસા સુદ્ધાં સ્પષ્ટ જણાતા હતા અને સામેની દીવાલના કાગળોનો ચળકાટ અને તેની બનાવટ પણ સુશોભિતરીતે અંકિત થયાં હતાં. માત્ર જે સ્થળે ગોળીની છાપ પડવી જોઇતી હતી ત્યાં જ કાંઈક ગોટાળો થયો જણાતો હતો.

કૉગહિલે બીજો કૅમેરા આણીને ફરીથી તેના ફોટોગ્રાફ લીધા, તો એમાંની એકે પ્લેટમાં પેલી શનિની પ્રતિમા જણાઈ નહિ! પછી પેટીના આગલા ભાગના સાત ફોટોગ્રાફ લીધા; તેમાં પણ એવું જ થયુ. પેલા

વિચિત્ર શનિના ગ્રહની છાપ હવે અદૃશ્ય થઈ ગઈ. જોકે ચીરાઇ ગએલા પડી હોય તેમ, છતાં જાણે કોઈ ઉત્તેજક જાદૂઈ અસર નીચે હોય તેમ, લક્કડકામમાં પ્રથમની ચાર પ્લેટમાં જણાએલી ધુમ્મસની ધુમરીઓ જણાઈ; પણ ગોળીના ફોટોગ્રાફનું તો કોઇ પણ ચિહ્ન દેખાયું નહિ. એની તો છબિ જ ન પડી. ......

ઍગબર્ટ ફૉગહિલે પોતાની આ નેગેટિવો પરથી જરૂરી નકલો છાપી, અને તેની સાથે પોતાનું ટિપ્પણ તથા નેગેટિવો સામેલ કરીને તેને પોલીસ તરફ રવાના કરી દીધી.

૪-ગુનાશોધક ઇન્સ્પેક્ટરની તપાસ

તરત જ સ્કૉટલૅંડ યાર્ડ મારફત હોમ ઑફિસના એક ખાતા તરફ ફોટોગ્રાફ મોકલવામાં આવ્યા. તેમણે આ કામની તપાસનું કાર્ય સી.આઇ.ડી.ના નિષ્ણાત ગુનાશોધક ઈન્પેક્ટર બાર્નેબસ હિલ્ડ્રેથને સોંપ્યું. ફોટોગ્રાફ પણ તેને સોંપવામાં આવ્યા. તેણે તેનું બારીકાઇથી નિરીક્ષણ કર્યું, પણ તેમાં તેને કાંઇ ગમ પડી નહિ.

પ્રથમ તો તેણે વેસ્ટમેકૉટના મુકામ પર જઇ હેન્રી વેસ્ટમેકૉટની મુલાકાત લઇ તેને પ્રશ્નો પૂછ્યા. ઉત્તરમાં તેણે જણાવ્યું કે 'સાંજનું છાપું બાજુ પર મૂકી મેં વાયુ-આલાપ સાંભળવાની શરૂઆત કરી હતી. ખુરશીને અઢેલી, ચશ્માં કાઢી, બંધ કરેલી આંખોને હું લૂછી રહ્યો હતો એટલામાં તો, ટાંકણીથી ભોંકાએલા ટાયરમાંથી નીકળતો હોય એવો એક વિચિત્ર પ્રકારનો સૂસૂ કરતો અવાજ સાંભળવામાં આવ્યો. પછી તરત જ એક ધડાકો થયો અને મારા ખભામાં જબરો બળબળતો પ્રહાર થયો. તે જ ક્ષણે હું કણસતો જમીન પર ઢળી પડ્યો અને મને સખ્ત પીડા થતી લાગી.'

એના ઓરડામાં કોઈ પણ માણસ હોવાની બાબત એણે નકારી. તેની પત્નીએ તેને ગોળી મારી હોય અને પોતે તે સ્થળે ગેરહાજર હતી તેવો પુરાવો તેણે ઊભો કરી રાખ્યો હોય, એવો પોલીસે જે તર્ક કરેલો તેને તેણે તુચ્છકારી કાઢ્યો.

ઈન્સ્પેક્ટર હિલ્ડ્રેથ આ બધી વાતમાં તેના મતને મળતો થયો. પોતાની પત્ની પરનો શક દૂર થયો એ જાણીને વેસ્ટમેકૉટના હૃદયનો ભાર હળવો થયો. તેણે હિલ્ડ્રેથને ચા પીવા રોકાવા આગ્રહ કર્યો અને હિલ્ડ્રેથ અમલદારીનો કડપ દૂર કરી ત્યાં રોકાયો.

એ દરમ્યાન વેસ્ટમેકૉટના બાળક પુત્ર બ્રાયન સાથે તેણે દોસ્તી કરી લીધી. હિલ્ડ્રેથ દીવાનખાનાની તપાસ પૂરી કરી રહ્યો કે તરત જ છોકરો આવીને તેને વળગ્યો, અને પોતે લાકડાના નાનાનાના ટુકડાઓમાંથી 'લાજનો (રાજનો) મહેલ' બનાવતો હતો તે બતાવવા તેને લઇ ગયો. એ ટુકડા જોઇને ઈન્સ્પેક્ટરને બહુ નવાઈ લાગી. એવા ટુકડાઓથી કોઈ છોકરાને તેણે કદિ રમતો જોયો ન હતો !

બ્રાયનના એ ખોખામાં શું હતું? જૂની ખુરશીના પાયા અને હાથાના વહેરેલા ટુકડા(રાજના મહેલના થાંભલા); વૉલ્નટ, મૅહૉગની, ઓક અને એલ્મનાં લાકડાંનાં પુરાણાં ફરનીચરોના વધેલા સધેલા ટુકડાઓમાંથી કોરી કાઢેલી નાની કમાનો; લાકડાનાં નાનાં ચોસલાં, પટ્ટીઓ અને ખૂણિયાં,-એવી પાર વિનાની વસ્તુઓ તેમાં હતી. તે જોતાંવેંત એને પ્રતીતિ થઇ કે તે લાકડાં અત્યંત પુરાણાં હતાં અને તે પ્રાચીન કિંમતી ફર્નિચરની મરામત કરનારા કોઇ મોટા કારખાનેથી આણેલાં હોવાં જોઇએ.

અને હતું પણ એમ જ. વેસ્ટમેકૉટના ભાઈનું, પુરાણા ફર્નિચરને સુધારી નવું બનાવવાનું જબરદસ્ત કારખાનું હતું. ત્યાંથી, આ નાનકડા ભત્રીજાની ઘર બાંધવાની રમત માટે, નકામા પડેલા ટુકડા અહીં મોકલવામાં આવતા હતા. તેમાંથી કામમાં આવે તેવા કાપી લઇને બાકીના બાળી મૂકવામાં આવતા.

હિલ્ડ્રેથ દીવાનખાનામાં હતો તે વખતે તેણે રેડિયો મશીનમાંથી ગોળી ખેંચી કાઢી હતી. કંપાસથી તેનો વ્યાસ માપતાં તે ચોખ્ખી કોઇ તમંચાની ગોળી હોવાનું જણાયું.

પણ તે આવી ક્યાંથી? વળી તે સામાન્ય તમંચાની ખરબચડી ગોળી ન હતી, પણ સામટી જથ્થાબંધ બનાવવામાં આવે છે તેવી, ખાસ્સી લખોટા જેવડી મોટી અને સફાઈદાર ગોળ બનાવટની હતી. વળી, તેના પર અમુક વિશિષ્ટ ગોળીને જ હોય તેવાં નિશાન હતાં. ઉપરાંત તે કોઈ જબરદસ્ત ખજાના(કોઠી-નળી)વાળા તમંચાની લાગતી હતી. આ નવા મુદ્દાથી તર્ક અને સંશોધનનું એક જબરૂં ક્ષેત્ર હિલ્ડ્રેથની નજર આગળ ખડું થયું. પણ એમાં પ્રવેશનો માર્ગ બહુ સાંકડો હતો.

બંદૂકોના ખજાના એ ઇંગ્લંડમાં મામૂલી બાબત નથી ગણાતી. ઇંગ્લંડમાં તેની જાતોને ઢોરોની ઓલાદ કરતાં પણ વધુ કાળજીથી નોંધવામાં આવે છે. છેક ૧૬૮૩ની સાલથી ત્યાં એવો કાયદો છે કે જે કોઇ નવા પ્રકારની કોઠી કે નળીવાળી બંદૂકો, પિસ્તોલો વગેરે બનાવે તેણે માલ બનાવતાં પહેલાં અને વેચતાં પહેલાં નમૂનાની નળી અને શસ્ત્રનાં ચોક્કસ માપ ટાવરના અધિકારીને સોંપવા પડે છે. હિલ્ડ્રેથ આ બાબતથી માહિતગાર હતો, એટલે તેણે ગોળી પરની છાપ અને નિશાનીઓને આધારે જૂનાં દફતરો ફેંદાવ્યાં. તેમાંથી તેને એવી હકીકત મળી કે તે ગોળી આજથી લગભગ બસો વરસ પહેલાં બે પ્રકારનાં હથિયારોને માટે બનાવવામાં આવતી હતી, કે જે હાલમાં ઉપયોગમાં આવતાં બંધ થઈ ગયાં હતાં. કાં તો તે, સ્ટ્રૅસબર્ગના ઍડોલ્ફ લવાઝીઅરે લંડનમાં ૧૮૨૬ની સાલમાં રજિસ્ટર કરાવેલી લાંબી બંદૂકમાંથી ફોડવામાં આવી હોય; અગર તો ૧૭૦૨ અને ૧૭૫૪ની સાલની વચમાં, પૉલમૉલમાં દુકાન ધરાવતા ગ્રૅગરી ગૅનિયન નામના હથિયારો બનાવનારાએ બનાવેલી દ્વંદ્વયુદ્ધની પિસ્તોલમાંથી ફોડવામાં આવી હોય.

ગૅનિયને ૧૭૦૯ની ૯મી ફેબ્રુઆરીએ બજારમાં એક નવી બનાવટની પિસ્તોલ મૂકેલી. દફતરમાંના વર્ણનાનુસાર, 'દ્વંદ્વયુદ્ધને માટે અથવા આક્રમણના કે રક્ષણના કાર્યમાં ચોક્કસાઇથી અને ઝડપથી છૂટી શકે એવા કાર્ય માટે એ અતિશય શક્તિશાળી નાનું અસ્ત્ર' રજિસ્ટર કરાવવા તેણે અરજી કરી હતી. ઘોડો અડતાં સાથે છૂટે એવી પ્રથમ પિસ્તોલ એ હતી. દેખાવમાં કઢંગી, પણ કામ આપવે ભારે હતી ! વળી હિલ્ડ્રેથને મળેલી ગોળીમાં જે ઊંચી કિસમનું ઇંગ્લિશ સીસું વાપરેલું હતું તેવું સીસું લાંબી યુરોપિયન બંદૂકમાં ફોડવાને કદી વપરાતું નહિ, એટલે તેની ખાતરી થઇ કે તે લવાઝીઅરની બંદૂકની નહિ પણ ગૅનિયનની દ્વંદ્વયુદ્ધની પિસ્તોલમાંથી છૂટેલી હોવી જોઇએ.

પણ આ ગોળીનું સીસું ઇંગ્લિશ હતું તેની ખાતરી શી રીતે થઈ? જાણકાર માણસ માટે એ મુશ્કેલ વસ્તુ ન હતી. પ્રથમ, ધાતુની તપાસણી કર્યાથી અને પછી તેમાંથી મળેલી વિગતોનો અભ્યાસ કર્યાથી તે સરળતાથી જાણી શકાય એમ હતું. તેની ધાતુની તપાસણીની જે નોંધ તેને પૂરી પાડવામાં આવી તદનુસાર તે ધાતુ ડર્બીશાયર પરગણામાંથી અમુક સ્થળેથી જ આવેલી હતી, અને વિશેષમાં એવી તો અપૂર્વ હતી કે તેના ભારોભાર સોના કરતાં તે વધુ મૂલ્યવાન હતી !

આમ, ગોળીની તપાસના પરિણામે ઉપરાઉપર ઘણી વિચિત્ર અને અજાયબીભરી બાબતો એને મળવા લાગી. હવે બ્રાયનની મૈત્રીએ શી માહિતી પૂરી પાડી એ જોઇએ. (અનુસંધાન પૃ. ૧૭૫મે)

નૃત્યાચાર્ય

ગુરુ શંકરન્ નામ્બુદ્રીપાદ



ગઈ તા. ૮મી ઑગસ્ટ (૧૯૪૩)ની સાંજે, આલ્મોડા ખાતે શ્રી ઉદયશંકરના કલાધામમાં, મલબારના કથકલિ નૃત્ય-પ્રકારના મહાન આવિષ્કારક ગુરુ શ્રીશંકરન્ નામ્બુદ્રીનું અજબ સંજોગો વચ્ચે દેહાવસાન થયું. એમના જવાથી ભારતીય કલાવ્યોમનું એક નક્ષત્ર ખરી ગયું હોય એટલું નુકસાન ભારતીય સંસ્કારક્ષેત્રને થયું છે.

તેઓ વેદશાસ્ત્રસંપન્ન, ધર્માંરૂઢ કુલીન બ્રાહ્મણ હોવા સાથે હૃદય અને બુદ્ધિના અનેક સદ્‌ગુણો ધરાવતા હતા. પૂર્ણ ધર્મનિષ્ઠ હોવાથી તે કલાને પણ ઈશ્વરનિષ્ઠ કરી શકયા હતા. કલાને તે પ્રભુપદ મેળવવાનું અચૂક સાધના મનતા, અને જીવન વ્યવહારમાં પોતાની એ શ્રદ્ધાની તથા જ્ઞાનની પ્રતીતિ આપતા. જેવા તે મહાન હતા એવું જ ભવ્ય અને તેજસ્વી એમનું અવસાન થયું.

તા. ૭ મી ઑગસ્ટે જીંદના મહારાજા શ્રી ઉદયશંકરના કલાધામની મુલાકાતે ગયા હતા. તે વેળા શ્રી ઉદયશંકરે નૃત્યનો એક પ્રયોગ ગોઠવ્યો. તેમાં પ્રથમ ભાગમાં ગુરુ નામ્બુદ્રીએ 'દુઃશાસન વધ'નો પ્રયોગ બતાવવાનું સ્વીકાર્યું; બીજા ભાગમાં વિદ્યાર્થીઓ થૂવેર જાતિનું નૃત્ય કરવાના હતા. ગુરુજી પોતે પ્રયોગમાં ઊતરે એ વિરલ પ્રસંગ હતો અને એમની ઉમરે એવો કઠણ પ્રયોગ કરવો એ તેમના માટે દુઃસાહસ હતું. પણ તે દિવસે તો એમનો એ માટે ઉમંગ જ હતો.

પૂર્ણ જુસ્સા અને શૌર્યથી એ પ્રયોગમાં રૌદ્રરસની સંપૂર્ણતા દાખવીને પ્રયોગ એમણે પૂરો કર્યો, અને પછી આરામ લેવા સારૂ પ્રેક્ષક-ગૃહમાં જઇને એક કન્યાનો નૃત્યપ્રયોગ ચાલતો હતો તે જોતા બેઠા. એ પછી ઈન્દ્રનું નૃત્ય કરવા શ્રી ઉદયશંકર તૈયાર થઈ રહ્યા હતા, એવામાં ગુરુ બેઠાબેઠા જ લથડ્યા ! તરત એમને બહાર હવામાં લઇ જવામાં આવ્યા અને દાદાએ (શ્રી ઉદયશંકરને-એમના કલાધામમાં સૌ 'દાદા'ના નામથી ઓળખે છે) ઈન્દ્રનો પોશાક પહેરેલો તે સાથે ધસી આવીને ગુરુને બાથમાં ધરી લીધા અને પોતાના પ્રિય શિષ્યના એ આલિંગનમાં જ પોતાનું છેલ્લું પ્રસન્ન લાક્ષણિક સ્મિત કરી એમણે સદાને માટે આંખ મીચી દીધી. હજુ તો છેલ્લા પ્રયોગનો પરસેવો પણ એમના અંગ પરથી પૂરો સુકાયો ન હતો, ત્યાં આ પ્રસંગ બની ગયો;—અકલ્પ્ય, અસાધારણ, દુઃખદ, પણ કલાસેવાનો ભવ્ય પ્રસંગ. જન્મથી જ એ નૃત્ય શીખ્યા, જીવનમાં નૃત્ય જ કર્યું ને નૃત્યનું જ શિક્ષણ આપ્યું, અને ૬૩ વર્ષની વૃદ્ધ વયે છેવટે નૃત્યની જ ભૂમિકામાં રજેરજ કલા-પરિશ્રમિત કલાકાર રહીને એ વિલય પામ્યા.

એ ગુરુ તો ગયા; પણ એ મુક્ત હૃદયે પોતાની કળાનો વારસો પોતાના શિષ્યસમુદાયને આપતા ગયા છે ને એ દ્વારા એ અમર છે.

કથકલી નૃત્યના સર્વશ્રેષ્ઠ આવિષ્કારકતરીકે હિંદભરમાં ખ્યાતનામા બનેલા ગુરુ શંકરન નામ્બુદ્રીપાદ મૂળ ત્રાવણકોરના વતની હતા. અંબાલપુસ્ય નામના ગામમાં તેમનાં કુટુંબીજનો ધર્મનિષ્ઠ જાગીરદારો છે. એ ગામથી એકાદ ગાઉ દૂર એમનું ગામ થાકાશી આવેલું છે.

જનોઇ લીધા પછી વેદ અને ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરી એમણે નૃત્ય, નાટ્ય અને કથકલી પ્રયોગોમાં ધ્યાન લગાડ્યું. એમના પિતા મહાપંડિત હતા, અને તેમને પોતાના સૌથી મોટા પુત્રનાં આવાં લક્ષણ ગમતાં નહોતાં; કારણકે નૃત્યનો એ વ્યવસાય બ્રાહ્મણોમાંથી કોઇએ આજ સુધી કર્યો ન હતો. બે વર્ષ પછી કથકલીના એક પ્રસિદ્ધ નટે તેમના પિતાને પ્રયોગો જોવા નિમંત્ર્યા, અને તેમાં પોતાની અજાયબી વચ્ચે એમણે પોતાના જ પુત્રને પ્રયોગોમાં ઊતરેલો જોયો ! પિતાના અણગમા અને ચીડનો પાર ન રહ્યો, પણ સ્વભાવે જ કલા-પરીક્ષક એવા પિતાનો એ ક્રોધ, પ્રયોગને અંતે કદરમાં પલટાઇ ગયો, અને પુત્રનું અરધું કામ સિદ્ધ થઈ ગયું. પિતાએ પ્રસન્ન થઇને પદ્ધતિસર નાટ્યનો અભ્યાસ કરવાનો સંમતિ આપી. પછી ચાર વર્ષ સુધી એક પ્રસિદ્ધ ચાક્રીયર પાસે નામ્બુદ્રીજીએ અભિનયની તાલીમ લીધી, અને ત્યાર બાદ પ્રવાસ કરીને, જ્યાંજ્યાં નૃત્ય અને નાટ્ય-કળાના નિષ્ણાત વેત્તાઓ હતા, જ્યાંજ્યાં કથકલીના વિખ્યાત અદ્ગાઓ હતા, ત્યાંત્યાં જઇને પોતાની વિદ્યામાં વૃદ્ધિ કરી. નાટ્યાભિનયની સાથેસાથે તેમણે કથકલી ઉપરાંત બીજાં નૃત્યોના વિવિધ પ્રકારો પણ શીખી લીધા, અને પોતાનું જ્ઞાન સંપૂર્ણતઃ શાસ્ત્રશુદ્ધ કરવા માટે સંસ્કૃત નાટ્ય-સાહિત્ય તથા નૃત્ય વિષેનું સાહિત્ય તથા તેની મીમાંસાઓ વગેરેનો અભ્યાસ કરી એ વિષયના પરમ નિષ્ણાત તરીકે પ્રસિદ્ધ થયા. રાજાઓ, સરદારો અને મંદિરો પાસેથી તેમને સત્કારદર્શક 'વીર શૃંખલાઓ', પારિતોષિકો અને ચંદ્રકો મળવા લાગ્યા અને સર્વત્ર તેમની ખ્યાતિ પ્રસરી રહી.

ઈ. ૧૯૩૪ માં શ્રી ઉદયશંકરે તેમને પહેલવહેલા ત્રિવન્દ્રમમાં રંગમંચ ઉપર નિહાળ્યા; અને એ જ પળે એમને આકર્ષણ થયું. પછી ત્યાંના પુરાતત્ત્વ ખાતાના વડા (ડાયરેક્ટર ઑવ આર્કીઑલૉજી) શ્રી પોદુવલના ઘરમાં બંનેની મુલાકાત થઈ અને ઉભયે પરસ્પરના આત્માને ઓળખી લીધો. એ સમયની એમની સાદાઈ જોઈ કોઇને કલ્પનાયે નહિ આવેલી કે તેઓ ભવિષ્યમાં કથકલીના મહાન પ્રેરક સદ્‌ગુરુ તરીકે ભારતખ્યાત થશે. એમણે ત્યાં કથકલીના કેટલાક એવા અજબ અને કષ્ટસાધ્ય પ્રયોગો તથા નૃત્યાભિનય બતાવ્યા કે તરત શ્રી ઉદયશંકરે ઊભા થઈ એમના ચરણનો સ્પર્શ કરી એમને ગુરુ તરીકે સ્વીકાર્યા અને પોતાની સાથે કલકત્તા આવવા વિનતિ કરી. શ્રી ઉદયશંકરનો કામચલાઉ નિવાસ એ વખતે કલકત્તામાં હતો, અને તેમનું સમગ્ર મંડળ ત્યાં રહેતું.

ગુરુએ કલકત્તા આવીને 'દાદા'ને રોજ શીખવવા માંડયું અને કાર્તિકેયના નૃત્યનો પ્રકાર એમણે ત્યાં જ નવો સર્જ્યો. એક વાર મંડળીના સંગીતાચાર્ય શિરાલીલી પોતાના મંડળ સાથે વાદ્યપ્રકારો કેળવી રહ્યા હતા ત્યાં ગુરુ પહોંચ્યા અને કહ્યું કે 'કાર્તિકેય'ના પ્રયોગ માટે ઉચિત કોઈ નવીન જ સંગીતની યોજના કરો. પછી તેમણે નૃત્યનો પ્રસંગ અને ભાવ બરોબર સમજાવ્યાં અને સંગીતમાં તે યથાસ્થિત ઊતરે ત્યાં સુધી પોતે નૃત્ય કરી બતાવવા કબૂલ્યું. આ ઘણું કપરું કામ હતું. કેમકે રાગ સિદ્ધ થતાં તો કેટલોયે વખત વીતી જાય, એટલે સંગીત મંડળીને તો ભય હતો કે એટલા સમયમાં ગુરુ થાકી જશે તો ? પણ શિરાલીજીએ, ગુરુએ આપેલા ભાવને આધારે માલકોશ રાગની ધૂન પર કેટલાંક વાદ્યોના ધ્વનિ અને ડંકાના પ્રકારો એવા યોજ્યા કે ગુરુ પ્રસન્ન થઈ ગયા. શિરાલીજીને મનમાં વસવસો હતો કે દક્ષિણ દેશના કથકલી નૃત્યને ઉત્તર પ્રદેશનું સંગીત રુચતું કેમ થશે; પરંતુ એકાદ અઠવાડિયાની રીહર્સલથી સંગીત પૂરે સિદ્ધ થયું. ગુરુ એક સાચા કલાભક્તની માફક અત્યંત નિખાલસ અને પ્રેમી હતા. આ સિદ્ધિથી એમનો આત્મા પુલકિત થઇ ગયો.

કાર્તિકેયનું નૃત્ય શૌર્યરસદર્શક છે તે સૌ પ્રથમ ઉત્તર હિંદમાં જ બતાવવાનું બન્યું. ઈ. ૧૯૩૫માં બનારસમાં તેનું ઉદ્‌ઘાટન થયું. એ વખતે ગુરુ અને દાદા બંનેની લાગણીઓ એ નૃત્ય પર તીવ્રપણે મંડાએલી હતી. પ્રયોગ શરૂ થયો અને ગુરુ કેટલાક સ્વજનો સાથે પ્રેક્ષકમંડળમાં બિરાજ્યા. અભિનયો ઉત્તરોત્તર ચડતા ગયા તેમતેમ ગુરુની આંખ ચમક મારવા લાગી અને અંતે તેમના ગાલ પર હર્ષનાં આંસુ વહી ચાલ્યા. પ્રયોગ પૂરો થતાં જ તેઓ શિષ્યને ધન્યવાદ આપવા અંદર ગયા અને લાગલા જ ઉદયશંકરે તેમને ચરણે પડી પદરજ લઇ માથે ચડાવી ગુરુને પ્રણામ કર્યાં. ગુરુએ માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા. એ વખતે એમના મુખમંડળ ઉપર સુખ અને ગૌરવની ઝલક છવાઈ ગઇ હતી. ગુરુના એ આશીર્વાદ એ 'કાર્તિકેય' નૃત્યને પૂર્ણતઃ ફળ્યા છે. યુરોપઅમેરિકા તેમજ પૂર્વના દેશોમાં સર્વત્ર એ પ્રયોગ બહુજ જુસ્સાદાર નૃત્યાભિનય તરીકે પંકાયો ને પ્રિય બન્યો છે. એના વિધાનમાં ગુરુ ચિરંજીવ બની ગયા છે.

૬. ૧૯૩૮માં શ્રી ઉદયશંકરે આલ્મોડામાં પોતાનું કલાધામ ઊભું કર્યું. ત્યાં ગુરુનું સ્થાન સર્વોચ્ચ હતું. વર્ગોમાં પ્રવેશ કરતો પ્રત્યેક વિદ્યાર્થી પ્રથમ તેમના આસન આગળ જઈ માથું નમાવી ઊભો રહે, અને ગુરુએ હાથ ઊંચા કરી મંત્ર સહિત આશીર્વાદ આપે ત્યાર પછી જ વિદ્યાર્થી શ્રી ઉદયશંકરને પ્રણામ કરે. શ્રી ઉદયશંકર પણ આવીને પ્રથમ ગુરુવંદના કરવાના જ. અને ગુરુએ તો પોતાનાં હૃદયદ્વાર ઉઘાડાં જ કરી દીધાં હતાં. જોકે અભ્યાસમાં તો તેમની વેધક દૃષ્ટિ લેશ પણ ભૂલ કે અર્ધદગ્ધતાનિભાવી ન જ શકતી; પણ તેમના મુખ પરનું સ્મિત સૌને ધૈર્ય અને પ્રેરણાઆપતાં. કોઇ પણ તેમની પાસે શીખવા કે ભણવા બેસે, પછી ગુરુ સમયનો હિસાબ રાખે નહિ. એકવાર 'રાવણવિજય'નો પ્રયોગ ખૂબ મોડે સુધી ચાલ્યો. સૌ આનંદપૂર્વક તેમાં રત હતા. સાથોસાથ ગુરુનો પરિશ્રમ ચાલુ જ હતો. એવામાં કોઇએ સૂચવ્યું કે 'ગુરુજી, સાડા અગિયાર વાગવા આવ્યા છે. આપની સાયંપૂજાનો સમય તો ક્યારનો વીતી ગયો. હવે ?' ગુરુ સમજ્યા અને હસીને બોલ્યાઃ 'ત્યારે આપણે અત્યાર સુધી શું કરતા હતા? કલાકાર માટે આત્યંતિક અભ્યાસ અને પરિશ્રમપૂર્વકની ઉપાસના એ જ મહાન દેવપૂજા છે.'

કલાગૃહના અભ્યાસ પતાવ્યા પછી ગુરુ હમેશાં સીધા ઘેર જઈ નટરાજના મંદિરમાં દેવસેવા કરીને પ્રત્યેક પળ મંત્રજાપ અને પૂજામાં જ વીતાવતા. ઉસ્તાદ અલ્લાઉદ્દીનખાનનું સરોદ-સંગીત એમને બહુ પ્રિય હતું, અનેતે સાંભળતાં ગુરુ ઊર્મિલ બની જતા. એક વખતજઇને ઉસ્તાદને કહે, 'ઉસ્તાદજી, શ્રી નટરાજને તમારું સંગીત બહુ પ્રસન્ન કરશે.' ઉસ્તાદ ખાખુશી સરોદ લઈ તેમની સાથે ગયા અને નટરાજના મંદિરની બહાર બેસી સરોદ બજાવવા લાગ્યા. ગુરુએ કહ્યું, 'અંદરઆવો, અંદર.' ઉસ્તાદ કહે, 'માફ કીજિયે, આપકા ધર્મકા મૈં અનાદર નહિ કર સક્તા. મેરે અંદર આને સે મંદર છૂત હોગા.' ગુરુ પોતાની રીતે હસી પડ્યાઃ 'અજી; ઐસા ભેદભાવ તો માનવોનેબનાયા હય, નહિ કિ ભગવાનને. ભગવાન નટરાજ અગર સંગીત ચાહતેહયતો સંગીત કે સર્જનહારકા ક્યોં બહિષ્કાર કરેંગા?' તેમણે તો આગ્રહપૂર્વક ઉસ્તાદને પકડી મંદિરની અંદર ખેંચ્યા અને એ નાનકડા દેવઘરમાં પછી એવું સંગીત ગુંજી ઊઠયું કે શ્રોતાઓના દિલમાં દિવ્ય લાગણીઓનાં ખેંચાણો અને કંપનો પ્રકટી ઊઠયાં. આજે કલાકારનું હૃદય પોતાના અતલ ઊંડાણમાંથી આંગળીઓ વાટે કોઇ ઉન્મત્ત સ્વરાલાપ વહેડાવી રહ્યું હતું. ઉસ્તાદ અને ગુરુ ઉભય ભાન ભૂલી ગયા. અને જ્યારે છેલ્લા સ્વરો શમી ગયા ત્યારે જોનારાઓએ શું જોયું ? બંને મહાન કલાકારોનાં નેત્રો અશ્રુથી ઉભરાઇ ગયાં હતાં. ગુરુએ ઊભા થઈ ઉસ્તાદને ભેટી લીધા અને કહ્યું, 'તમે પરમ ભાગ્યવંત છો. તમારા હાથમાં એવી વિદ્યા છે કે તમે એક ક્ષણવારમાં નટરાજને પ્રાપ્ત કરી શકો છો, અને હું વર્ષોથી મારી નમ્ર સેવાઓ અર્પતો છતો નથી કરી શકતો'. એ પ્રસગે ત્યાં હાજર રહેલા પ્રત્યેક જણનાં હૃદય ભાવભીનાં બની ગયાં હતાં.મોટી પિત્તળની દીવીના પ્રકાશમાં હસતી નટરાજની પ્રતિમા આગળ, મનુષ્યોએ ઊભાં કરેલાં જાતિ, સંપ્રદાય અને પ્રાંતોનાં ભીંતડાં તોડીને બે મહાન આત્માઓ સમરસ થઇ ધ્યાનમૂઢ બની ગયા હતા.

૧૯૩૮માં દાદાએ કલાધામ સ્થાપી તેમને આલ્મોડા તેડાવ્યા ત્યારે મલબારનાં તેમનાં સ્વજનોએ એટલે દૂર નહિ જવા તેમને બહુ સમજાવેલા. હતા; પણ એમણે તો કહી જ દીધું કે 'જો શંકર (ઉદયશંકર)મનેમહાસાગરનીવચ્ચેબોલાવશેતોત્યાંપણ હુંજઇશ.'

અને એવા જ ભાવથી અંતની ઘડી સુધી એ ત્યાં રહ્યા. એમની પાછળ બે પુત્રો, પુત્રીઓ, વિધવા પત્ની અને સગાંવહાલાંનું જૂથ છે. કથકલીની દુનિયામાં તો એ અદ્વિતીય હતા.

શ્રી ઉદયશંકરે છેવટે કહ્યુ કે 'કેટલું શાન્ત અને પ્રસન્ન મૃત્યુ એ હતું તે આપણે શું જાણીએ ? તેઓ તો મારા ગુરુ અને પિતૃસ્થાને હતા—તેથી યેવિશેષ હતા, મનેતેમના વિયોગથી મહાસંતાપ થાય છે, પણ ગુરુ અને પિતા મૃત્યુ પામતા નથી; તેઓ અમર છે. તેમની કળાનો અંશ પણ હું મારા જીવનમાં પામ્યો નથી, પણ પ્રભુ પ્રત્યે મારી પ્રાર્થના છે કે હું પણ મારા જીવનની છેલ્લી ઘડી સુધી તેમની જેમજ જિંદગીની પ્રત્યેક પળ કલાની સાધનામાંજ અર્પતો એવીજ પ્રસન્ન શાન્ત વિદાય મેળવી શકું.'

આવી તેજસ્વી ભારતીય વિભૂતિની ખોટ અમાપ છે.

ર. મ. રા.

કચ્છનાં કીર્તિમંદિરો

[૩] કંથકોટ


ખંડિયેરોના પુરાવશેષોને પગ નીચે ખૂંદતાખૂંદતા અમે દેદાઓના-ઠકરાઈઓના વાસમાં આવી લાગ્યા. ત્યાં આજે પણ અમને મધ્યકાલીન રાજપુત યુગની પરંપરાગતનો લહાવ મળ્યો. વીરભદ્રો (દેદાઓ)ના આ જૂનવાણી ઢબનાં, ઊંચા પડથારવાળાં, અને સુંદર ચોક તથા ડેલી સહિતનાં મકાનો, તેમની રહેણી અનુસાર કાંઈક યોજનાબદ્ધ લાગ્યાં. જૂનાં ખંડિયેરોના કોતરકામવાળા પથ્થરોને સુમેળથી એ મકાનોમાં ઉપયોગમાં લેવાયાં આવેલા છે. પણ આ રીતનો પુરાવશેષોનો વપરાશ અટકવો જોઇએ અને તેમને હોય તેમ રહેવા રક્ષણ મળવું જોઇએ. દેદાઓનાં આ વીસપચીસ ઘરની પછવાડે જૂના દરબારગઢનાં ખંડેરો છે. એ ગઢ ક્યાંક પડી ગએલ છે તો ક્યાંક સાબૂત છે, અને ત્રણચાર કોઠા તથા દરવાજો કાયમ છે. એક કોઠામાં કેદીને રાખવા માટે કૂવા ઘાટનું સીડીવાળું ગોળ ઊંડું કારાગૃહ છે. બંદીવાનને તેમાં નાખી દેતાં તે નીકળી ન શકે, અને ઉપર દેવળી જેવું હોતાં કારાગૃહની ખબર પણ ન પડે! એ જરીત ગઢમાં રાજભવન, ચેરોને રહેવાનાં સ્થાનકો, કોઠાર, શસ્ત્રાગાર વગેરેનાં મકાનોના તદ્દન જીર્ણ થઇ ગએલા અવશેષો જોવા મળે છે.

કંથકોટના દુર્ગમાં ડુંગરની સાડાચારસો ફૂટ ઊંચી સમથલ સપાટી ઉપર વસવાટ કરતા લોકોને પાણી સુલભ રહે તે માટે કિલ્લાની બાંધણીમાં એક ખીણ અને ઝરને ખૂબીથી વળાંકી લેવામાં આવેલી છે. ખીણ અને ડુંગરના ઊંચાનીચા ઢાળના એ સંબંધનો, ખ્યાલ નકશા માંહેના સમરેખપરિધિ(contour lines) જોતાં આવશે. ખીણના મોં ઉપર ડુંગરના બે છેડાને સાંધતી, કિલ્લાને બહુ મજબૂત રીતે બાંધી અહીં તેમાં પુરોછ્વાસ અથવા સંકટબારી મૂકેલી છે. ખીણની જમીનમાં પહેલાં ફૂલવાડી હતી. અહીં દુર્ભર કાળી શિલાઓથી ચણેલા, મોડ કૂવો અને ભમરિયો કૂવો નામના બે કૂવા છે. મોડ કૂવો સાડે ચણાવી પોતાના પિતાના નામ પરથી તેનું નામ રાખેલું. તેના પરની તેની ઓતરંગની બારે છાટોની લંબાઈ ચૌદચૌદ ફૂટની છે. ખીણના વચ્ચેના ડુંગરાળ ઢાળ પર, કંથકોટની ઉપરની સપાટીથી લગભગ અઢીસો ફૂટ નીચે, એક સેલોર વાવ એવી ખૂબીથી કરવામાં આવેલી છે કે જોનારને પહેલી નજરે તેની ભાળ પણ ન લાગે. ઉપર બધે ચોતરફ જાળાંઝાંખરાં અને ભેખડો આવેલી છે, અને સેલોરમાં ઊતરવાનો માર્ગ પણ તેમાંથી જ અટવાએલો હોઈ, ત્યાં સેલોર જેવું કાંઇ હશે એમ ખ્યાલ ન આવે. ઢાળવાળી પગથી ઉપર થઈ નીચે પહોંચતાં હોજ જેવી એ સેલોરમાંથી મીઠું જળ બધા પી શકે છે. ઉપરથી પાણી સીંચવાની જરૂર પડે તે માટે, ડુંગર ખોદીને તેમાં કોસનાં પચાંની વ્યવસ્થા કરેલી છે; અથવા એ સ્થળે ઢીંકુળી પણ ગોઠવી શકાય. અહીંથી ઉપરવાસે જતાં સામે ભીલોનો -ભુંગાઓનો વાસ છે. તેમાં થોડા ભીલો હજુ વસે છે. અહીંથી પણ નીચે ઊતરવાની, સહેજે તો દુર્ગમ એવી એક કેડી છે; અને આગળ જતાં સાડબારીમાંથી ઊતરવાની પગરવાટ છે.

જે નિરુપયોગી રહેતાં બગડી ગએલી છે. સાડબડકી પણ ગએલી છે અને તેના ભંગારમાં કેટલાક પાળિયા આડઅવળા ઢગલામાં પડ્યા છે. આ બધું જોતાં સંગ્રામ કામ અહીં કેટલું સાધારણ હશે, તે તથા પોતાની સમૃદ્ધિ સ્વગૌરવ અને સંસ્કૃતિની રક્ષાર્થે કેટલાએ આત્મબલિદાન આપ્યાં હશે તે સમજાય છે.

અહીંથી સામે ઘંટોડાના ડુંગર દેખાય છે. તેમાંથી આ કિલ્લો ચણવા પથ્થરો કઢાએલા ત્યારની ઘડેલી કેટલીક શિલાઓ હજુ ત્યાં ખાણ પર પડી રહેલી છે. અહીંથી ચારે તરફ વિસ્તરેલી ડુંગરની હારમાળાઓ અને ગિરિ-





કંથકોટ ઉપરની વાવનો નકશો

કંદરાઓ, ઝાડી ભરેલી વીડીઓ અને વાડીખેતરો, સપાટ મેદાનો અને તે માંહેનાં છૂટાંછવાયાં આવેલાં અર્ધ ચંદ્રાકારનાં તળાવો આકર્ષક દેખાય છે. કિલ્લાના વિશેષ રક્ષણ અર્થે,મુખ્ય માર્ગ પર ચડી આવતા દુશ્મનના લશ્કર વગેરેની ખબર રાખતા ચોકીદારો માટે, ત્યાંથી લગભગ દોઢ-બે માઈલ દૂર રખાએલી 'પ્રગંડીઓ'(એક પ્રકારના બુરજો)ના અવશેષો આજે ટેકરી પર દેવમંદિર તરીકે યોજાએલા જોવામાં આવે છે. તેવું એક ખોખરાં દેરાં નામે જાણીતું સ્થળ કંથકોટની દક્ષિણે એકાદ માઈલ દૂર મેદાનમાં આવેલું છે. કંથકોટથી અમારે ફત્તેગઢ જવાનું હોવાથી અને અમને એ રસ્તામાં આવતું હોઈ ખોખરાં દેરાં જોવાનું અમે છેલ્લું રાખેલું. આસપાસની જમીન જોતાં કોઈ વિશાળ નગર હોય એવા અતિ આછા અવશેષો ત્યાં જોવા મળે છે. તેમાં બે શિવમંદિરોનાં ખંડિયેરો ખાસ ધ્યાન ખેંચે એવાં છે. પૂર્વ તરફના મંદિરના મંડપનો અમુક ભાગ અને થોડા સ્તંભો જ માત્ર ઊભા છે અને બધું એક ઢગલા જેવું જણાય છે. તેની પાછળના મંદિરમાં ગર્ભમંદિરની દીવાલ અને દ્વાર કાયમ છે અને આગળ મંડપના અમુક સ્તંભો ઊભા છે. સ્તંભો બધા સાદા અને ઘણુંખરું ચોરસ છે, પણ બાંધણીની નજરે તેના બધા ભાગો—કુંભી, સ્તંભ, ભરણું, સરૂ અને પાટડો—સુમેળથી માંડેલા છે. દ્વારના બારસાખ પર અને માંડણીમાં ઠસ્સાદાર શિલ્પકામ છે. બારસાખની મધ્યમાં,આંખમાં ચોંટી રહે એવી જોમદાર બ્રહ્માની એક મૂર્તિ છે અને નાચતા ગણેશની બીજી મૂર્તિ પણ આકર્ષક છે. મંદિરના ગભારામાં શિવલિંગ પાછળ શિવા વગેરેની મૂર્તિઓ છે. તેની બાજુમાં એક જફા લાગેલી, પણ અનુપમ એવી શેષશાયી વિષ્ણુની મૂર્તિ મૂકેલી છે. પાસેના કોઈ ખંડિયેરમાંથી ગળી આવતાં એને અહીં લાવી રાખેલી દેખાય છે. અહીંનાં ખંડેરોમાં તો એવા અનેક કોતરણીવાળા પથ્થરો ભંડારાઈ ગએલા હશે.

હવે ધીરેધીરે અંધારાં ઊતરતાં હતાં. દૂરદૂરથી એકતારા પર દાદા કંથડનું આગમ હળવા સરોદે ગવાતું સંભળાવા લાગ્યું :

'સાંતે સાંડે ગઢ સૂતર્યો, નવ નોંઘણે અડાયો
ચૌદ ચકવા ચણતાં વહી ગયા, તોયે કંથડ કેણે ન કર્યો પૂરો
હે . . . કંથડપીરગાં કળા ઘણી
કે કંથકોટનો ધણી.'

ઊંડાઊંડા એ અવાજના પ્રેરણાબળે મન કંથકોટની તવારીખમાં ઊંડું ઉતરવા લાગ્યું; અને તેના પ્રાચીન ઇતિહાસની ઘટનાઓ ચિત્રપટની પેઠે નજર આગળથી સરવા લાગી. **રામસિંહજી રાઠોડ**

(કંથકોટના ઇતિહાસનો રસિક હપતો આવતે અંકે)



ઉપર: (૧) કંથકોટનું સિંહદ્વાર—અંદરથી; (૨) સૂર્યમંદિર અને નવલખો—અગ્રભાગ.
નીચે: (૧) કંથકોટનું પ્રાચીન સૂર્યમંદિર—જમણી તરફથી (૪) જૈન મંદિરના અવશેષો—કંથકોટ. (ફોટો • રામસિંહજી રાઠોડ)

સૂર્યની છાયા પરથી સમય
જાણવાની રીત

સૂર્યની છાયા પરથી સમય કેવી રીતે જાણવો એ સવાલ મને ઘણા પૂછે છે. તેમાંનો મોટો ભાગ વિદ્યાર્થીઓનો હોય છે, તેથી એની રીત હું 'કુમાર'માં આપું છું. એની એક રીત મેં મારા પુસ્તક 'ખગોળગણિત, ભાગ બીજા'માં આપી છે, પણ એ પુસ્તક બહુ થોડા પાસે હોય છે. વળી તેમાં આપેલી રીત બહુ સૂક્ષ્મ હોવા છતાં તેમાં થોડું ગણિત કરવું પડે છે. અહીં નીચે જે રીત હું આપું છું, તેમાં કંઇ ગણિત કરવું પડતું નથી; માત્ર કોષ્ટક ઉપરથી જ વખત જાણી શકાય છે. આ રીત પ્રમાણે મળતા વખતમાં પાંચેક મિનિટ સુધીની સ્થૂલતા કોઈ વખત આવશે, પણ જો એટલો તફાવત ચલાવી લેવો હોય, તો બહુ જ થોડી મહેનતે વખત જાણી શકાય છે.

નીચે આપેલું કોષ્ટક માત્ર ગુજરાત માટે જ બનાવવામાં આવ્યું છે. તે અમદાવાદના અક્ષાંશ (૨૩) માટે બનાવ્યું છે, પણ ગુજરાતના બીજા કોઈ પણ સ્થળ માટે તેનો ઉપયોગ કરવાથી બે–ત્રણ મિનિટ કરતાં વધારે ફરક નહિ પડે. વળી કિરણવક્રીભવનનો હિસાબ આ કોષ્ટકમાં લીધો નથી, તેને લીધે વધુમાંવધુ બે મિનિટનો ફરક આવશે.

છાયા પરથી સમય બહુ સૂક્ષ્મતાથી જાણી શકાય જ નહિ. તેનાં ઘણાં કારણ છે. તેમાંનું એક કારણ એ છે કે છાયા (Umbra), ઉપ-છાયા (Penumbra) અને પ્રકાશ, એ ત્રણે એકબીજામાં એવી રીતે મળી જાય છે કે તેઓની વચ્ચેની સીમાઓ સ્પષ્ટ દેખી શકાતી નથી. હિસાબ માટે વહેવારુ માર્ગ એવો કાઢી શકાય કે ચોખ્ખા પ્રકાશ અને ચોખ્ખી છાયાની બરાબર અધવચ સુધી છાયાની લંબાઈ ગણવી.

બરાબર સૂર્યોદય અને સૂર્યાસ્ત વખતે છાયા અનંત લંબાઇની હોય છે, તેથી તેનો છેડો દેખી શકાતો નથી. તેથી મેં નીચેના કોષ્ટકમાં સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયો આપ્યા છે, જેથી સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયો સીધા જાણી શકાય.

સૂર્યોદય પછી અને સૂર્યાસ્ત પહેલાં લગભગ એક કલાક સુધી છાયા અત્યંત લાંબી હોય છે તેને સૂક્ષ્મતાથી માપવી મુશ્કેલ છે. વળી તેનો છેડો બહુ અસ્પષ્ટ હોય છે. આ ઉપરાંત એ સમયે કોષ્ટકપરથી હિસાબ કરવાથી પૂરતી સૂક્ષ્મતા આવતી નથી. આ કારણોને લીધે નીચેના કોષ્ટકમાં પદાર્થના ૧૦ ગણા કરતાં વધારે લાંબી છાયાઓ છોડી દીધી છે. આને લીધે સૂર્યોદય પછીનો અને સૂર્યાસ્ત પહેલાંનો લગભગ ૧ કલાક સુધીનો સમય છોડી દેવો પડ્યો છે.

આ કોષ્ટકનો ઘણોખરો ભાગ શ્રી છોટુભાઈ સુથારે તૈયાર કરી આપ્યો છે તે માટે હું એમનો અત્યંત ઋણી છું.

છાયા માપવા માટે જમીન સપાટ અને સીધી (ક્ષિતિજ સમાંતર) જોઈએ અને પદાર્થને જમીન પર સીધો (લંબ) રાખવો જોઈએ. એક સગવડવાળી રીત એ છે કે આપણી પોતાની ઊંચાઈ ઇંચમાં માપી રાખવી; અને ૧૦ પગલાં (પગ) ભરીને તેની લંબાઈ ઇંચમાં, ને તે પરથી એક પગલાની લંબાઇ ઇંચ અને ઇંચના દશાંશમાં માપીને નોંધી રાખવી. પછી જમીન ઉપર એક નિશાન રાખી તે નિશાન ઉપર આપણી છાયાનો માથા તરફનો છેડો પડે એમ ટટ્ટાર ઊભા રહેવું અને આપણા બે પગમાંથી કોઈપણ પગની એડીના છેડાનું નિશાન કરી લેવું. પછી છાયાને પગલાંથી માપી પગલાંની લંબાઇ પરથી છાયાની લંબાઈ કાઢવી.

છાયાફલ–છાયાની લંબાઇને ૧૦૦થી ગુણી તેને પદાર્થની લંબાઇ વડે ભાગવાથી જે આવે તેને **છાયાફલ** કહીશું. સાથેના કોષ્ટકમાં

કોષ્ટક

તારીખ	વેલાંતર મિનિટ	તારીખ	વેલાંતર મિનિટ	ક. ૧૨ ૧૨	ક. ૧૨ાા ૧૧ાા	ક. ૧૩ ૧૧	ક. ૧૩ાા ૧૦ાા	ક. ૧૪ ૧૦	ક. ૧૪ાા ૯ાા	ક. ૧૫ ૯	ક. ૧૫ાા ૮ાા	ક. ૧૬ ૮	ક. ૧૬ાા ૭ાા	ક. ૧૭ ૭	ક. ૧૭ાા ૬ાા	ક. ૧૮ ૬	સૂર્યોદય ક. મિ.	સૂર્યાસ્ત ક. મિ.
૨૨ ડિસેં.	—૨	૨૨ ડિસેં.	—૨	૧૦૫	૧૦૭	૧૧૨	૧૨૬	૧૪૨	૧૬૭	૨૦૩	૨૬૦	૩૬૧	૫૮૬				૬-૪૦	૧૭-૨૧
૨૧ જાન્યુ.	+૧૧	૨૨ નવેં.	−૧૪	૯૩	૯૫	૧૦૦	૧૧૨	૧૨૭	૧૫૦	૧૮૩	૨૩૩	૩૧૭	૪૯૨				૬-૩૩	૧૭-૨૮
૫ ફેબ્રુ.	+૧૪	૭ નવેં.	−૧૬	૮૧	૮૩	૮૯	૧૦૦	૧૧૪	૧૩૫	૧૬૫	૨૦૫	૨૮૧	૪૨૦	૮૧૮			૬ ૨૫	૧૭-૩૫
૧૮ ફેબ્રુ.	+૧૪	૨૫ ઑક્ટો.	−૧૬	૭૦	૭૨	૭૮	૮૯	૧૦૨	૧૨૨	૧૫૦	૧૮૯	૨૫૨	૩૬૫	૬૪૮			૬-૧૮	૧૭-૪૨
૧ માર્ચ	+૧૩	૧૪ ઑક્ટો.	−૧૪	૬૦	૬૨	૬૮	૭૯	૯૨	૧૧૧	૧૩૭	૧૭૨	૨૨૮	૩૨૪	૫૪૭			૬-૧૧	૧૭-૪૯
૧૧ માર્ચ	+૧૦	૪ ઑક્ટો.	−૧૧	૫૧	૫૩	૬૦	૭૦	૮૩	૧૦૨	૧૨૬	૧૫૯	૨૦૯	૨૯૦	૪૬૩			૬—૫	૧૭-૫૬
૨૧ માર્ચ	+૮	૨૩ સપ્ટેં.	—૭	૪૨	૪૫	૫૨	૬૨	૭૬	૯૪	૧૧૭	૧૪૮	૧૯૩	૨૬૫	૪૦૮	૮૨૪		૫-૫૭	૧૮--૨
૩૧ માર્ચ	+૪	૧૩ સપ્ટેં.	—૪	૩૪	૩૭	૪૫	૫૫	૭૦	૮૭	૧૦૯	૧૩૮	૧૮૦	૨૪૫	૩૬૩	૬૭૨		૫-૫૧	૧૮—૯
૧૧ એપ્રિ.	+૧	૩ સપ્ટેં.	૦	૨૭	૩૦	૩૮	૫૦	૬૪	૮૧	૧૦૨	૧૩૦	૧૬૯	૨૨૯	૩૩૦	૫૬૭		૫-૪૪	૧૮-૧૭
૨૨ એપ્રિ.	−૧	૨૨ ઑગ.	+૩	૧૯	૨૩	૩૨	૪૫	૬૦	૭૬	૯૭	૧૨૩	૧૬૦	૨૧૩	૩૦૧	૪૯૨		૫-૩૬	૧૮-૨૩
૫ મે	−૩	૯ ઑગ.	+૫	૧૨	૧૮	૨૭	૪૨	૫૬	૭૨	૯૩	૧૧૮	૧૫૨	૨૦૦	૨૮૦	૪૩૬	૯૨૧	૫-૨૯	૧૮-૩૧
૨૧ મે	−૪	૨૪ જુલા.	+૬	૫	૧૫	૨૬	૩૯	૫૪	૭૦	૯૦	૧૧૪	૧૪૫	૧૯૦	૨૬૧	૩૯૩	૭૪૧	૫-૨૨	૧૮-૪૦
૨૧ જૂન	+૧	૨૧ જૂન	+૧	૦	૧૩	૨૫	૩૮	૫૨	૬૮	૮૭	૧૧૧	૧૪૧	૧૮૩	૨૩૫	૩૬૩	૬૩૪	૫-૧૪	૧૮-૪૭



પૃથ્વી પર જીવન કેમ પાંગર્યું [૪]

સળગતા તારાના રૂપમાંથી ઠરીને પૃથ્વીનું બંધારણ ઘટ્ટ થયા બાદ તેના પર પહેલવહેલી જીવસૃષ્ટિ આજથી ત્રણ કરોડ વર્ષ ઉપર પ્રકટી ત્યારથી માંડીને એ જીવસૃષ્ટિ ઉત્તરોત્તર જે જે રૂપમાં વિકસતી ગઇ તેના જુદાજુદા યુગ વૈજ્ઞાનિકોએ પાડયા છે. તેમાંના 'પર્મિયન' યુગ સુધી ગયા હપતામાં આપણે પહોંચ્યા હતા. એ યુગ આજથી એંશી લાખ વરસ પર થઈ ગયો અને તેની સાથે પૃથ્વીના ઇતિહાસનું પહેલું પ્રકરણ પૂરૂં થયું. તે પછી દસ લાખ વર્ષે—એટલે કે આજથી સિત્તેર લાખ વર્ષ ઉપર ટ્રિયાસિક યુગ શરૂ થયો. આ યુગમાં મુખ્ય ફેરફારો બે થયા:(૧)વનસ્પતિસૃષ્ટિમાં ફર્ન ઉપરાંત બીજાં વિવિધ પ્રકારનાં ઝાડ વધવા લાગ્યાં; ને (૨) આજસુધી કરોડ વિનાનાં પ્રાણીઓ હતાં તેમાં કરોડવાળાં પ્રાણીઓનો નવો જન્મ થયો: જળચરોમાં અરધી માછલી ને અરધી ગરોળીના રૂપની 'ઇચથાયોસૉરસ' નામની મત્સ્ય-ગરોળીઓ પેદા થઇ ને જમીન ઉપર સ્તનવાળાં પ્રાણીઓ પ્રકટયાં. પેટે ચાલનારાં જમીનનાં બીજાં મોટાં પ્રાણીઓમાં પણ ઉમેરો થયો. આમ, આ યુગથી પૃથ્વી પરના પ્રાણીજીવનનું બીજું પ્રકરણ શરૂ થયું.

(ચાલુ) (COURTESY : WORLD OF WONDER)

અમુક અમુક દિવસને અંતરે અંગ્રેજી તારીખો અને ૩૦–૩૦ મિનિટને અંતરે સમયો માટે 'છાયાફલો' આપ્યાં છે. તે ઉપરથી, આપેલી તારીખ અને આપેલા છાયાફલ માટે સમય કાઢવાનો છે.

કોષ્ટકમાં આપેલા સમયો (સૂર્યોદય અને સૂર્યાસ્તના સુદ્ધાં) **दृश्य काल** છે. 'દૃશ્ય કાલ' એટલે સૂર્ય પરથી મળતો કુદરતી વખત. આ જ ખરો વખત છે, પણ પૃથ્વી સૂર્યની આજુબાજુ ઓછીવત્તી ગતિથી ફરે છે, તેથી આ વખત પણ ઓછી વત્તી ગતિથી વહે છે તેથી તેને ઘડિયાળથી બતાવી શકાતો નથી; કારણકે ઘડિયાળ તો એકસરખી ગતિથી જ ચાલે છે. ઘડિયાળથી જણાતા સમયને **मध्यम काल** કહે છે. 'મધ્યમ કાલ' બે જાતનો છે: **स्थानिक** (લોકલ) અને **સ્ટાંડર્ડ**. કોષ્ટકમાં તારીખોની નીચે જે વેલાંતર આપ્યું છે તે '+' હોય, તો દૃશ્ય કાલમાં ઉમેરવાથી અને '–' હોય તો દૃશ્ય કાલમાંથી બાદ કરવાથી મધ્યમ કાલ આવે છે. ૮૨ા રેખાંશનો સમય એ જૂનો સ્ટાંડર્ડ ટાઇમ છે અને ૯૭ા રેખાંશનો સમય એ નવો સ્ટાંડર્ડ ટાઇમ છે. એક રેખાંશે ૪ મિનિટ વધે છે, તેથી ઇષ્ટ સ્થળના રેખાંશને ૮૨ા માંથી કે ૯૭ા માંથી બાદ કરવાથી જે આવે તેને ૪ વડે ગુણવાથી જેટલા આવે તેટલી મિનિટ સ્થાનિક કાલમાં ઉમેરવાથી જૂનો કે નવો (અનુક્રમે) સ્ટાંડર્ડ ટાઇમ આવે છે. અત્યારના યુદ્ધ પહેલાં જે સમય હતો, તે જૂનો સ્ટાં. ટા. અને અત્યારે તેના કરતાં ૧ કલાક આગળ જે સમય રાખ્યો છે; તે નવો સ્ટા. ટા. છે, તેથી જૂના સ્ટાં. ટા. માં ૧ કલાક ઉમેરવાથી પણ નવો સ્ટા. ટા. આવે છે.

સમયો બેવડા આપ્યા છે, તેનું કારણ એ છે કે બપોર (૧૨ કલાક દૃશ્ય કાલ) પહેલ તેમ જ બપોર પછી, બપોરથી સરખે અંતરે દિવસમાં બે વખત છાયા સરખી થાય છે તેથી છાયા સવારની કે સાંજની હોય તે પ્રમાણે સમય નક્કી કરવો. બપોર પછીન ૧, ૨, વગેરે કલાકોને માટે કોષ્ટકમાં ૧૩ ૧૪, વગેરે કલાકો લખ્યા છે. લગભગ બપોર નો વખત હોય, તો વખત નક્કી કરવામ મુશ્કેલી પડશે. તેનો ઉપાય એ છે કે થોડ વાર રાહ જોઇને ફરીને તે જ પદાર્થની છાય માપવી. જો છાયા ઘટતી માલૂમ પડે તો ૧૨ કલાક પહેલાંનો સમય છે અને જો વધત માલૂમ પડે તો ૧૨ કલાક પછીનો સમય છે એમ સમજવું.

કોષ્ટક વાપરવાની રીત બરાબર સમજાય એટલા માટે નીચે બે ઉદાહરણો ગણ આપ્યાં છે.

ઉદાહરણ ૧ લું : અમદાવાદમાં માર્ચન ૫મી તારીખે સવારે ૪ ફૂ. ૫ ઇં. લાંબી લા કડીની છાયા ૯ ફૂ. ૧ ઇં. પડી, તો સમય કાઢો. અને તે જ દિવસના અમદાવાદન સૂર્યોદય અને સૂર્યાસ્તના સમય કાઢો (અમદાવાદના રેખાંશ ૭૨ા છે.)

છાયા = ૧૦૯ ઈં. પદાર્થ = ૫૩ ઈં. ૧૦૯ ×૧૦૦ ÷ ૫૩ = ૨૦૬ (લગભગ) છાયાફલ આવ્યું. કોષ્ટકમાં સવારના ૮ વાગ્યાનું ૧ માર્ચનું છાયાફલ ૨૨૮ અને ૧૧ માર્ચનું છાયાફલ ૨૦૯ છે. હવે આપણે ૫મી માર્ચનું છાયાફલ કાઢવું છે. ૧ તથા ૧૧ માર્ચની વચ્ચેના ૧૦ દિવસમાં છાયાફલ ૨૨૮ – ૨૦૯ = ૧૯ ઘટયું, તો ૧ અને ૫ માર્ચની વચ્ચેના ૪ દિવસમાં છાયાફલ કેટલું ઘટશે? આનો હિસાબ ત્રિરાશિથી કરવાથી ૪ × ૧૯ ÷ ૧૦ = ૮ આવ્યા, તેટલું છાયાફલ ઘટશે. તેથી તા. ૫ સવારે ૮ વાગ્યે છાયાફલ=૨૨૮-૮=૨૨૦.

આ જ પ્રમાણે કોષ્ટકમાં સવારે ૮ાા વાગ્યે ૧ માર્ચનું છાયાફલ ૧૭૨ અને ૧૧ માર્ચનું છાયાફલ ૧૫૯ છે. ૧૭૨–૧૫૯=૧૩. તેથી અગાઉ પ્રમાણે ૧૩×૪÷૧૦=૫ (લગભગ)=છાયાફલનો ઘટાડો આવ્યો. તેથી તા. ૫ માર્ચનું ૮ાા વાગ્યાનું છાયાફલ=૧૭૨–૫=૧૬૭.

આમ ૫ માર્ચનું ૮ વાગ્યાનું છાયાફલ ૨૨૦ અને ૮ાા વાગ્યાનું ૧૬૭ છે તેથી ૩૦ મિનિટમાં છાયાફલ ૨૨૦–૧૬૭=૫૩ ઘટયું. આપણું છાયાફલ ૨૦૬ છે. તેથી ૨૨૦–૨૦૬=૧૪ ઘટાડો કેટલી મિનિટમાં થશે ? આ હિસાબ ત્રિરાશિથી કરતાં ૧૪×૩૦÷૫૩=૮ (લગભગ) આવ્યા. તેથી સમય=૮ ક. ૮ મિ. દૃશ્ય કાલ.

૧ માર્ચનું વેલાંતર +૧૩ મિ. અને ૧૧ માર્ચનું +૧૦ મિ. છે. તે પરથી ૫ માર્ચનું +૧૨ મિ. આવે. ૮ ક. ૮ મિ. +૧૨ મિ.=૮ ક. ૨૦ મિ. સ્થાનિક કાલ આવ્યો.

રેખાંશ ૮૨ા-૭૨ા (અમદાવાદનું)=૧૦. ૧૦×૪=૪૦ મિનિટ ૮ ક. ૨૦ મિ. + ૪૦ મિ. = ૯ ક. ૦ મિ. જૂનો સ્ટાંડર્ડ ટાઇમ. આમ ૧ ક. ઉમેરવાથી ૧૦ ક. ૦ મિ. નવો સ્ટાં. ટા.

કોષ્ટકમાં સૂર્યોદયનો સમય તા. ૧ માર્ચનો ૬ ક. ૧૧ મિ. અને તા. ૧૧ માર્ચનો ૬ ક. ૫. મિ આપ્યો છે; આ પરથી તા. ૫ માર્ચનો ૬ ક. ૯ મિ. દૃશ્ય કાલ આવ્યો. તેમાં ઉપર પ્રમાણે વેલાંતર + ૧૨ મિ. ઉમેરવાથી ૬ ક. ૨૧ મિ. સ્થાનિક કાલ આવ્યો. તેમાં ઉપર પ્રમાણે ૪૦ મિ. ઉમેરવાથી ૭ ક. ૧. મિ. જૂનો સ્ટાં. ટા. અને ૮ ક. ૧ મિ. નવો સ્ટાં. ટા. આવ્યો.

કોષ્ટકમાં સૂર્યાસ્તનો સમય તા. ૧ માર્ચનો ૧૭ ક. ૪૯ મિ. અને તા. ૧૧ માર્ચનો ૧૭ ક. ૫૬ મિ. આપ્યો છે. તે પરથી ૫ માર્ચનો ૧૭ ક. ૫૨ મિ. દૃશ્ય કાલ આવ્યો. તેમાં + ૧૨ મિ. વેલાંતર ઉમેરવાથી ૧૮ ક. ૪ મિ. સ્થાનિક કાલ. આમાં ૪૦ મિ. ઉમેરવાથી ૧૮ ક. ૪૪ મિ. જૂનો સ્ટાં. ટા અને ૧૯ ક. ૪૪ મિ નવો સ્ટાં ટા. આવ્યો.

ઉદાહરણ ૨ જું: દ્વારકામાં તા. ૧૯ આક્ટોબરની સાંજે ૫ ફૂ. ૪ ઇં. ઊંચા માણસની છાયા ૨૬ પગલાં થઈ. તેનું દરેક પગલું ૧૧ ઇંચનું છે. તો સમય કાઢો; અને તે જ દિવસના દ્વારકાના સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયો કાઢો (દ્વારકાના રેખાંશ ૬૯ છે.)

છાયા=૨૬×૧૧=૨૮૬ ઈં. પદાર્થ =૬૪ ઇં. છાયાફલ=૨૮૬×૧૦૦ ÷૬૪=૪૪૭ (લગભગ).

કોષ્ટકમાં ૧૬ાા કલાકનું ૧૪ ઑક્ટોબરનું છાયાફલ ૩૨૪ અને ૨૫ ઑક્ટો. નું ૩૬૫ આપ્યું છે. ૩૬૫−૩૨૪=૪૧ નો વધારો ૧૧ દિવસમાં થાય છે તો ૫ દિવસમાં ૫+૪૧÷૧૧=૧૯ (લગભગ) વધારો થાય. તેથી ૧૯ ઑક્ટો. નું ૧૬ાા કલાકનું છાયાફલ =૩૨૪+૧૯=૩૪૩.

આ જ પ્રમાણે કોષ્ટકમાં ૧૭ કલાકનું ૧૪ ઑક્ટો. નું છાયાફલ ૫૪૭ અને ૧૫ ઑક્ટો. નું ૬૪૮ છે. ૬૪૮−૫૪૭=૧૦૧. ૫×૧૦૧÷૧૧=૪૬ (લગભગ), તેથી ૧૯ ઑક્ટો. નું ૧૭ ક. નું છાયાફલ=૫૪૭+૪૬=૫૯૩. આમ, ૧૯ ઑક્ટો. નું ૧૬ાા ક. નું છાયાફલ ૩૪૩ અને ૧૭ ક. નું ૫૯૩ છે. આપણું છાયાફલ ૪૪૭ છે. ૫૯૩ − ૩૪૩ =૨૫૦ નો વધારો ૩૦ મિનિટમાં થાય છે, તો ૪૪૭−૩૪૩=૧૦૪ નો વધારો ૧૦૪×૩૦÷૨૫૦=૧૨ મિ. (લગભગ) માં થાય. તેથી ૧૬ાા ક.+૧૨ મિ. =૧૬ ક. ૪૨ મિ. દૃશ્ય કાલ.

કોષ્ટકમાં ૧૪ ઑક્ટો. નું વેલાંતર−૧૪ મિ. અને ૨૫ ઑક્ટો. નું −૧૬ મિ. છે. તે પરથી ૧૯ ઑક્ટો. નું −૧૫ મિ. આવે. ૧૬ ક. ૪૨ મિ. −૧૫ મિ.=૧૬ ક ૨૭ મિ. સ્થાનિક કાલ હવે દ્વારકાના રેખાંશ ૬૯ છે. ૮૨ાા−૬૯=૧૩ાા. ૧૩ાા×૪=૫૪ મિ. ૧૬ ક. ૨૭ મિ +૫૪ મિ.=૧૭ ક. ૨૧ મિ. જૂનો સ્ટાં. ટા.=૧૮ ક. ૨૧ મિ. નવો સ્ટાં. ટા.

કોષ્ટકમાં ૧૪ ઑક્ટો. નો સૂર્યોદય ૬ ક. ૧૧ મિ. અને ૨૫ ઑક્ટો. નો ૬ ક. ૧૮ મિ. છે. આ ઉપરથી ૧૯ ઑક્ટો. નો સૂર્યોદય ૬ ક. ૧૪ મિ. દૃશ્ય કાલ.

વેલાંતર −૧૫ મિ. છે. તેથી ૬ ક. ૧૪ મિ.−૧૫ મિ.=૫ ક. ૫૯ મિ. સ્થાનિક કાલ. અને ઉપર પ્રમાણે ૫ ક. ૫૯ મિ.+૫૪ મિ.=૬ ક. ૫૩ મિ. જૂનો સ્ટાં. ટા.=૭ ક. ૫૩ મિ. નવો સ્ટાં. ટા. સૂર્યોદયનો સમય.

કોષ્ટકમાં ૧૪ ઑક્ટો. નો સૂર્યાસ્ત ૧૭ ક. ૪૯ મિ. અને ૨૫ ઑક્ટો નો સૂર્યાસ્ત ૧૭ ક. ૪૨ મિ.. છે. તે પરથી ૧૯ ઑક્ટો નો ૧૭ ક. ૪૫ મિ. દૃશ્ય કાલ.

૧૭ ક. ૪૫ મિ.−૧૫ મિ=૧૭ ક. ૩૦ મિ. સ્થાનિક કાલ.

૧૭ ક ૩૦ મિ+૫૪ મિ,=૧૮ ક. ૨૪ મિ. જૂનો સ્ટાં. ટા.=૧૯ ક. ૨૪ મિ નવો સ્ટાં. ટા. સૂર્યાસ્ત.

હરિહર ભટ્ટ

જીવનપરાગ

વિખ્યાત અમેરિકન હાસ્યલેખક માર્ક ટ્વેન (એનું સાચું નામ ક્લેમેન્સ) નાનો હતો ત્યારે નિશાળમાં કાંઈક તોફાન કરવા માટે તેને પાંચ ડૉલર દંડ અગર આખી નિશાળ સમક્ષ હાથ પર નેતરની સોટીના પાંચ ફટકાની હેડમાસ્તરે સજા કરી. ઘેર આવીને તેણે પોતાના પિતાને આ સજાની વાત કરી. પોતાના છોકરાને જાહેરમાં સજા થાય તે કરતાં દંડ ભરી દેવાનું સ્વાભિમાની પિતાએ પસંદ કર્યું, પણ સાથેસાથે કહ્યું, 'હેડ માસ્તરને આપવાનો દંડ તો હું ભરી દઇશ. પણ તારા આ ગુનાની સજા તને તો બરોબર યાદ રહેવી જોઇએ, એટલે તને હું અહીં પાંચ ફટકા મારીશ.'

પાંચ ફટકાની વેદના તો ક્લેમેન્સને બહુ થઈ; પણ બીજે દહાડે નિશાળે જતાં તેને એક બુટ્ટો સૂઝ્યો. પાંચ ફટકા ખાવાથી ઘડીભર વેદના જ થાય છે; કાંઇ મરી નથી જવાતું. માટે બીજા પાંચ ફટકા હેડમાસ્તરને હાથે પણ જાહેરમાં ખાઈ લેવા, અને આ દંડના પાંચ ડૉલર આપણે ખિસાખર્ચ માટે રાખવા શા ખોટા?' . . . અને તેણે નિશ્ચયથી બીડેલા હોઠે બીજા પાંચ ફટકા પણ જાહેરમાં ખાઈ લીધા.

મોટો થયા પછી ટ્વેન પોતાના મિત્રોને કહેતો કે એ પાંચ ડૉલર એ મારા જીવનની પહેલી કમાણી હતી.

જલિયાંવાલા બાગમાં જનરલ ડાયરે કરેલી કતલની તપાસણી કરવા હંટર સમિતિ નિમાઈ, ત્યારે ચીમનભાઇ (સર ચીમનલાલ સેતલવાડ) તેના સભ્ય હતા. હંટર કમિટીનો પ્રમુખ લૉર્ડ હંટર પહેલાં તો સ્વતંત્ર વિચારનો હતો, પણ લાહોર જઈને એ બદલાયો. ચાર અંગ્રેજો એક તરફ અને ત્રણ હિંદીઓ બીજી તરફ અને તેમના અગ્રણી ચીમનભાઈ. આખરે રીપોર્ટ લખવા બધા આગ્રા જઇને એક બંગલામાં રહ્યા. બે પક્ષનો અંગત સંબંધ પણ બગડ્યો. સાથે જમવાનું પણ છોડ્યું. એક વખત વાત કરતાં હંટર ગરમ થઇ ગયો. તેણે ચીમનભાઇને કહ્યું: 'તમારે અંગ્રેજોને દેશ બહાર કાઢવા છે?' ચીમનભાઇએ જવાબ આપ્યો: 'જરૂર, જો અંગ્રેજોના પ્રતિનિધિઓ તમારા જેવા હોય તો!' ('સીધાં ચઢાણ'માં કનૈયાલાલ મુનશી)

સર ગુરુદાસ બૅનરજી (જે પાછળથી જજ થયા) જ્યારે કલકત્તામાં હાઇકોર્ટ વકીલ હતા ત્યારે એક વખત કોઇ કેસને કામે બહારગામની કોર્ટમાં જતાં ત્યાંના જજે એમની નાની ઉમર અને છોકરવાદી દેખાવ જોઈ શંકાથી પ્રશ્ન કર્યો કે 'તમે હાઈકોર્ટ વકીલ છો એ હું કેમ માનું?' સર ગુરુદાસે અદબથી કહ્યું કે, આપ અહીંના મારા મદદનીશ વકીલને પૂછીને ખાત્રી કરી શકો છો.' પણ એથી યે જ્યારે જજે સંતોષ ન બતાવ્યો ત્યારે સર ગુરુદાસે કહ્યું કે 'હું અહીં હાઇકોર્ટ વકીલ તરીકેના મારા હકથી આપની સામે ઊભો રહેવાનો જ છું; અને આપના માન્યામાં તે ન આવતું હોય તો ખોટા અધિકારધારી તરીકે આપ મારી સામે કેસ કરી શકો છો.' કહેવાની જરૂર નથી કે વાતનો ત્યાં તરત અંત આવી ગયો. (ચુનીલાલ બોઝ)

જે નિયમબદ્ધતાને નથી માનતો તે વાસ્તવમાં સ્વતંત્રતાને પણ નથી માનતો. કુદરત સ્વતંત્ર છે, કારણ તે નિયમબદ્ધ છે.

જેઓ જીવનને પૂરેપૂરી રીતે માણી શકે છે તેમને મૃત્યુની વ્યાખ્યાઓ શોધવાની માથાકૂટમાં ઊતરવું પડતું નથી.

સંયમથી રાખેલું મૌન જ હિતકારી છે. ભયથી રાખેલું મૌન પતનકારી છે.

યુવાની એ વેગનું અને ઘડપણ એ વિવેકનું પ્રતિબિંબ બનવું જોઇએ.

સંસારનાં શહેરો

૪૪–ક્વિબેક

ચાલુ મહાયુદ્ધને અંગે વગોલી છેલ્લી ઍંગ્લો-અમેરિકન મંત્રણાઓથી પંકાએલું કૅનેડાનું આ નાનકડું શહેર કૅનેડાના તેમજ જગતના ઇતિહાસમાં બે મહત્ત્વના પ્રસંગોથી અંકાએલું છે. એક તો કૅનેડા શોધનાર ફ્રેન્ચ નૌકાસફરી જૅક્સ કાર્તિયર પહેલવહેલો ત્યાં ઊતર્યો, ને કૅનેડાનું સૌ પહેલું ગોરૂં (ફ્રેન્ચ) સંસ્થાન શૅમ્પ્લેઇને ત્યાં વસાવ્યું; અને બીજું, પાણીને કિનારે ઊભેલી સીધા ચઢાણવાળી ઊંચી ટેકરી પર આવેલી કુદરતી રક્ષણવાળી તેની મજબૂત કિલ્લેબંદીમાં ગાબડું પાડીને જનરલ વૂલ્ફે અંગ્રેજોને માટે કરેલો તેનો વિજય. તેત્રીસ વરસના એ નવજવાન બ્રિટિશ જનરલે માત્ર ૮૦૦૦ સૈનિકોની મદદથી બુદ્ધિ અને બાહુબળથી કરેલી ક્વિબેકની એ કુનેહગીરી જગતના લશ્કરી ઇતિહાસનું એક મહાકાવ્ય ગણાય છે.

બ્રિટિશોની કૅનેડાની જીતના પ્રતીક રૂપ આ નગર કૅનેડાનું સૌથી જૂનું, ઐતિહાસિક મહત્ત્વનું અને રૂપસુંદર શહેર છે. ૧૭૭૬થી ૧૮૪૧ સુધી તો તે કૅનેડાનું પાટનગર હતું. આટલાંટિક મહાસાગરમાં મુખ ફાડીને પડેલા સેન્ટ લૉરેન્સના અખાતમાં પડતી સેન્ટ લૉરેન્સ નદીને કાંઠે આવેલું હોઈ કૅનેડાના દરિયાઈ વેપારનું પણ તે અગત્યનું મથક છે.

'ક્વિબેક' એ મૂળ અમેરિકન ઈન્ડિયન ભાષાનો શબ્દ છે, ને તેનો અર્થ થાય છે: 'સાંકડું થયું' સેન્ટ લૉરેન્સ નદી અહીં સાંકડી થતી હોઈ તેનું એ નામ પડેલું.


સેન્ટ લૉરેન્સના અખાતમાં ૩૦૦ માઈલ અંતરાળમાં, નદીને ઉત્તર કાંઠે, આઠ માઈલ પથરાએલા ઉચ્ચ પ્રદેશ પર તે વસેલું છે, અને નદી પર પડતો તેનો બાગ તો કેપ ડાયમંડ નામની સીધા ચઢાણવાળી ૩૩૩ ફૂટ ઊંચી ટેકરી પર નદી પર તોળાઇ રહ્યો છે, જેના પર જૂનો ફ્રેન્ચ કિલ્લો છે. ત્યાંથી નદીને કાંઠે-કાંઠે તથા અંતરાળમાં ઢોળાવ પકડતું શહેર વસ્યું છે અને તેને છેડે તેની વિશાળ ને ઊંડી બંદરગાહ આવેલી છે. વરસમાં માત્ર ત્રણ-ચાર માસ જ તે બરફને લીધે બંધ રહે છે, અને દુનિયાભરમાં મોટામાંમોટી સુકી ગોદી તરીકે મશહૂર તેનો ડક્કો મોટાંમોટાં જંગી જહાજોને સમાવે એવડી વિશાળ છે.

ઉપલું શહેર અને નીચલું શહેર એવા ક્વિબેકના બે ભાગ છે. સાંકડા ને વાંકાચૂંકા રસ્તા તથા ગીચ મહોલ્લાવાળું નીચલું ગામ જૂની ફ્રેન્ચ વસાહતથી સભર ભર્યું છે ને શહેરનો વેપાર પણ બધો ત્યાં જ ધમધમે છે. ઉપલા શહેરમાં પહોળા રસ્તા, ઉજળિયાત વસતિ અને જાહેર મકાનો છે. તેમાં ૧૪૦૦ ફૂટ લાંબી ને ૨૦૦ ફૂટ ઊંચી 'ડફરિન ટેરેસ' નામની જગ્યા બહુ વખણાય છે. લશ્કરી દૃષ્ટિએ અજેય ગણાએલો ફ્રેન્ચનો મૂળ કિલ્લો પણ અહીં જ છે. ત્યાંથી પેલી મેર 'અબ્રાહમનાં મેદાન'ના નામનો સપાટ પ્રદેશ છે, જ્યાં વૂલ્ફે ફ્રેન્ચ લશ્કરનો સામનો કરેલો અને ક્વિબેક જીતતાં માર્યો ગએલો.

અહીં આકરી ઠંડી પડે છે, પણ હવામાન તંદુરસ્તીભર્યું છે, જે શિયાળામાં ૧૦ ડિગ્રી ને ઉનાળામાં ૭૦ ડિગ્રી સુધી રહે છે. વસતિનો ૯/૧૦ ભાગ રોમન કૅથૉલિક ધર્મ પાળે છે અને દોઢ લાખની વસતિમાંથી સવા લાખ જેટલા તો ફ્રેન્ચ કૅનેડિયન જ છે.

ક્વિબેક પ્રાંતની રાજધાનીનું આ શહેર લાંબા કાળ સુધી કૅનેડાનું મુખ્ય બંદર હતું, પણ પાછળથી મૉન્ટ્રીઅલનું મહત્ત્વ વધ્યું. જોકે હમણાં પાછું તે જામતું જાય છે. ક્વિબેકનાં સમૃદ્ધ જંગલો, અને નદીઓ તથા સરોવરોથી ભરચક તેની જળશક્તિના ઉત્પન્ન ઉપર તેનો વેપાર અવલંબે છે. શૉવિનિગનના વિખ્યાત જળધોધમાંથી તેને મબલખ વીજળિક શક્તિ મળે છે અને દુનિયામાં સૌથી અદ્યતન મનાતું કાગળનું કારખાનું પણ હમણાં અહીં જ સ્થપાયું છે. સાંચાકામ, ચામડાં, કટલરી, બંદુકનો દારૂ, દોરડાં, પોલાદ અને વાજિંત્રોની બનાવટ એ તેના મુખ્ય ઉદ્યોગો છે.

ઈ. ૧૫૩૫માં જૅક્સ કાર્તિયરે તે શોધી કાઢ્યું ત્યારે ત્યાં સ્ટૅડાકૉના નામનું દેશી ઈંડિયનોનું મોટું ગામ હતું. ઇ. ૧૬૦૮ના જુલાઇમાં શૅમ્પ્લેઇને 'ન્યૂ ફ્રાન્સ'ના નામથી અહીં વસાહત સ્થાપીને આ શહેરની સ્થાપના કરી. પણ તેની પ્રગતિ બહુ જ ધીમી થઈ. ઈ. ૧૬૨૯ સુધી માત્ર બે જ ગોરાં કુટુંબોએ ત્યાં કાયમી વસવાટ કર્યો હતો; બાકી પાદરીઓ, વેપારીઓ ને અમલદારો આવજા કરતા. અંગ્રેજોનો ડોળો તેના પર પહેલેથી જ હતો, એટલે એ જ સાલમાં (૧૬૨૯માં) સર ડેવિડ કર્કની સરદારી નીચે તેમણે તેના પર આક્રમણ કરી જીત્યું, પણ ૧૬૩૨માં પાછું ફ્રેન્ચને આપી દેવું પડ્યું. ૧૬૯૦માં માસાચુસેટ્સના ગવર્નર સર વિલિયમ ફિપ્સે તેને જીતવા ફરી હુમલો કર્યો, પણ હાર્યો ૧૭૧૧માં સર હૉવેન્ડન વૉકરની સરદારી નીચે મોકલેલો મોટો કાફલો વહાણો ભાંગી જવ ને કારણે નિષ્ફળ ગયો. પણ અંગ્રેજોએ ધીરજ ન ખોઇ. અંતે ૧૭૫૯ની ૧૮મી સપ્ટેમ્બરે જનરલ વૂલ્ફના વીરત્વ અને ભોગ વડે જનરલ આમહર્સ્ટે તે જીત્યું, અને ૧૭૬૩ની પારીસની સંધિથી બ્રિટિશરોને કબજે છેવટનું સોંપાયું.



ધૂઘવતી સેન્ટ લૉરેન્સ નદી પર તોળાઈ રહેલી દુર્ધર્ષ ટેકરી ઉપરની કિલ્લેબંદી તથા 'ડફરિન ટેરેસ' નામની ૧૪૦૦ ફૂટ લાંબી વિશાળ મનોહર નગર-અટારી દર્શાવતું ક્વિબેકનું દૃશ્ય.

વિકસતું વિજ્ઞાન

કપાસનો આઈસ્ક્રીમ ! રખે ચમકતા. વિજ્ઞાનની આ એક નવી પ્રક્રિયા છે અને તે દ્વારા બનેલો આઈસ્ક્રીમ હોંશે હોંશે ખાઈ શકાય તેવો હોય છે. કપાસમાં સેલ્યુલોઝનું પુષ્કળ પ્રમાણ રહ્યું હોય છે એ તો સૌકોઈ જાણે છે. અને એ સેલ્યુલોઝનું ખાદ્યમૂલ્ય અથવા વિજ્ઞાનની પરિભાષા વાપરીએ તો 'starch equivalent' ખૂબ ઊંચું હોવાનું વિજ્ઞાને થોડા જ સમય પર શોધી કાઢ્યું છે. 'હાઇડ્રોલીસિસ' (hydrolissis) નામે ઓળખાતી પ્રક્રિયા દ્વારા એ સેલ્યુલોઝનું ગ્લુકોઝ વર્ગની સાકરમાં રૂપાંતર કરવામાં આવે છે. આવી જ રીતે જુદાંજુદાં ધાન્ય, બટાટા વગેરેમાંથી પણ સાકર સારવીને તેનો લિજ્જતદાર આઈસક્રીમ હવે અમેરિકામાં બનવા માંડ્યા છે. —અ.

એડિયો–સ્કેલ (Adio-scale) નામનું એક નવું યંત્ર હમણાં બનાવવામાં આવ્યું છે, જે વડે આંધળાઓ પણ નાની નાની વસ્તુઓ સાચી પદ્ધતિથી જોખી શકે છે. આ યંત્રનો ખ્યાલ અમેરિકાની એક અંધ બાઇ એવીલી વૉટસનને આવ્યો હતો. એમાં ખુબી એ છે કે એ ભિન્ન ભિન્ન વજન દીઠ એક એક્લાહેદા પ્રકારનો રણકાર કરે છે. —ઇ. સ. દ.

ભેદી ગોળીબાર

(અનુસંધાન પૃ. ૧૬૬થી

પ-પુરાણું ફર્નિચર નવું બનાવવાનું કારખાનું

બે દિવસ બાદ હિલ્ડ્રેથ એના મિત્ર ઈન્ગ્રામને સાથે લઈને વેસ્ટમેકૉટના ભાઈ રાલ્ફના કારખાને ગયો. ત્યાં પુરાણું ફર્નિચર સુધારવાનું, સમું કરવાનું અગર તેને નવું કરવાનું વગેરે કામ થતાં હતાં. કારખાનું ઘણું જંગી હતું અને ભૅમૂલ તથા અપ્રાપ્ય કિંમતી ફરનીચરો—જેવાં કે વૉલ્નટનું ટૉમ્પિયન ક્લૉક, અંદરની બાજુ રૂપાના અસ્તરવાળું કપડાનું કબાટ, સર્પાકાર પીડવાળો બાદશાહી કૅાચ-વગેરે પુરાણી કળાના અમૂલ્ય અને દુષ્પ્રાપ્ય નમૂનાઓ પર અતિશય ઝીણવટવાળું શ્રમસાધ્ય સમારકામ ચાલી રહ્યું હતું.

પણ હિલ્ડ્રેથને આ બધાંમાં રસ નહોતો. રાલ્ફ એ બંનેને કારખાનાના અંદરના ભાગમાં લઈ ગયો. ત્યાં કીડાઓએ કોતરી ખાધેલા ને ટીચાઈ ગએલા અથવા અતિશય ઘસાઈ ગયેલા ભાગોને કાઢી નાખી તેની જગાએ બરોબર બંધબેસતા થાય એવા ભાગો ખુબીથી બેસાડવામાં આવતા હતા. એ કામ બતાવી વેસ્ટમેકૉટે અભિમાન સાથે કહ્યું કે, 'અહીં અમે નવા ભાગ કલમ કરીને એવી રીતે ચોંપી દઈએ છીએ કે ભલા નિષ્ણાત કારીગરને પણ તે પારખવા મુશ્કેલ પડે.'

'ત્યારે તો તમારે એ કામ માટે જૂનાં ફર્નિચર ને જૂનાં લાકડાંના કટકાઓનો જંગી જથ્થો રાખવો પડતો હશે ?' હિલ્ડ્રેથે પ્રશ્ન કર્યો.

'જંગી ? કેવડો જંગી એ તો તમે આવીને જુઓ એટલે ખબર પડશે !' એમ કહીને તે બંનેને એ એક વિશાળ માળિયા પર લઈ ગયો, જેમાં જુદાજુદા સમયનાં જાતજાતનાં જૂનાં ફર્નિચરના કટકાથી ભરચક ભરેલા ઘોડા અને છાજલીઓ તેમની દૃષ્ટિએ પડી. હિલ્ડ્રેથે તેમને હાથમાં લઈને તપાસવા માંડયા. તેમાં મેલાં લાકડાંના મોટી પરનાળોને મળતાં આવતા, અર્ધ ભૂંગળાં જેવા, અંબરના રંગના કટકા તરફ તેનું ખાસ ધ્યાન ખેંચાયું અને તેણે કહ્યું, 'આ તો ઘણાં જ પુરાણાં દેખાય છે.'

'હા, એમ જ છે.' રાલ્ફ વેસ્ટમેકૉટે જવાબ આપ્યો.

'એલ્મના લાકડાની પાણીની નળીઓ, ને તે પણ ડર્બીશાયરની હદમાંથી હાથ આવેલી, નહિ વારુ ? મને ચોક્કસાઈથી કહી શકશો કે તે ક્યાંથી આવેલી છે ?' હિલ્ડ્રેથે પૂછ્યું.

રાલ્ફ વેસ્ટમેકૉટ તો માથું ખજવાળતો એના સામે જ જોઈ રહ્યો ! 'તમે એ શી રીતે પરખી કાઢી ?' અને પછી અચંબા સાથે તેણે કહ્યું, 'હા, તે પુરાણી પાણીની નળીઓ છે અને ડર્બીશાયરમાંથી આવેલી છે. એકાદ માસ પહેલાં બૅટર્સ્બીની ટેકરી નજીક રૅવનશામ પાર્કમાંથી તે ખોદી કાઢવામાં આવી હતી.'

હિલ્ડ્રેથે આ હકીકત ધ્યાનપૂર્વક લખી લીધી. પછી તેની પાસેથી એનો એક કટકો માગી લેતાં કહ્યું, 'મારે આનો એક પ્રયોગ કરવો છે' અને પછી ઉમેર્યું, 'આમાંના નકામા કટકા તમે તમારા ભાઈ હેન્રીને મોકલતા હતા તે હકીકત પણ ખરી ને ?'

'હા, ખરી જ; પણ આ બધું છે શું ?'

'કાંઈ નહિ: પણ એમને ત્યાં પડેલા કટકામાંથી આ જાતને મેં તરત ઓળખી કાઢી. વારુ, આપનો ઉપકાર થયો.' એમ કહીને સ્મિત સાથે હિલ્ડ્રેથ અને તેના મિત્રે ત્યાંથી રજા લીધી.

૬-બૅટર્સ્બીની ટેકરી

ત્રીસમી ઑક્ટોબરે ઇન્ગ્રામને બૅટર્સ્બીની ટેકરી પર આવેલી બ્લૅક બુલની હૉટેલમાંથી હિલ્ડ્રેથનો પત્ર મળ્યો. તેમાં તેણે ઈન્ગ્રામને ત્યાં તેડાવ્યો હતો. તે બીજે દિવસે ત્યાં જઈ પહોંચ્યો, એટલે નાસ્તો કરતાં હિલ્ડ્રેથે કહ્યું, 'દોસ્ત, આપણે છેલ્લા મળ્યા ત્યાર પછી ખૂબ કામગીરી બજાવી. માત્ર એક અંકોડો બેસાડવાનો બાકી છે; એ મળી જાય એટલે આપણું કાર્ય પૂરું થાય. . .

આ ગોળી જેમાંથી છૂટી તે ગૅનિયનની જ બનાવેલી દ્વંદ્વયુદ્ધની પિસ્તોલ હતી. મેં તે પિસ્તોલ પણ જાતે જોઈ. તે જાતની બે પિસ્તોલો છે, જે ઈ. ૧૭૧૦ની સાલથી એક બાજુએ મૂકી દેવામાં આવી છે. તેમાંની એકમાંથી ગોળી છોડી નાંખવામાં આવેલી હતી, પણ બીજીમાં ગોળી હજી ભરેલી હતી, અને તે મેં તેના માલિકની રજાથી કાઢી લીધી છે. . .

અહો ! કેવો વિચિત્ર એ અનુભવ ! વેસ્ટમેકૉટને જે ગોળીએ ઘાયલ કર્યો તેના જેવી જ આબાદ તે ગોળી છે ! વળી એ તમંચામાંથી ગોળી અને દારૂની વચમાં ઠાંસેલો એક ફાટેલા કાગળનો ડૂચો પણ નીકળ્યો જે 'નાર્ધર્ન ઇન્ટેલિજન્સ'નામના છાપાનો ૧૭૧૦ની સાલના ૧ લી ઑગસ્ટના અંકનો ટુકડો હતો ! '

ઈન્ગ્રામ આતુરતાથી આ બધું સાંભળી રહ્યો હતો. કૉફીના થોડા ઘૂંટડા ભરી હિલ્ડ્રેથે આગળ ચલાવ્યું: 'મારી તપાસ વખતે રૅવનશામ હૉલના માલિકો, કૉફાર્ડનાં કુટુંબીજનો, દરેક વસ્તુ વિષે બહુ નિખાલસ માલૂમ પડ્યા. પ્રથમ તો તેઓ લગાર અતડા જણાયા, પણ જ્યારે કોફાર્ડને મેં સઘળી વાત જણાવી ત્યારે તે પૂરેપૂરા અનુકૂળ થયા. . .

હવે મારે જે કહેવાનું છે તે ધ્યાન દઈને સાંભળ, અને તારા મનને ૨૩મી ઑક્ટોબરની રાત્રિ અને વેસ્ટમેકૉટના દીવાનખાના તરફ લઈ જા. ત્યાં તને વેસ્ટમેકૉટ ખુરશી પર બેઠેલા માલૂમ પડશે. જાણે ખાલી જગ્યામાંથી છોડેલી એક ગોળી એના ખભાને વાગે છે અને ત્યાંથી દિશા બદલીને તે રેડિયો-સેટમાં પેસે છે. હવે, પ્રથમ એ મુદ્દો ધ્યાનમાં લે કે ગોળીની દિશા એમ બતાવે છે કે વેસ્ટમેકૉટનાં પગ 'નીચેના' કોઈ સ્થળેથી તે છોડવામાં આવી હોય. હવે બીજો મુદ્દો એ ધ્યાનમાં લે કે આવા મોટા કદની ગોળીની ઝડપ જો ઘણી હોત તો તેણે ખભાની હાંસડીનો કચ્ચરઘાણ વાળી નાખ્યો હોત, એટલું જ નહિ પણ તે સહેજ વંકાઈને એના ગળાની આરપાર પણ નીકળી ગઈ હોત. . . .

પણ ના, તેમ બન્યું નહિ, કેમકે તેની ઝડપ થોડી હતી અને તેથી સીધા ઉપલકિયા ઘા વાળો માત્ર મામૂલી અસ્થિભંગ થયો અને ત્યાંથી સહેજ તિરછી દિશામાં નીકળી તે વાયરલેસ સેટ પર અથડાઈ.

તો પછી આ ગોળી આવી ક્યાંથી ? તે કોઈ કહી શકતું નથી. ભલો બીચારો કૉગહિલ એના ફોટોગ્રાફ લેવા જાય છે. વાયરલેસનામાં આગળ જ એનું પ્લેટ-કેસ તે મૂકે છે. પા કલાક સુધી આમતેમ ફરવામાં ગુમાવે છે અને પછી જ્યારે ફોટોગ્રાફો લે છે ત્યારે દરેકે દરેક પ્લેટમાં, તેના ચામડાના કેસની આરપાર, પોતાની શક્તિથી પ્રકાશિત થએલી ગોળીનો ફોટોગ્રાફ પડે છે ! અને તે પણ તેના મૅહૉગનીનાં ખોખાંનાં ખાનાંઓની હારની પાર થઇને, અગર વાસ્તવિક કહીએ તો રેડિયોની પેટીની આસપાસ ૧૮ ઇંચ સુધીમાં પડેલી સઘળી વસ્તુઓની આરપાર થઇને !'

ઇન્ગ્રામે આશ્ચર્યથી ફાળ ભરીને પૂછ્યું, 'શું તમે એમ કહેવા માગો છો કે પેલી શનિના ગ્રહ જેવી છાપો તે એ ગોળીના જ ફોટોગ્રાફ હતા?'

'હા, એ ગોળીના જ ફોટોગ્રાફ ! સામાન્ય 'એકસ રે'નું યંત્ર જે પ્રકારનું તેજ ફેંકે છે તેનાથી જરા ટૂંકું પણ સખ્ત કિરણ એ ગોળીમાંથી ફેંકાતું હતું ! '

'પણ તે કેમ બની શકે ?'

'પિચબ્લૅન્ડ !' હિલ્ડ્રેથે ઉત્તર આપ્યો; 'એ જ એનું કારણ. કૉર્નવૉલના અમુક પ્રદેશો બાદ કરતાં ડર્બીશાયરની ટેકરીઓવાળા પ્રદેશોમાં અને યૉર્કશાયરમાં ઇંગલબરોની આસપાસની કેટલીક ધ્રુરી-

છવાઇ ગુફાઓમાં 'પિચબ્લૅન્ડ'ના થર માલૂમ પડે છે. સામાન્ય રીતે તે રૂપાના મોટા પ્રમાણ સાથે મિશ્ર થએલા સીસામાં ભળેલું હોય છે. આ ગોળીની તપાસણીમાં પણ સીસું ને રૂપું માલૂમ પડ્યું, એટલું જ નહિ પણ 'પિચબ્લૅન્ડ'ના આંકાઓની નિશાનીઓથી એ અંકિત થએલું હોઇ તે તેની સાથે ગળાએલું માલૂમ પડ્યું.

'હવે, કૉગહિલે જે ફોટોગ્રાફ ફરીથી પાડ્યા તેમાં પેલા ગ્રહની પ્રતિમા કેમ ન જણાઈ એ પ્રશ્ન થશે.' હિલ્ડ્રેથે સહેજ થોભીને કહ્યું; 'તેનું કારણ એટલું જ કે તે વખતે તેણે તેનું પ્લેટકેસ રેડિયો સમક્ષ મૂક્યું ન હતું. તેજનાં સક્રિય પ્રક્ષેપણો નાના પ્રદેશની બહાર જઈ શક્યાં નહિ.

પણ આ બન્ને પ્રકારના ફોટોગ્રાફોમાં ગોળીના સ્થળે તો ધુમ્મસના આભાસ સિવાય બીજું કાંઈ જણાયું નહિ; અને તે વાસ્તવિક જ હતું. ઝડપી ફોટોગ્રાફના કાચ પર જલદ ઇમલ્શન (દવા)ની મદદથી લાંબું એક્સ્પોઝર આપીને રેડિયમનાં કિરણો કેન્દ્રિત કરવાનું પરિણામ ધુમ્મસ વિના બીજું શું હોઈ શકે !'

હવે આ બધું સ્પષ્ટ હતું. સીસાની ગોળીના રેડિયમ કિરણોત્સર્ગી ગુણોએ આ વસ્તુસ્થિતિ ઉપજાવી હતી. ગોળી એના ભારોભાર સુવર્ણના કરતાં વધારે કિંમતી હોવાની અને તેનાથી કોઇ બહુ પૈસાદાર બનવાની વાત હવે સમજાય તેવી હતી. જ્યાંથી આ ગોળીનું સીસું મેળવવામાં આવ્યું હતું તે રેડિયમના તત્ત્વવાળા 'પિચબ્લૅન્ડ'ના થરોનું સ્થળ નક્કી થયેથી પૈસાદાર બનવાની વાત સ્વપ્નવત્ નહોતી. હવે ખૂટતો અંકોડો કેમ મળ્યો તે જોઇએ.

૭-રૅવનશામ હૉલ

ડર્બીશાયરના એ પ્રદેશમાં મજલ કરતાં તેઓ રૅવનશામ હૉલ પાસે આવી પહોંચ્યા. ત્યાં કેટલાક મજૂરો સર્પાકારે આવેલી એક ખાઈ ખોદતા હતા. આ બંનેને દેખીને તે કામ કરતા અટક્યા અને નજીકના એક ઝૂંપડામાંથી એક ઠૂંકો, જાડો, ચશ્માં પહેરેલા માણસે તથા એક વૃદ્ધ પીળચટા ચહેરાવાળા માણસે બહાર આવીને એ બંનેનું સ્વાગત કર્યું. પ્રથમનો માણસ એક રસાયણશાસ્ત્રી હતો અને તેનું નામ સૅાવર્બી હતું. બીજો જે વયોવૃદ્ધ હતો તે આ જાગીરનો માલિક મેજર જનરલ સર આર્થર કૅાફાર્ડ હતો.

હિલ્ડ્રેથે સૅાવર્બીને પ્રશ્ન પૂછ્યો, 'કેમ? કાંઈ આશા પડે છે? મારો પ્રયોગ કરી જોયો ?'

સૅાવર્બી ઉત્સુકતા સાથે તેમને ઝૂંપડામાં લઇ ગયો. તેઓએ ત્યાં પેટ્રોલના એક જલદ વાયુ-દીપ પર ચળકાટ સાથે બળતું ફાયર-ક્લેનું બકયંત્ર (retort) દીઠું. એના ઠૂંકા ચપટા મુખની આસપાસ અતિ નીલ વર્ણની જ્યોતની મોટી શિખા પ્રકાશ ફેલાવી રહી હતી અને તેમાંથી કાંઇ ફૂટતું હોય એવી રીતે હળવા ધડાકાના તડતડ અવાજ નીકળતા હતા.

'મિ. હિલ્ડ્રેથ, તમારો તર્ક ખરો છે. એ નળીઓમાંનો વાયુ ખરેખર મેથિલ હાઇડ્રાઇડ જ છે.' એમ કહીને તેણે તે શાંત અગ્નિ તરફ આંગળી ચીંધી. 'આગ બળવામાં તો તદ્દન ચોખ્ખો છે.'

'ખરેખર, આ બહુ જ આશ્ચર્યકારક ઘટના છે.' કૅાફાર્ડે ઘોઘરા ખટખટતા અવાજ સાથે કહ્યું. 'આજ પચાસ વર્ષથી આ જમીન પર વખતોવખત તેજના ચમકારા જોઇએ છીએ, પણ કદી તેના પર વિચાર કર્યો નથી કે તે શું હશે!'

હિલ્ડ્રેથ ઝૂંપડામાંથી બહાર નીકળીને, મજૂરોએ કાળી ભેજવાળી જમીનમાંથી ખોદેલી લાકડાની નળીઓ સામે જોઈ રહ્યો હતો. પછી તેણે કહ્યું, 'શાં જબરદસ્ત ઝાડ છે! જાણે મોટા રાક્ષસો જ તો! ખરેખર, તેમાંથી આ નળીઓ કોરી કાઢતાં ઘણી મહેનત પડી હશે!'

'તેની તો ખબર નથી, પણ હું એટલું તો જાણું છું કે તે ઝાડ પાડી નાખવામાં આવ્યાં ત્યારે મજૂરો ખૂબ ઉત્સાહથી કામ કરતા હતા. ખરા મનથી કામ કરે તો શું ન થાય?' જનરલે ઉત્તર આપ્યો.

હિલ્ડ્રેથને પછી કાંઈ વિચાર આવતાં તેણે કૅાફાર્ડ પાસે તે પ્રદેશના નકશાની માગણી કરી. કૅાફાર્ડે એક ટીનના ભૂંગળામાંથી નકશો કાઢીને પાથર્યો અને તેમાં વૃક્ષોની હાર વચ્ચેનો માર્ગ બતાવ્યો. પછી તેનાથી ચાળીસ વાર દૂર આવેલા ક્યારા તરફ આંગળી ચીંધીને કહ્યું, 'નાઇજલ કૅાફાર્ડે આ સ્થળે દ્વંદ્વયુદ્ધ કર્યું હતું. બરોબર એ વૃક્ષોની જ્યાં હાર શરૂ થાય છે તે જ સ્થળે.'

પછી તેઓ એ સ્થળે ગયા. ત્યાંથી એક માઇલ સુધી સમાનાંતરે જતી ટેકરીઓની હાર નજરે પડતી હતી. કૅાફાર્ડે સમજણ પાડી કે તે ટેકરીઓ પર એલ્મનાં વૃક્ષોની જાણે કુંજ બની રહી હતી. ૧૮૦૩ માં એ બધાં ઝાડ પાડી નાખવામાં આવ્યાં. એ પાડેલા ઝાડનાં થડિયાંને કોરી એક નજીકની ટેકરી પરના ઝરામાંથી પાણી લાવવા માટે નળીઓ બનાવવામાં આવી હતી, અને તેને આ મજૂરો ખોદી કાઢતા હતા.

ઈ. ૧૭૧૦ની સાલના ઑગસ્ટ માસની બીજી તારીખની સવારે જે સ્થળે નાઇજલ કૅાફાર્ડ દ્વંદ્વયુદ્ધ કરવા ઊભો રહ્યો હતો તે જ સ્થળે હિલ્ડ્રેથ ઊભો રહ્યો. ત્યાં ઊભા રહીને તેણે પોતાની ફાઉન્ટન પેનને એક પછી એક ટેકરી સામે પિસ્તોલની માફક તાકીને પોતાના મિત્ર ઈન્ગ્રામને સમજાવવા માંડ્યું.

પછી હિલ્ડ્રેથે કૅાફાર્ડને કહ્યું, 'સર આર્થર, ચાલો આપણે એ સમયની ઘટના વિચારી જોઇએ. જાણે તમારા પૂર્વજે એના પિત્રાઈ ભાઇને દ્વંદ્વયુદ્ધનું આહ્વાન આપ્યું.' કૅાફાર્ડે હકારમાં માથું ધુણાવ્યું.

'તે યુદ્ધ તો જાણે, તમારા તે પૂર્વજની બેન પ્રત્યે તમારા પિત્રાઇનો જે ઈરાદો હતો તેને કારણે થએલું, પણ અત્યારે આપણને તેની સામે કાંઈ લેવાદેવા નથી.'

કૅાફાર્ડે નિશ્ચયાત્મકરીતે માથું ધુણાવ્યું.

'આણીએ મામલો પહોંચ્યો ત્યારે કૅાફાર્ડે પોતાના પિત્રાઈને ગોળીથી ઠાર કરવાનો નિશ્ચય કર્યો હતો; પણ પેલા બહાદુર છોકરાને પોતાની ઈજ્જત અને નિર્દોષતામાં ખાતરી હોવાથી તેણે તો પોતાની પિસ્તોલ ઊંચી યે કરી નહિ. તેણે પોતાનો બચાવ કરવા ચોખ્ખી ના પાડી.'

'બરોબર છે, બરોબર છે!' જનરલ કૅાફાર્ડ પ્રશંસાથી બોલી ઊઠ્યા : 'ખરેખર, તે છોકરો પાણીવાળો હતો. તે તો ત્યાં સ્થિર ઊભો જ રહ્યો. બીચારો નાઈજલ જ નાહિમ્મત થઈ ગયો.'

'એ પરથી પછી નાઈજલને એ વસ્તુસ્થિતિ પર ઝડપથી વિચાર આવી ગયો, અને પોતે પેલા વિષે ઉતાવળથી ખોટો વિચાર બાંધ્યો હતો એમ તેને લાગ્યું. અને—' હિલ્ડ્રેથે આગળ ચલાવ્યું 'એ વેળાના વીર લડવૈયાઓની ખાસિયત અનુસાર, પોતાનો પશ્ચાત્તાપ બતાવવા અને ફરી સુલેહ સ્થાપવા માટે, તેણે પાછા ફરીને સૌથી નજીકના એલ્મ વૃક્ષમાં પોતાની પિસ્તોલ છોડી!' એમ કહીને પોતાનાથી આશરે પાંચ ફૂટ દૂરની એક ટેકરી તરફ હિલ્ડ્રેથે ફાઉન્ટન પેનને ચીંધી અને પછી તેને ઠેકાણે મૂકી દીધી.

'પછી તે બે જુવાનિયાઓએ હસ્તધૂનન કર્યું, અને પેલા પિત્રાઇને નાઇજલની સુંદર બેન સાથે પરણવાની રજા મળી. પેલી ગૅનિયનની બે પિસ્તોલો, જેમાંથી ઝાડ પર ગોળી છોડવામાં આવી હતી તે, અને બીજી ભરેલી ગોળી સાથે એમ નેએમ રહી હતી તે, બેને તેનાં ખોખાંમાં પૂરી દઈને આ ઘટનાના એક કૌટુમ્બિક સ્મારક તરીકે સાચવીને મૂકી

દેવામાં આવી, અને ત્યાર પછી સૌએ સુખશાંતિમાં દિવસ વીતાવ્યા.'

'બરોબર અક્ષરશઃ એમ જ બન્યું હતું !' જનરલ કૉફાર્ડે કહ્યું, 'તમે આબેહૂબ વર્ણન કર્યું છે !'

'જો તેમ હોય તો પેલા તમારા અમૂલ્ય નકશા માટે તમને અમે ફરી તસ્દી આપીશું. પેલું 'સ્કૅલ્ટર પૉટ' નામનું સ્થળ, જ્યાંથી ગોળીનું સીસું તે વેળા મેળવવામાં આવ્યું હતું તે જોવાની અમારી ઇચ્છા છે.'

તેઓ ત્યાંથી એક ચઢાવ પર એક માઇલના અંતરે ગયા અને આખરે ત્યાં ખાડા ખોદેલો લાલાશવાળો ખનીજમય સ્ફટિકનો થર તેમની નજરે પડ્યો.

'અહીં જે સીસું વપરાય છે તે આમાંથી મેળવવામાં આવે છે.' સર આર્થર કૉફાર્ડે કહ્યું, 'આ ઓરડાના છાપરામાં પણ એ વાપરવામાં આવ્યું છે. પેલી પિસ્તોલની ગોળીઓ આમાંથી જ ઢાળવામાં આવી હતી. પણ હાલમાં તે કામમાં કાંઇ લાભ જેવું જણાતું નથી.'

હિલ્ડ્રેથે ગજવામાંથી એક નાની હથોડી કાઢીને આ અર્ધા પારદર્શક સ્ફટિકમાંથી એક ટુકડો તોડી પાડ્યો. એમાં ઝાંખા ભૂરા ડાઘા જણાતા હતા અને વિચિત્ર લીલી નસોની જાળ પથરાએલી હતી.

તેણે તે નમૂનો ઠેકાણે મૂકતાં કહ્યું, 'હું ઇચ્છું છું કે હું તમારા આ છાપરાનો માલિક બનું. થોડામાં થોડી કિંમત મૂકતાં યે તમારા મકાન અને જમીન બંનેના કરતાં પણ તે વધારે મૂલ્યનું છે !'

૮-ઉકેલ

ગોળીબારના રહસ્યનો છેવટનો ફકેલ હિલ્ડ્રેથે નીચે પ્રમાણે આપ્યો.

'નાઈજલ કૉફાર્ડે તદ્દન નજીકથી લીલા એલ્મ ઝાડમાં ગોળી છોડી, એટલે તેમાં ઊંડી બખોલ પાડીને ગોળી અધવચ અટકી ગઇ. તે ઘા પર થોડાં વર્ષોમાં છાલોનાં વલયાકારે પડ બંધાઇ ગયાં. ભૂંગળાઘાટની બખોલ અને તેની અંદરની ગોળી એની એ સ્થિતિમાં રહ્યાં.

પછી તે વૃક્ષમાં નાશનાં ચિહ્નોનો પ્રારંભ થયો. બીજાં ઝાડોની સાથે તેને પાડી નાખવામાં આવ્યું અને તેના થડિયામાંથી કોરીને પાણીની નળીઓ બનાવવામાં આવી. હવે એલ્મ એ એવા પ્રકારનું લાકડું છે કે તેને ભેજમાં રાખવામાં આવે તો તેમાં કાંઇ ફેરફાર થતો નથી. ઇંગ્લંડમાં છેક પુરાણા કાળમાં રોમન લોકોએ નાખેલી એલ્મની નળીઓ હજી યે પિકૅડિલીના રસ્તામાંથી સારી સ્થિતિમાં નીકળે છે.

જે ખાનામાં ગોળી પકડાઈ રહી હતી તેમાં એલ્મના પ્રારંભના વિનાશ સમયના વાયુઓ ભરાએલા હતા. તેમાં પછી ભેજવાળા પ્રદેશમાં રહેલા વનસ્પતિજન્ય પદાર્થોમાંથી ઉત્પન્ન થતા વાયુનું ઉમેરણ થયું, અને તે જ માર્શગૅસ, કે જેનું અસ્તિત્વ કોલસાની ખાણોમાં યે હોય છે. સૉવર્બીના બકયંત્રમાંથી જે ગૅસ ધડાકા સાથે બળતો હતો તે એ જ ગૅસ—પછી તેને મેથિલ હાઇડ્રાઇડ, મૅથેઈન, કારબ્યુરેટેડ હાઇડ્રોજન અગર ગમે તે નામથી ઓળખો. તે જ એ માર્શગૅસ. ખાણિયાઓ એને ફાયર-ડૅમ્પ (અગ્નિ-ભેજ)ના નામથી ઓળખે છે અને એના વિષે ભારે બીતિ સેવે છે, કેમકે વાયુ સાથે ભળતાં તે ભડાકા સાથે ફૂટે છે અને આખી ખાણને ઉડાડી મૂકે છે.

હવે બનેલી ઘટના વિષે કાંઇક. પુરાણા ફર્નિચરવાળો રાલ્ફ વેસ્ટમૅકૉટ ડર્બીશાયરમાંથી ફર્નિચરના કામમાં વાપરવા કેટલુંક જૂનું હવાએલું એલ્મનું લાકડું ખરીદે છે. તેમાંથી જે તેના કામમાં આવે એવું નથી હોતું તે તેના ભાઇ હેન્રી વેસ્ટમૅકૉટને ત્યાં હમેશાની જેમ મોકલે છે. હેન્રી મહેનત લઇ તેમાંથી સારા કટકા કાપી લે છે અને બાકીનું બાળવાના લાકડા તરીકે સંઘરે છે.

ત્યાર પછી એક ઑક્ટોબરની અંધકારમય વરસાદવાળી રાત્રિએ તે પોતાની તાપવાની સગડીમાં પેલા સંઘરેલા લાકડામાંથી એક ટુકડો મૂકે છે, અને પછી તાપવા માટે તે સઘડી પર પોતાના પગને લંબાવે છે. અને. . . અને . . . નિતનવીન નવતરો સરજતી ધરતીનું રહસ્ય એના ઘરના ખૂણામાં પોતાનો ભાગ ભજવે છે. હેન્રી 'સૂ સૂ' કરતો અવાજ સાંભળે છે. પેલા ગોળીવાળા નરમ એલ્મના ઢીમચાની રેસામય બારીક નળીઓમા હવા ધસીને પ્રવેશ કરે છે, અને, કુદરતના અકલિત નિયમાનુસાર, જે પોલાણમાં ગોળી સંતાએલી છે તેમાંના હાઈડ્રો કાર્બન મૅથેઇનની ભયંકર ગૂઢ શક્તિને તે બળ આપે છે.

એલ્મના ઢીમચાના લીસા ઘામાં રહેલા માર્શ ગૅસમાં ધડાકો કરવાની જે શક્તિ હતી તેની અર્ધશક્તિ નાઈજલ કૉફાર્ડની પિસ્તોલની પોલાદની નળીના દારૂગોળામાં ન હતી. પોલાણમાં પ્રત્યેક પળે વધારે ને વધારે ગૅસ ભરાતો જતો હતો એટલે દબાણ વધતું હતું, અને તેની સાથે વાયુ ભળ્યો. અગ્નિ ઢીમચાના અંદરના ભાગનું ભક્ષણ કરીને પેલા, ભયંકરરીતે ધડાકા સાથે ફૂટે એવા મિશ્રણના સંપર્કમાં આવ્યો અને તેના પરિણામે ધડાકા સાથે ઢીમચામાં ભરાએલી ગોળી છૂટી અને હેન્રીના ખભામાં વાગી !

એટલે ઈ. ૧૭૧૦ની બીજી ઑગસ્ટના પ્રભાતે નાઇજલ કૉફાર્ડે ઝાડમાં છોડેલી ગોળીએ, ૨૩ મી ઑક્ટોબર ૧૯૩૨ની રાત્રિએ અર્થાત બસો બાવીસ વર્ષ અને અમુક મહિનાઓના ગાળા બાદ, પોતાના દીવાનખાનામાં બેઠેલા હેન્રી વેસ્ટમૅકૉટને ઘાયલ કર્યો !

અને સાથેસાથે વાયરલેસ સેટમાં ગોળી દ્વારા લક્ષ્મીદેવીનાં પણ દર્શન કરાવ્યાં. 'સ્કૅલ્ટર પૉટ'માંના પેલા ખનિજ પદાર્થમાં જે લીલા રંગની જાળની ગૂંથણી જણાતી હતી તે 'પિચબ્લૅન્ડ' હતું અને તેમાં પુષ્કળ રેડિયમ અને યુરેનિયમના ક્ષાર હતા.'

હિલ્ડ્રેથે વાત પૂરી કરી.

અને કહેવાની જરૂર નથી કે પેલી ખનિજવાળી જમીન સાર્વજનિક હતી, એટલે હિલ્ડ્રેથે તેના સંબંધમાં જરૂરી વિધિ કરીને તે 'સ્કૅલ્ટર પૉટ'વાળી જમીન પોતાને હાથ કરી અને 'પિચબ્લેન્ડ' માંથી કિંમતી વસ્તુઓ કાઢવાની કંપની ઊભી કરી. એ કંપનીમાં તે પોતે, ઇન્ગ્રામ, કૉફાર્ડ, વેસ્ટમૅકૉટ અને નાનકડો બાયન એ પાંચ ભાગીદારો બન્યા, અને કાળે કરીને એ ધંધામાંથી ખૂબ ધન મેળવ્યું.

(અંગ્રેજી ઉપરથી) ચંદ્રમણિશંકર જેઠાલાલ પંડિત

નવાં પુસ્તકો

બિન્દુ: જેમની કલમનો પરિચય 'કુમાર' નાવાચકોને લાંબા કાળનો છે, અને જેમનાં બે નવાં સૉનેટો ફેબ્રુઆરી અંકમાં વાનગી રૂપે આપ્યાં હતાં તે શ્રી રામપ્રસાદ શુક્લનાં, પહેલદાર ૬૦ સૉનેટોનો નાનો અને સુઘડ સંગ્રહ. એન.એમ. ત્રિપાઠી લિમિટેડ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ કિં. એક રૂપિયો. **નવ-નૈવેદ્ય**: કવિ રવીન્દ્રનાથ ઠાકુરની છ નાની નાટિકાઓ, તેમના અંતિમ દિવસોની સ્મરણ-સુવાસ તથા તેમના સાહિત્યમાંથી તારવેલાં સૂત્રો 'રવિરશ્મિ'નો સંચય; અનુવાદકો, દશરથ એમ. ગાંધી અને રમેશ આર. ભટ્ટ ઇનામદાર, સોલ એજન્ટ નવચેતન સાહિત્ય મંદિર, ૨૪૫૬ ભદ્ર અમદાવાદ. કિં. ૧ રૂપિયો. **મનુષ્ય અને નક્ષત્રમંડળ**: લેખક મણિલાલ ભોગીલાલ ત્રિવેદી, મહુધા; પ્રકાશક-ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ. કિં. એક રૂપિયો. **પ્રેમાનંદ**: અશોક બાલપુસ્તકમાળાનું આઠમા વર્ષનું લેટ પુસ્તક લેખક-પ્રકાશક-નાગરદાસ પટેલ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ, ચાર આના.

પંચતંત્રની વાર્તાઓ

પાંચમું તન્ત્ર · અપરીક્ષિતકારિતા

સુવર્ણસિદ્ધિ કહે, 'એમ જ છે. તારો કાંઇ દોષ નથી. કેમ કે લોભનો ગાર્યો માણસ વિડંબના પામે છે. અને કહ્યું છે:

લૌલ્યથી જે કરે કામ પરિણામ જુએ નહિ ।
પામે વિડંબના તે તો જેમ આ ચન્દ્રભૂપતિ ॥

ચક્રધર કહે, એ કેમ. તે બોલ્યો.

કથા ૯

એક નગરમાં ચન્દ્ર નામે રાજા વસતો હતો. એના પુત્રોએ વાંદરાનું જૂથ પાળ્યું હતું. રાજાના ભવનમાં નાના કુમારના વાહન-યોગ્ય મેંઢાનું ટોળું પણ હતું. તેમાંથી એક ઘેટો જીભના લોભથી નિત્ય રસોડામાં ધરીને જે દેખે તે ખાઈ જાય, અને રસોયા જે કાંઇ લાકડું, અથવા માટીનું, તાંબાનું કે કાંસાનું પાત્ર જુએ એનો તેના ઉપર છુટ્ટો ઘા કરે. આ જોઇને વાનરપતિએ વિચાર્યુ: 'અહો, મેંઢારસોયાની વઢવેડમાંથી વાનરોનું મૃત્યુ ઊભું થાય એમ છે; કેમકે ઘેટો સ્વાદલંપટ છે, ને મહાક્રોધી રસોયા જે હાથમાં આવ્યું તેનાથી પ્રહાર કરે છે. હવે બીજું કાંઇ ન મળ્યું, ને રસોયો સળગતું લાકડું મારશે તો ઊનને કારણે ઘેટો દાઝશે. દાઝેલો ઘેટો પાસે જ ઘોડાર છે તેમાં પ્રવેશ કરશે, એટલે ઘાસપ્રચુર ઘોડાર સળગશે, તથા ઘોડા પણ દાઝશે. અને શાલિહોત્રે કહ્યું છે કે વાનરની ચરબીથી ઘોડાનો દાહદોષ શમે છે. એટલે આવી રીતે આ બધા વાનરોનો નાશ ઉપસ્થિત છે એ નિશ્ચય છે.'

એટલે એણે સર્વે વાનરોને બોલાવીને એકાંતમાં કહ્યું: 'જ્યાં ઘેટાની ને રસોયાની લડાઈ થાય ત્યાં વાનરોનો ક્ષય સમજજો, એટલે હજી આપણા ઉપર આપત્તિ નથી આવી ત્યાં રાજઘર તજીને આપણે વનમાં ચાલો.'

મદોદ્ધત વાનરોએ એનું માન્યું નહિ, હસ્યા તથા કહ્યું: 'તું વૃદ્ધ થયો એટલે બુદ્ધિવિકલ પણ થયો એટલે આમ કહે છે. અમે તો સ્વર્ગસમાન ઉપભોગ તથા નાનાપ્રકારનાં અમૃત જેવાં ભોજન છોડીને ત્યાં વનમાં તૂરાં, કડવાં, તીખાં, ખારાં તથા લૂખાં ફળ નહિ ખાઈએ.'

અશ્રુકલુષ આંખે વાનરરાજ કહે, 'રે, રે મૂર્ખો, આ સુખ પરિણામે વિષવત્ નીવડશે તે તમે નથી જાણતા. હું પોતે તો કુલ-ક્ષય જોવા અહિં નહિ રહું. આ ઘડીએ જ હું તો વનમાં જાઉં છું.' એમ કહીને યૂથપતિ તો અટવીમાં ચાલ્યો ગયો.

એ ગયા પછી એણે ભવિષ્ય ભાખ્યા પ્રમાણે જ ઘેટો રસોડામાં ગયો. એના ઉપર રસોયાએ અર્ધું બળેલું લાકડું માર્યું. જાજ્વલ્યમાન શરીરે રાડેરાડ પાડતો ઘેટો પાસેની ઘોડારમાં પેઠો, ને ત્યાં ઘાસ પાથરેલી ભોંય ઉપર આળોટ્યો, એટલે સર્વત્ર આગ લાગી તેથી કેટલાંક ઘોડાની આંખ ફૂટી ને એ મરી ગયા, તથા કેટલાકે બંધ તોડાવી અર્ધદગ્ધ શરીરે હણહણતાં આગતેમ દોટ મૂકી અને આખા જન-સમૂહને વ્યાકુળ કરી મૂક્યો.

રાજાએ વૈદ્યોને પૂછ્યું, કે 'ઘોડા દાઝી ગયા એની શાન્તિનો



કમળનાળ લઈને તેણે દૂરથી જ પાણી પીધું, ત્યાં તળાવ વચ્ચેથી રત્નમાળાધારી રાક્ષસ નીકળ્યો.

કપાય શું ?' તેઓએ શાસ્ત્રો જોઈને કહ્યું, 'દેવ, આ વિષે ભગવાન શાલિહોત્ર કહે છે:

કપિમેદથકી દોષો વહ્નિદાહસમુદ્‌ભવ ।
અશ્વોના નાશ પામે છે સૂર્ય ઊગ્યે નિશા યથા ॥

એટલે ઝટપટ આ ઓસડ કરો.' રાજાએ તો તરત આદેશ કર્યો કે વાનર સમસ્તનો વધ કરો. એટલે વિવિધ આયુધ, લાકડી ને પત્થરથી વાનરોને મારી નાખ્યા.

આ સાંભળીને વાનરપતિ વેર કેમ લેવું તેનો વિચાર કર્યા કરે છે. એક વાર એ તરસ્યો થઈને પદ્મિનીખંડમંડિત સરોવરે આવ્યો, ને સૂક્ષ્મ દૃષ્ટિ કરે છે તો વનચર તથા મનુષ્યોએ પ્રવેશ કર્યાનાં પગલાં છે, પણ નીકળ્યાનાં નથી. પાણીમાં દુષ્ટ મગર હશે એમ ધારીને કમળનાળ લઈને તેણે દૂરથી જ પાણી પીધું, ત્યાં તળાવ વચ્ચેથી રત્નમાળાધારી રાક્ષસ નીકળ્યો, ને કહ્યું, 'કપિરાજ, આ પાણીમાં જે પેસે તે મારું ભક્ષ્ય થાય છે. આ વિધિથી તેં પાણી પીધું એટલે તારા જેવો ધૂર્ત કોઈ નહિ. હું તારા ઉપર પ્રસન્ન છું એટલે વાંછિત વસ્તુ માગી લે.' વાનર કહે, 'તારી ભક્ષણશક્તિ કેટલી ?' તે બોલ્યો, 'પાણીમાં લાખ પેસે તો લાખને મારું, ને બહાર તો શિયાળ પણ મને મારી જાય.' વાનર કહે, 'એક રાજા સાથે મારે અત્યન્ત વેર છે, એટલે જો આ રત્નમાળા તું મને દે તો વચન-પ્રપંચથી રાજાને સપારવાર લલચાવી આ સરોવરમાં મોકલું.'

રાક્ષસે રત્નમાળા આપી તે પહેરીને વાનર ફરતો હતો, એને લોકોએ પૂછ્યું, 'વાનરોત્તમ, તમે આટલા દી ક્યાં હતા ? અને રવિ-તિરસ્કારિણી આ રત્નમાળા ક્યાંથી આણી ?' વાનર કહે, 'એક વનમાં કુબેરનું રચેલું ગુપ્ત સરોવર છે, ત્યાં રવિવારે સૂર્ય અર્ધો ઊગ્યો હોય ત્યાં કોઈ ડુબકી મારે તો તે આવી રત્નમાળા કંઠમાં પહેરીને નીસરે છે.'

આ સાંભળીને રાજાએ વાનરને બોલાવીને પૂછ્યું કે એવું કોઇ સરોવર છે કે. વાનર કહે, 'હા. રત્નમાળાનું પ્રયોજન હોય તો કોઇને મારી સાથે મોકલ એટલે દેખાડું.' રાજા કહે, 'હું પોતે પરિજનસહિત આવીશ, જેથી પુષ્કળ રત્નમાળા મળે.' વાનર કહે ભલે. તૃષ્ણાગ્રસ્ત રાજા ડોળીમાં બેસી વાનરને ખોળામાં બેસાડી નીકળ્યો.

સરોવરે પહોંચી પરોઢિયે વાનર રાજાને કહે, 'દેવ, સૂર્ય અર્ધો ઊગે એવે ટાણે આમાં પ્રવેશ કરે તેની સિદ્ધિ થાય છે. એટલે બધાય માણસ એક જ સમયે પેસે. પણ તારે મારી સાથે પ્રવેશ કરવો, જેથી પહેલાં જોયેલે સ્થળે તેડી જઈને હું તને બહુ રત્નમાળા દેખાડીશ.' હવે તે લોકો પેઠા એવો જ રાક્ષસ એ બધાને ખાઈ ગયો. એને આવતાં વાર લાગી, એટલે રાજા કહે, 'વાનરેન્દ્ર, મારા જણને કેમ વાર લાગી ?' વાનર તરત ઝાડે ચડ્યો ને રાજાને કહ્યું, 'હે દુષ્ટ રાજા, તારા પરિજનને પાણીમાં રહેલો રાક્ષસ ખાઈ ગયો. મારા કુળનો તેં ક્ષય કર્યો એનું મેં આ વેર લીધું. એટલે જા. તું મારો સ્વામી છે, એટલે તને સરોવરમાં ન મોકલ્યો. અને કહ્યું છે:

'દુષ્ટે દુષ્ટ સમાચરો ।'

આ સાંભળીને કોપાયમાન થયેલો રાજા એકલો પગે ચાલીને જ્યાંથી આવ્યો હતો તે માર્ગે નીકળી પડ્યો. રાજા ગયા પછી ધરાયેલો રાક્ષસ પાણીમાંથી નીકળ્યો ને કહ્યું:

'હણ્યો શત્રુ કર્યો મિત્ર રત્નમાલા ન હારિયો ।
પીધું નાળથકી પાણી ધન્ય ચાતુર્ય વાનર ॥

એટલે હું કહું છું: લોભ્યથી જે કરે કામ' ઇતિ.

(ચાલુ) દેસાઇ વાલજી ગોવિન્દજી

ફોટોગ્રાફી

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

પહેલું ઇનામ: મોકૂફ; બીજું ઇનામ: 'ડીઝાઈન'–વિનોદ કોઠારી (અમદાવાદ); ત્રીજું ઈનામ: 'હોકાની મોજ'–ચંદુભાઈ ભટ્ટ (અમદાવાદ); નોંધપાત્ર: (૧) 'તોફાની છોકરો'–વજુભાઈ પટેલ–કેન્યા; (૨) 'જ્ઞાની'–નટવરલાલ મહેતા–સુરત. બીજું ઇનામ જીતનાર ભાઈ વિનોદ કોઠારીનું (આ અંકના પૃઠા પર છાપેલું ચિત્ર) 'ડીઝાઈન' બદામના ઝાડનાં ડાળાંપાંદડાંનું કુદરતીરીતે રચાઈ રહેલી ભાતીગળ આકૃતિનું મનોરમ ચિત્ર છે. આકાશની સફેદ ભૂમિકા પર નયન-રંજક સંયોજનમાં પોતાની લીલા વિસ્તારી રહેલાં એ પાંદડાંના છાયાપ્રકાશ પ્રિન્ટની ઉત્તમ ટેકનીક વડે એટલી સફળતાથી બતાવ્યાં છે કે બદામનાં પાંદડાંની કુમાશ અને છાયાવાળા ભાગનાં પાંદડાંની રેખા સુદ્ધાં દૃષ્ટિગત થાય છે. પશુપંખી અને માનવજીવનનાં અનેકવિધ પાસાંઓ ઉપરાંત કુદરતમાં પણ આવાં ઘણાં વણખેડાએલાં ક્ષેત્રો છે જેમાંથી કલાકારની આંખ ચકોર હોય તો મનોહારી અને ચિત્રાત્મક તત્ત્વ ઝડપી લે છે. દૃષ્ટિ છે ત્યાં દૃશ્યનો તોટો નથી.

ત્રીજું ઇનામ જીતનાર ભાઇ ચંદુભાઇ ભટ્ટે 'હોકાની મોજ'માં ઝડપેલા ડોસાની લીનતા અને વિચારમયતા સારાં ઉતાર્યાં છે. ચિત્ર-સંયોજન અને પ્રિન્ટની ટેકનીક સાધારણ છે. ફોકસિંગમાં વધુ કાળજીની જરૂર હતી. કપડાંના ભાગમાં ફિનિશિંગ જણાઈ આવે છે તે ખામી છે અને બૅકગ્રાઉન્ડના ભાગમાં ચહેરા આગળ જણાતી કાળી વાંકીચૂકી લીટી નેગેટિવમાંથી રીટચ કરી કાઢી નાખવી જોઈએ.

કેન્યાના ભાઇ વજુભાઇ પટેલે 'તોફાની છોકરો' ચિત્રમાં, જાળી બહારની વસ્તુ પાછી લેવાના પ્રયત્નમાં નિષ્ફળ જવાથી રડતા બાળકની મથામણ અને ભાવ આબાદ ઝડપ્યા છે. જરા દૂરથી ધીરજ અને વિચારપૂર્વક સ્નૅપ લીધો હોત તો પગ આગળનો વધારેપડતો ધ્યાન ખેંચતો મોટો ભાગ સપ્રમાણ બનત. નીચેના ભાગમાં પ્રિન્ટ અરધો ઇંચ જગ્યા વધુ માગે છે, જ્યારે ડાબી બાજુથી જરા કાપવાની જરૂર છે. સંયોજન એકંદરે સારૂં છે.

નોંધપાત્ર ઠરેલું ભાઇ નટવરલાલ મહેતાનું 'જ્ઞાની' સારૂં પોર્ટ્રેટ ગણાય. જોકે તેમાં જરૂરી તીક્ષ્ણતા ખૂટે છે. દાઢીના વાળ જે ખાસ અગત્યનો ભાગ છે તેની રેખા તૂટે છે. ફોકસિંગમાં કૅમેરા નજીકની વસ્તુ સ્પષ્ટ ઉઠાવ માગે છે પ્રિન્ટની ટેકનીક સારી છે, પણ એન્લાર્જિંગમાં તે બરોબર કન્ટ્રોલ (કાબૂ)માં લઈ શકાયો નથી. પ્રિન્ટના મથાળાનો ડાબી બાજુનો ખુલ્લો તેમજ નીચેનો દાઢીની આસપાસનો ભાગ વધારેપડતો કાળો દેખાય છે. કોડાક કંપનીના વેલૉક્સ ટ્રાન્સ્પૅરન્ટ વૉટરકલર્સ આવે છે તેમાંનો લાલ રંગ, ફિલ્મ નેગેટિવનો જે ભાગ વધારેપડતો કાળો છપાતો હોય તે પર નેગેટિવના પાછલા ભાગમાં જરૂર પૂરતો આછો સરખો લગાડવાથી માફકસર કન્ટ્રોલ થઇને છાયાના ભાગમાં પણ 'ડીટેઈલ' બતાવી શકશે. એમાં માત્ર થોડા મહાવરાની જરૂર છે. બી. બી. ફનીબંદા

બેબી–(રીસથી) હું પરણીશ ત્યારે, બા, તને મારા લગનમાં નહિ લઈ જાઉં.

બા–કેમ, એટલી બધી રીસ ?

બેબી–હું અં ...તું કાંઈ મને તારા લગનમાં લઈ ગઈ હતી ?



મધુકરી

ગઈ બોલી, ગઇ સંસ્કારિતા, વેશે ગયો ચાલી,
ગયા પડછંદ દેહો ને થયાં ગયદાન સૌ ખાલી,
લીલાંછમ ખેતરો સૂકાં, ગયું પૌરુષ છે થાકી,
ગયું સોનુંરૂપું, લોખંડ ચાલ્યું,—શું રહ્યુ બાકી ?

અહીં કણ કાંકરીનો યે બીજે માલિક આજે છે,
ધરા વાયુ અને જલ પર બીજાનું રાજ ચાલે છે;
અમારાથી અમારા પર ચલાવી દોર મ્હાલે છે,
કહું શેની, ન શેના ફૂંકીં, ગજબની ખોટ સાલે છે !

—હસિત બુચ

કલાકાર રસિકલાલ પરીખ

ગુજરાત સાહિત્ય સભા (અમદાવાદ)નો ઇ. ૧૯૪૨ના વર્ષનો રણજીતરામ સુવર્ણચન્દ્રક કલાકાર શ્રી રસિકલાલ પરીખને આપવામાં આવ્યો છે. 'કુમાર'ના વાચકો એમની કૃતિઓથી તો સારી પેઠે પરિચિત છે. એમની એ વિવિધરંગી તથા સાદી એવી પપ કૃતિઓ સાથેના એમના વિષેના પુસ્તક 'ચિત્રસાધના'માં આપેલી એમની જીવનરેખા અહીં પહેલી જ વાર ઉતારીએ છીએ અને આ પ્રસંગે એમને અભિનંદન આપીએ છીએ.

કલાકાર રસિકલાલ પરીખે જીવનની તરુણાવસ્થામાં જ શિષ્ટ પંક્તિ મેળવી છે. એમણે અનેક ચિત્રો સર્જ્યાં છે, અનેક રીતે કલાની ઉપાસના કરી છે અને અનેક સ્થળેથી આદર તેમજ પારિતોષિક મેળવ્યાં છે.

ઈ. ૧૯૧૦માં રાજપીપળા સ્ટેટના વાલિયા ગામમાં તેમનો જન્મ થયો. તેમના પિતા નરસીદાસ પરીખ ત્યાંના મામલતદાર હતા. બાળપણ ગામઠી શાળામાં જ વીત્યું. પણ રસિકલાલને યાદ છે કે 'અમે નિશાળની રજામાં ત્યાંના નજીકના તળાવ પર જઇ ચીકણી માટી ખોદી તેમાંથી ગાડું, બળદ, ઢીંગલા વગેરે બનાવતા. તળાવ પરના મંદિરની છાયામાં માટીના ઘાટ કરતાં કઇક દિવસો એમણે ગાળ્યા હતા.'

પિતા નોકરીમાંથી નિવૃત્ત થઈ રાજપીપળામાં રહ્યા ને રસિકલાલ ત્યાં હાઈસ્કૂલના ચોથા ધોરણ સુધી આવ્યા તે પછી જ તેમને



ડ્રૉઇંગ કલાસનાં દર્શન થયાં. સ્વભાવથી જ આકૃતિ પર આંખ ઘડાએલી, એટલે ડ્રૉઇંગના પાઠો સહજ આવડતા અને આગળ નંબર રહેતો. ચિત્રશિક્ષક ચંદુભાઇએ ડ્રૉઇંગની 'એલીમેન્ટરી ગ્રેડ'ની પરીક્ષા માટે તૈયારી કરવા કહ્યું, ત્યારે તે વાત ઠપકાની બીકે ઘેર નહોતી કહેવાતી. વડીલો માનતા કે ચિત્ર શીખ્યે શું વળવાનું હતું ? અંતે, ચાલુ ધોરણમાં પાસ થવાની શરતે ચિત્રની પરીક્ષા આપવા છૂટ મેળવી. પરીક્ષા આડે એક જ માસ હતો, એટલે કામ ઘણું કરવું પડતું. ચિત્રની પરીક્ષા તો આપી, પણ ચાલુ ધોરણની પરીક્ષા પાછળથી થઈ તેમાં નાપાસ થવાયું. એથી ઘરમાં ઠપકો મળ્યો અને મનમાં ખૂબ ગ્લાનિ થઈ. બીજે વર્ષે મહેનત કરી ચોથું ધોરણ પાસ કરી પાંચમું શરૂ કર્યું. પણ તેમાં વળી ચિત્રની બીજી 'ઈન્ટરમીજિયેટ' પરીક્ષા આપી એટલે ધોરણ બગડ્યું. ઘરમાં બધાંને ચિંતા થઈ કે આ છોકરો ભણી નહિ શકે એ તો વાંચવાલખવાનું મૂકી દઇ ચિત્રકામની લતે જ ચડી ગયો હતો.

રસિકલાલના મોટા ભાઇ નગીનદાસ સાબરમતી આશ્રમમાં કાંતણપીંજણ સાથે સીવણની તાલીમ આપવા આવેલા. તેમણે બીજા થોડા વિદ્યાર્થીઓને શ્રી રવિશંકર રાવળ પાસે અભ્યાસ કરતા જોઈ રસિકલાલની હાલત જણાવી, એમના ચિત્રગૃહમાં મોકલવાનો મનસૂબો ગોઠવ્યો અને રસિકલાલને લખી નાખ્યું. નાપાસ થએલા એ વિદ્યાર્થીને હાથમાં સોનાનું ઝાડ આવ્યું એમ લાગ્યું હશે. તેણે ખૂબ મહેનત કરી કેટલાંક સુંદર પેન્સિલચિત્રો, 'સુવર્ણમાળા'માંનાં શ્રી ધુરંધરનાં ચિત્રો પરથી દોર્યાં અને રવિશંકર રાવળને જોવા મોકલ્યાં. એ માત્ર નકલો હતી, છતાં આલેખન ખૂબ સમજણપૂર્વક અને મુખભાવો સંભાળીને કરેલાં હતાં. એ પરથી રવિભાઇએ તેને પોતાની પાસે અભ્યાસ માટે આવવા મંજૂરી આપી.

૭મી ઑગસ્ટ ૧૯૨૬ના રોજ તરુણ રસિકલાલે કુમાર કાર્યાલયમાં પ્રવેશ કર્યો ને ચિત્રશિક્ષણનો પ્રારંભ કર્યો. લાક્ષણિક એકાગ્રતા ને અચૂક શુદ્ધ આલેખન એ અભ્યાસનાં મુખ્ય અંગ હતાં, તેમાં એણે પૂરો આંક આપ્યો. અઠવાડિયા પછી કુમાર કાર્યાલયના સ્ટુડિયોમાં જ વાસો કરી નજીકની લૉજમાં જમવાનું રાખ્યું. દિવસરાત મળે એટલો વખત ચિત્રસાધના કરવા માંડી. સ્વભાવે મૂંગા, ટેવોમાં સ્વાશ્રયી ને રહેણીમાં સાદા હોવાને લીધે તે સૌને એકસરખા પ્રિય થઇ પડ્યા. શરીરસ્વાસ્થ્ય જાળવવામાં તેમનો નંબર છેવટ સુધી પ્રથમ રહ્યો હતો. સ્ટુડિયોની સાફસુફીથી માંડી રવિભાઈના સર્વે ચિત્રકામમાં ને જરૂર પડ્યે કાર્યાલયના કામકાજમાં પણ સહાય

કરવા સાથે તેમણે સહચારીઓને શીખવવા પણ માંડ્યું હતું.

ત્યાંના બહુવિધ કળાસંસ્કારવાળા મંડળ વચ્ચે તેમના આદર્શો સ્પષ્ટ ઘડતર લેતા ગયા. કલાચર્ચા, નિરુપણ, પુસ્તકો વગેરેનો પ્રભાવ પણ ઓછો નહોતો. એવામાં આશ્રમમાં એક કલાશિક્ષકની જરૂર પડી, એટલે રવિભાઇની સલાહથી તેમના ભાઇએ ત્યાં, તેમની જ ગોઠવણ કરી. એથી આર્થિક ટેકો મળ્યો.

કલાકાર તરીકે કોઈ પણ જાતનું કામ ઉઠાવવાની હિંમત તથા શક્તિ તેમનામાં પ્રકટેલાં જોઈ રવિભાઈએ અમદાવાદના કલાપ્રેમી શ્રીમંત સર ચીનુભાઇને સહાય કરવા વિનતિ કરી. તે પરથી તેમણે ઉદારતાપૂર્વક માસિક રૂા ૨૫ ની સ્કૉલરશિપ મંજૂર કરી. એ વખતે સર ચીનુભાઈ અને મદ્રાસના કલારસિક શ્રીમંત સ્વ. રામસ્વામી મુદલિયાર વચ્ચે તાજો પરિચય થયો હતો, અને રસિકલાલને તેઓ નામ તથા કામથી જાણતા હતા. વળી એ જ અરસામાં થોડા વખત પર સુપ્રસિદ્ધ કલાકાર દેવીપ્રસાદ રાયચૌધરીની ત્યાંની આર્ટ સ્કૂલમાં પ્રિન્સિપાલ તરીકે નિમણુક થઇ હતી, તેમાં સ્વ. રામસ્વામીનો ઠીક હાથ હતો. એટલે પહેલા જથ્થાના વિદ્યાર્થીઓમાં રસિકલાલ જાય તો વધુ લાભ મળે એવી કલ્પનાથી મદ્રાસની આર્ટ સ્કૂલમાં તેમને મોકલવાનું ઠર્યું. એ હતી ૧૯૨૯ના જુલાઈની ૧૩મી તારીખ.

આ યોજનાનું પરિણામ ધાર્યા જેટલું જ સરસ આવ્યુ. આથી રસિકલાલ એક નવી પરંપરા ને ક્રિયાકૌશલ્યનુ જ્ઞાન મેળવી શક્યા અને મુંબઈ ઈલાકાના સુપ્રસિદ્ધ કલાકારોમાં નવી ભાત પાડી શક્યા. મદ્રાસમાં વસતા ગુજરાતના સુપ્રસિદ્ધ વિદ્વાન શ્રી રત્નમણિરાવ ભીમરાવે રસિકલાલને એ બધાં વર્ષો પ્રેમપૂર્વક પોતાને ત્યાં રાખી એમને સાહિત્ય અને સંસ્કારનો પાસ લગાડ્યો હતો.

મદ્રાસમાં ખૂબ છૂટે હાથે કામ કરવાનું મળ્યું. અમદાવાદની પૂર્વતૈયારીથી તેમને એકદમ ઉપલી શ્રેણીમાં જગ્યા મળી. શ્રી દેવીપ્રસાદ એક ઊર્મિવંતા ચિત્રકાર હોવા ઉપરાંત પ્રખર શિલ્પવિધાયક છે. એ વખતે કલકત્તાના વાઇસ ચૅન્સેલર સ્વ. આશુતોષ મુકરજીનું મોટું અસલ કદનું બાવલું તે તૈયાર કરતા હતા. રસિકલાલને એ કામનો મૂળથી જ શોખ હોવાથી તેમની અનુમતિથી તેઓ એ કામમાં જોડાયા, અને સારી પ્રગતિ કરી પ્રિન્સિપાલનો પ્રેમ સંપાદન કર્યો. એ ઉપરાંત ખૂબ સ્કેચિંગ, વૉટર કલર, વૂડકટ, લીનોકટ વગેરે વિવિધ પ્રકારોમાં પણ સમયની મોકળાશપૂર્વક એમણે અભ્યાસ કર્યો અને તે ક્રિયાઓથી હાથના કાબૂ વધારી દીધો. મદ્રાસમાં તેમના ઉત્કર્ષમાં રસ લેનારા શ્રી રત્નમણિરાવ, સ્વ. રામસ્વામી, મિ. કૉટન અને કવિશ્રી ખબરદાર હતા. સ્વ. રામસ્વામી તો દક્ષિણ હિંદની એક આર્ટ સ્કૂલમાં તેમને હેડમાસ્તર તરીકે રોકવાની પેરવી પણ કરી ચૂક્યા હતા. શ્રી દેવીપ્રસાદે અભ્યાસ માટે ચોથું વર્ષ રોકાવા કહ્યું, પણ રવિભાઇએ તેમની પ્રગતિ જોઈ મુંબાઇનો થોડો અનુભવ લેવા સલાહ આપી.

મદ્રાસના કામના નમૂના લઈ રવિભાઈની ભલામણ સાથે રસિકલાલ ૧૯૩૨ ના જૂનમાં મુંબાઈની આર્ટ સ્કૂલમાં શ્રી લાલાકાકાને મળ્યા. એમણે તેને પ્રિન્સિપાલ શ્રી સૉલોમન આગળ રજૂ કર્યા, અને તેનું કામ જોઈ પ્રિન્સિપાલે ડિપ્લોમા ક્લાસમાં બેસવા અનુમતિ આપી.

મદ્રાસમાં ઓઈલ પેઇન્ટિંગ તજી કરેલું. તેમજ મોટી આકૃતિઓ પણ દોરેલી નહિ. પરંતુ મહેનત અને ઉદ્યોગથી એકબીજાનું જોઈ તેમણે કામ સમજી લીધું. ઉપરનો વર્ગ હોવાથી વર્ગનિરીક્ષક ભાગ્યે જ બધાને શીખવતા. સાથેસાથે શ્રી જગન્નાથ અહિવાસીના હાથ નીચે ચાલતો હિંદી કલાનો વર્ગ પણ એમણે ભરવા માંડ્યો. ત્યાં એમણે થોડાં ચિત્રો કર્યા છે. પણ તે બધામાં મદ્રાસની હથોટીનો જ પ્રભાવ ઉપર રહેતો. 'મંગળ કળશ', 'ઢીંગલી', 'ચાનની સૃષ્ટિ', 'નજૂમી', 'સિદ્ધાર્થનો ગૃહત્યાગ' વગેરે ચિત્રો એ વેળા તૈયાર થએલાં

વર્ષ આખરે જ્યારે પરીક્ષા માટે ફી ભરવાનો વખત આવ્યો ત્યારે ઍડવાન્સ ક્લાસ પાસ કરવા પૂર્વે ડિપ્લોમા પરીક્ષા ન અપાય એવો વાંધો નીકળ્યો. આની સામે રસિકલાલે જણાવી દીધું કે પોતાને કોઈ પરીક્ષા જ આપવી નથી ! અંતે પ્રિન્સિપાલે આખા વર્ષનું કામ જોઈ પરીક્ષામાં બેસવાની રજા આપી. પરીક્ષામાં આવેલો વિષય પણ રસિકલાલને મનગમનો હતો. ૬×૩ ફૂટનું તે ચિત્ર 'ઉત્સવ- પ્રયાણ' એમણે એક માસમાં તૈયાર કર્યું. ચિત્ર થતું હતું એ વખતે પ્રિન્સિપાલ વખતોવખત જોઈ જતા. સૌની નવાઈ વચ્ચે એ પરીક્ષામાં રસિકલાલને સૌથી ઉપર માર્ક મળ્યા અને ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ ગણાયા. પરીક્ષામાં બેસવાની જ જ્યાં મુશ્કેલી હતી ત્યાં આ પરિણામે તેમના સર્વ શુભેચ્છકોમાં ખૂબ જ હર્ષ ફેલાવ્યો.

પરીક્ષા પછી ઘેર આવી એકાદ ટર્મ શાન્તિનિકેતન જવા વિચાર કર્યો. રવિભાઇએ નંદબાબુને લખી પણ નાખ્યું અને પ્રવેશની મંજૂરી મંગાવી લીધી. પણ દરમિયાન પ્રિન્સિપાલ સૉલોમને તાર કર્યો કે બે ટર્મ માટે માસિક રૂા. ૩૦ની સ્કૉલરશિપ સ્કૂલ તરફથી ભીંતચિત્રો (Mural Decoration)ના કામ માટે મળશે, માટે તુરત આવી જાઓ. શાન્તિનિકેતનનો વિચાર મોકૂફ રહ્યો ને ફરી રસિકલાલે મુંબાઈમાં વાસ કર્યો.

એ વર્ષ દરમિયાન ડેકોરેશનમાં કોઈ મોટું કામ થયું નહિ. માત્ર થોડા નાના સ્કેચ તૈયાર કર્યાં, જે પરથી આગળ જતાં એમણે 'નર્તકી', 'નવધાન્ય', 'માછીમાર' વગેરે મોટાં ચિત્રો તૈયાર કર્યાં. ૧૯૩૫માં 'નર્તકી' ચિત્રને સર્વોત્તમ ગણી મુંબાઈ આર્ટ સોસાએટીએ એમને સુવર્ણચંદ્રક આપ્યો અને ચિત્ર વેચાઇ ગયું. 'રંકનો વૈભવ' નામનું ચિત્ર પણ એ જ અરસામાં થએલું, અને મુંબાઈના પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમે તે બીજા વર્ષના પ્રદર્શનમાંથી ખરીદ કરી લીધેલું.

એક વર્ષ પૂરું કરી મુંબાઇને રામરામ કરીને તે અમદાવાદ આવી ગયા અને પૂર્વસંકેત પ્રમાણે રવિભાઇએ શરૂ કરેલા 'ગુજરાત કલાસંઘ ચિત્રશાળા'માં સહકારી મદદનીશ તરીકે જોડાઇ ગયા. એ અરસામાં સુપ્રસિદ્ધ શિલ્પકલાકાર શ્રી વિનાયક કરમારકરે ગોંડલમાં ત્યાંના મહારાજા સાહેબનાં મોટાં પૂતળાં શરૂ કરેલાં, તેમનાં કામ અને પરિચયના હેતુથી રજાના પચીસેક દિવસો ત્યાં ગાળવા તેઓ ગયા. તે વખતે ત્યાં શ્રીરવિશંકર પંડિત ને સોમાલાલ શાહની સોબતનો એમને લાભ મળ્યો.

એ જ સમયમાં અમદાવાદની શેઠ ચીમનલાલ નગીનદાસ બોર્ડિંગમાં ચિત્રશિક્ષકની જગ્યા ખાલી પડી. ત્યારથી ત્યાં અર્ધ સમયનું કામ નક્કી થયું. બાકીનો બધો વખત તે 'ગુજરાત કલાસંઘ'માં પોતાનો અને બીજા કલાકારોનો વિકાસ કરવામાં વ્યતીત કરતા. તે પછી થોડો વખત કર્વે વિદ્યાપીઠની અમદાવાદની મહિલા પાઠશાળામાં ચિત્રઅધ્યાપનનું કાર્ય ચલાવ્યું; પણ પાછળથી ચીમનલાલ બોર્ડિંગનું 'વિદ્યાવિહાર' રૂપી વિશાળ સંસ્થામાં રૂપાંતર થયું ત્યારથી તેના આચાર્ય શ્રી જીણાભાઈ દેસાઇ (સ્નેહરશ્મિ) એ રસિકલાલને સંપૂર્ણ સમયના અધ્યાપક તરીકે એ સંસ્થામાં ખેંચી લીધા છે અને તેમને એ શાળાની કળાશિક્ષાના ધુરાવાહી બનાવ્યા છે.

એમનાં ચિત્રો જ્યાંજ્યાં પ્રદર્શનમાં મુકાયાં છે ત્યાંત્યાં આદરને પાત્ર થયાં છે ને ભાગ્યે જ ખરીદાયા વિના રહ્યાં હશે. મ્હૈસૂર, ત્રિવે-

ન્ધ્રમ અને બીજાં કેટલાંક શહેરોના રાજ્યગહેલો અને ચિત્રાલયોમાં એમનાં ચિત્રો માનવંતું સ્થાન મેળવી શક્યાં છે. ગુજરાતમાં કોઈ રાષ્ટ્રપ્રતિનિધિત્વવાળું ચિત્રાલય થશે ત્યારે રસિકલાલનાં ચિત્રો તેની અગત્યની પૂર્તિ ગણાશે જ.

રાષ્ટ્રીય પવિત્રતા

કહેવાય છે કે જ્યારે સીંગાપુરના દરવાજે જાપાની તોપો ખડકાઇ રહી હતી ત્યારે શહેરમાં નાચનો જલસો ચાલતો હતો.

ફ્રાન્સનું પતન ફ્રેન્ચોની વિલાસિતાને આભારી હતું. એ પ્રજા એટલી બધી વિલાસી અને આરામપ્રિય બની ગઈ હતી કે યુદ્ધ જેવા ભયંકર સંઘર્ષણનો તાપ જીરવવા જેટલી શક્તિ તેનામાં રહી ન હતી.

વાજિદઅલી શાહ વિલાસમાં ડૂબી ન ગયો હોત તો મુગલ સલ્તનતનો નાશ કદિ થયો ન હોત. વિષયવાસનામાં ફસાઇ સંભાજી બાયલો થઇ ગયો હતો; અને બાજરીના રોટલા ને ડુંગળીથી ચલાવી શકે એવા મરાઠા સૈનિકોના અભાવને લીધે જ તેઓ પાણીપતની લડાઇ હાર્યા હતા.

કરણઘેલાની વિલાસિતાએ જ માધવને દેશદ્રોહ કરવા પ્રેર્યો હતો. ગુજરાતમાં મુસલમાની રાજ્ય સ્થાપ્યું હતું તેનું મૂળ તે વખતના રજવાડાઓના ભોગવિલાસ જ હતા.

. . . . . .

જનરલ ગેમલાંએ લડાઇમાં વિજય ન મળે ત્યાંસુધી 'શેમ્પેન' (દારૂ) નહિ પીવાની પ્રતિજ્ઞા કરી હતી.

માતૃભૂમિ જ્યાં સુધી આઝાદ ન થાય ત્યાંસુધી પલંગને બદલે પરાળની પથારીમાં સૂવાનું અને ચાંદીની થાળીને બદલે પત્રાવળીમાં ભોજન કરવાનું મહારાણા પ્રતાપે પણ લીધું હતું.

લડાઈ જીતવા હિટલરે પોતાના સૈનિકોને સાદાઈથી રહેતાં અને લુખ્ખાસૂકા રોટલાથી ચલાવી લેતાં શીખવ્યું છે. ચીન સાથે યુદ્ધ જાહેર કર્યું ત્યારથી જ જાપાને ભોગવિલાસનાં સહાયક સ્નાનાગારો, ગ્રામોફોન, ભભકદાર કપડાં અને ગાદીતકિયા સુદ્ધાં તજી દીધાં છે. આટલેથી જ એ લોકો અટક્યા નથી. તેમણે પંદરથી પાંત્રીસ વર્ષ સુધીની યુવતીઓને પોતાના વાળ શણગારવાની મના કરી છે. યુદ્ધ-સરંજામ ઉત્પાદન કરનારી ફૅક્ટરીઓમાં બનીઠનીને કોઇને પણ કામે આવવાની ના પાડવામાં આવી છે, નાચગાન બંધ કરી દીધાં છે, જેમાં ચુંબનની આપલે થતી હોય તેવી ફિલ્મોની અટકાયત કરી છે. કૉલેજના વિદ્યાર્થીઓને પ્રેમની નવલકથાઓથી વંચિત રાખવા બુકસેલરો માટે પણ પ્રતિબંધો મૂક્યા છે. કોઈપણ નાટક જલસાની કંપનીને ખેલ કરવાનો પરવાનો આપવામાં આવતો નથી.

માર્શલ ચાંગ-કાઈ-શેક પણ રાષ્ટ્રીય પવિત્રતામાં માને છે. ચીની યુદ્ધકારખાનાંમાં પટિયાં પાડીને કામ પર આવનારી છોકરીઓને માટે સ્થાન નથી; ઊલટું, એવા આકર્ષક વાળ કાપનાર હજામની દુકાનો પર છોકરીઓ જ પિકેટીંગ કરે છે. સરકારી અમલદારોને નૃત્યગૃહોમાં પ્રવેશ કરવાની બંધી છે અને આ હુકમનો ભંગ કરનારને મોતની સજા થાય છે. કોઈ એક પ્રાંતનો ગવર્નર વિલાસી હોવાનું સાંભળતાં જ ચાંગ-કાઇ-શેક જાતે એરોપ્લેન દ્વારા ત્યાં પહોંચ્યા અને તે ગવર્નરને ગોળીથી ઊડાવી દીધો. વળી કોઈ પણ ચીની સ્ત્રી યા પુરુષ વિદેશી વસ્ત્ર પહેરતાં નથી. પફપાઉડરનો સઘળો સામાન સરકારે ખરીદી લઇને સ્ત્રીઓને શંગારથી વંચિત રાખી છે. ધુમ્રપાનની બાબતમાં પણ એવું જ. યુવકોનાં ટોળેટોળાં પાણી ભરેલી ડોલો લઇને મહોલ્લેમહોલ્લે ફરે છે ને લોકોને દેશની આઝાદીની ખાતર તમાકુ ન પીવા સમજાવે છે, અને તેવા વ્યસનીને સીગારેટ-ચીરૂટનો તમામ જથ્થો તે પાણીની ડોલમાં નાખી દેવા વિનંતિ કરે છે. જાહેરમાં તો ત્યાં કોઈ જ બીડી પીતું નથી. 'નવજીવન આંદોલન (New Life Movement)ની પ્રવૃત્તિ દ્વારા મૅડમ ચાંગ-કાઇ-શેક ચીની પ્રજામાં સ્વાવલંબન, સંયમ ને સંસ્કૃતિના ઉદાત્ત ગુણો સીંચવાનું કામ કરે છે. આવા ત્યાગ, સંયમ અને સ્વાશ્રયને લીધે જ નબળું ચીન આજે બળવાન જાપાનનો સામનો કરી રહ્યું છે.—ચીમનલાલ વ્યાસ

રતનપુરના અકીક

દક્ષિણ ગુજરાતમાં ઝગડિયા અને લીમોદરાનો પ્રદેશ પ્રાચીન જૈન અને હિંદુ મંદિરો તથા તેમના ભગ્નાવશેષોની શિલ્પસમૃદ્ધિથી ભરપૂર છે. એ જ પ્રદેશમાં રતનપુર નામનું અત્યંત પુરાતન સ્થળ આવેલું છે, જેની ખાણોમાંથી નીકળતા કીમતી અકીકો માટે હિંદ પુરાતન કાળમાં દરિયાપારના દેશોમાં પંકાતું. રતનપુરની અખૂટ ખાણોમાંથી અકીકો નીકળી મુખ્યત્વે વલભીપુર જતા અને એ નગરના કુશળ કારીગરો તેમાંથી સુંદર વસ્તુઓ બનાવી ભરૂકચ્છ (ભરૂચ) અને સિંહપુર (સિહોર)નાં બંદરો દ્વારા દેશદેશાવર મેકલતા. ગ્રીક અને રોમન નોંધોમાં આ અકીકની કળાસામગ્રી ખૂબ વખણાઇ છે. રતનપુરના અકીકના ઉદ્યોગનો ઈતિહાસ પ્રાગૈતિહાસિક કાળ જેટલો પ્રાચીન છે. છ હજાર વર્ષ પૂર્વે જાહોજલાલી ભોગવતી બૅબીલોનિયન પાટનગરી 'ઉર' ના ખોદકામમાં તેના પ્રાચીન શરોમાં એ અકીક સર લીઓનાર્ડ વુલીને મળી આવેલા છે. એ પછી પાંચ હજાર વર્ષ જેટલા પ્રાચીન મોહેં-જો-ડેરોમાંથી એ અકીકની કળાસામગ્રી મળી આવ્યાની વાત પ્રસિદ્ધ છે જ. આફ્રિકાના ઉત્તર અર્ધભાગમાં ઈથીઓપીઆ અને ઇજિપ્તથી માંડી પશ્ચિમે છેક મોરોક્કો અને નાઇજીરિયા સુધીના વિશાળ પ્રદેશ પર પથરાએલા પ્રાગૈતિહાસ કાળના અવશેષોમાંથી વારંવાર જે અકીકની વિવિધ પ્રકારની કળાસામગ્રી મળી આવે છે તે રતનપુરની ખાણોના અકીકની છે એમ, એ. જે. આર્કેલ, એફ. એડીસન વગેરે પુરાવિદોનું કહેવું છે. રતનપુરના જે પર્વત પર આ ખાણો આવેલી છે તેને મહાભારત વનપર્વમાં 'ભરુકચ્છ પાસે નર્મદાતટે આવેલો વૈદૂર્ય શિખર પર્વત' કહ્યો છે. વલભીપુર નાશ પામતાં રતનપુરના અકીકનો ઉદ્યોગ ખંભાતે સંભાળ્યો અને એ માલ સૌથી વધુ પ્રમાણમાં ચીન જવા લાગ્યો. આ પછી જબલપુરમાં પણ રતનપુરના અકીકમાંથી કળાસમગ્રી બનાવવાનો ધંધો ખીલવા લાગ્યો. (પ્રજાબંધુ)

નવાં પુસ્તકો

તણખલાં: ફૂલછાબ નવપ્રકાશન શ્રેણીના બીજા ક્રમમાની છઠ્ઠી પુસ્તિકા. એક બંગાળી ડૉકટરે, આપણા સમાજજીવનના અંતઃસ્તલનું, ઉત્કટ આત્મમંથન પૂર્વક, સહૃદય, તિરસ્કારવિહીન ને ક્ષમાવંત જીવનદૃષ્ટિથી, નાનાંનાનાં શબ્દચિત્રો વડે કરેલું ચિત્રાંકન. અનુવાદક રમણિક મેઘાણી, આઠ આના. **જીવનનાં વમળ:** આપણા સામાજિક પ્રશ્નો પર સ્વસ્થ અને સ્વતંત્ર વિચારો આપતા, ગુજરાતના એક માત્ર પાક્ષિક વિચારપત્ર 'જ્યોતિર્ધર'માં, તેના તંત્રી શ્રી મંગુલાલ બુચે 'અનુભવ નવનીત' નામથી લખેલી હિંદુ સમાજની અન્યાયી, ક્રૂર, કઢંગી એકપક્ષી અને સંકુચિત દૃષ્ટિવાળી રૂઢિઓને પરિણામે થઇ રહેલી, અત્યન્ત દુઃખદ સ્થિતિનો નિર્ભેળ ચિતાર આપતી, સત્ય ઘટનાઓનો સંગ્રહ. પ્રકાશક-ધ મહાગુજરાત પબ્લિશિંગ કં. લિમિટેડ, મુંબાઈ-૧, કિં. ૧-૪-૦. **શરતના ઘોડા:** શ્રી યશવંત પંડ્યા કૃત ચાર નાટકો-ભજવાય એવાં અને ન ભજવાય એવાં પ્રકાશક-એન. એમ. ત્રિપાઠી લિમિટેડ, મુંબાઈ-૨, ૧-૮-૦.

આ માસ ઈતિહાસમાં

જુલાઈ

આ માસમાં જન્મેલા રોમન સમ્રાટ જુલિયસ સીઝર ઉપરથી આ મહિનાનું નામ જુલાઈ પડયું, તે પહેલા રોમન વર્ષગણનામાં તેનું નામ 'કિવન્ટીલિસ' હતું, જેનો અર્થ થાય છે–'પાંચમો મહિનો'. અને આપણે અગાઉ જાણી ગયા છીએ તેમ, ઇ. ૭૧૩માં ન્યૂમાએ રોમન કૅલેન્ડરમાં ફેરફાર કરીને વર્ષની શરૂઆતમાં જાન્યુઆરી અને ફેબ્રુઆરી એ બે માસ ઉમેર્યા તે પહેલાં આ માસનો ક્રમ પાંચમો જ હતો. ઍંગ્લો-સૅકસનો આ મહિનાને હેગ-મૉનાથ (હે-મન્થ) અથવા મીડ-મૉનાથ (મીડ-મન્થ) કહેતા, કેમકે ઘાસનાં બીડ આ જ માસમાં પૂર બહારમાં પાકતાં.

તા. ૨ હોમીઓપથીનું વૈદકજ્ઞાન ઊભું કરનાર જર્મન વૈદકશાસ્ત્રી સૅમ્યુઅલ હાનેમાનનું અવસાન ઇ. ૧૮૪૩ (આ વર્ષે તેનું શતવર્ષી ઊજવાયું).

તા. ૫ ફ્રેન્ચોએ અલ્જિરિયા જીતી કબજે લીધું ઈ. ૧૮૩૦.

તા. ૮ પશ્ચિમના દેશો આગળ હિંદનો જળમાર્ગ પહેલવહેલો ખુલ્લો કરનાર જાહેર કરનાર વાસ્કો ડ ગામા ત્રણ વહાણોનો કાફલો લઇ પોર્ટુગલથી હિંદની શોધ માટે નીકળ્યો, ઇ. ૧૪૯૭.

તા. ૧૧ વિખ્યાત પારસી સુધારક, સાક્ષર પત્રકાર અને કવિ બહેરામજી મલબારીનું અવસાન. ઈ. ૧૯૧૨.

તા. ૧૯ હિંદુસ્તાનમાં ઇન્કમટૅકસ શરૂ થયો ઇ. ૧૮૬૦.

તા. ૨૪ દક્ષિણ અમેરિકાને સ્પેનની ધૂંસરીમાંથી છોડવનાર સાઇમન બોલીવારનો જન્મ, ઇ. ૧૭૮૩

તા. ૨૮ ગયા જગત-મહાયુદ્ધની જામગરી જેમાંથી ચંપાઇ તે ઑસ્ટ્રિયાના પાટવી કુંવર ફર્ડિનાન્ડનું એક સર્વિયનને હાથે ખૂન થયું. ઈ. ૧૯૧૪.

આ માસની વ્યક્તિવિશેષ
જ્યોર્જ બર્નાર્ડ શૉ

પોતાનાં વિખ્યાત નાટકો દ્વારા રુઢિચુસ્ત ડાહ્યલાઓના કાન આમળનારો અને સંભાવિત ગણાતા ભદ્રસમાજનાં દૂષણો પર મર્મપ્રહારો કરી નિર્દય ઠેકડી કરનારો જગતનો આ નામચીન નાટકકાર, લેખક અને ચિંતક ઈ. ૧૮૫૬ ના જુલાઈની ૨૬ મી તારીખે આયર્લૅંડના પાટનગર ડબ્લિનમાં જન્મ્યો. તેનો બાપ મધ્યમ સ્થિતિનો સરકારી નોકર હતો. નોકરીને અંતે તેણે પેન્શનને બદલે સામટી



રકમ ઉપાડી લઇ પોતાને અજાણ્યો એવો દાણાનો વેપાર કર્યો જેમાં તંગ સ્થિતિમાં આવી પડયો. તેથી નિશાળે ભણતા જ્યૉર્જને ૧૪ વરસની ઉપરે યુનિવર્સિટીમાં જવાનાં સ્વપ્નાં છોડી દઈ જમીનના દલાલની ઑફિસમાં મહિને બાવીસ રૂપિયાના પગારે નોકરીએ જોડાવું પડયું. માતા મધુર કંઠવાળી સંગીતજ્ઞ હતી. તેના એ સંસ્કાર બાળકોમાં ઊતર્યા. ઉપરાંત ડબ્લિનના જાહેર ચિત્રાલયમાં જઇ ચિત્રો નિરખી જોવાનો જ્યૉર્જને નાનપણથી જ શોખ હતો. એટલે તે ૧૫ વરસનો થયો ત્યાં સુધીમાં તો સંગીતની અચ્છી રસજ્ઞતા અને નામચીન કલાકારોનાં ચિત્રોની તેમની શૈલી પરથીજ ઓળખી કાઢવાની પરખ તેનામાં આવી ગયા.

પણ ડબ્લિનમાં બહુ ફાવ્યું નહિ, એટલે ૧૮૭૬માં લંડનમાં તેની માતા સંગીતનું શિક્ષણ આપતી હતી તેની પાસે રહેવા ગયો; અને ત્યાં તેને જ આશરે રહી સાહિત્ય તથા પત્રકારત્વના ક્ષેત્રમાં ઝંપલાવ્યું. તેના પોતાના જ શબ્દોમાં કહીએ તો 'રોજનાં પાંચ પાનાં લખી લખીને હું મારી માને પૈસે માણસ બન્યો; પણ નોકર-ગુલામ થતો બચી ગયો.' આ મથામણમાં તેણે નવ વરસ કપરી ગરીબીમાં ગાળ્યાં. દરમ્યાન પાંચ નવલકથાઓ લખી પણ એકકેય સ્વીકારાઇ નહિ.

૧૮૮૨માં માકર્સનું સમાજવાદી સાહિત્ય વાંચવામાં આવતાં તે સોશ્યાલિસ્ટ થયો અને ૧૮૮૪માં ફૅબિયન સોસાએટીમાં જોડાયો જેની પ્રચાર–પત્રિકાઓનાં લખાણો તે કરતો અને એ વાદના પ્રચારની અસંખ્ય સભાઓમાં ભાષણો આપતો. એમાં યુનિવર્સિટીના બડેખાંઓથી માંડીને લંડનની ધોબણો સુધીના શ્રોતાવર્ગ આગળ તેને ચર્ચાઓ અને પ્રશ્નોત્તરો કરવા પડતાં, તેથી તે સમર્થ વક્તા ને વિવાદકાર થઈ ગયો. આ જ કાર્યમાં તેને ઍની બેસન્ટ સાથે ગાઢ પરિચય થયો.

આ અરસામાં તેનું પત્રકારત્વનું કાર્ય ચાલુ જ હતું. 'પૉલમૉલ ગૅઝેટ'માં પુસ્તકોનું, 'વર્લ્ડ'માં ચિત્રોનું અને 'સ્ટાર'માં સંગીતનું અવલોકન તે લખતો; અને ત્યાર પછી 'સૅટર્ડે રિવ્યુ'ના સાહિત્ય કલાના વિવેચક તરીકે તેણે નામના કાઢી. દરમ્યાન તેણે નાટકો લખવા માંડયાં. તેમાં આકરા ચાબખા તથા બુદ્ધિયુક્ત કટાક્ષોની તેની વિશિષ્ટ શક્તિ ખીલી નીકળી ને તે લોકપ્રિય નીવડયાં. હવે તેનો સિતારો ચડતો થયો. ઇંગ્લંડ ઉપરાંત યુરોપ અને અમેરિકામાં પણ તે ભજવાવા લાગ્યાં.

આજ સુધી નાટકોનાં પુસ્તકો ભાગ્યે જ પ્રકટ થતાં. શૉએ તેમાં નવો તબક્કો શરૂ કર્યો અને સામાજિક, ધાર્મિક તથા જાતીય વિષયો પરનાં પોતાનાં તીખાં મંતવ્યો છડેચોક પોકારતી વિસ્તૃત પ્રસ્તાવનાઓ સાથે તેણે પોતાનાં નાટકો છપાવવા માંડયાં;—જે પ્રસ્તાવનાઓ ઉત્તમ સાહિત્ય તરીકે પંકાઈ છે.

એનાં સંખ્યાબંધ નાટકોનાં નામ અહીં આપ્યાં જાય તેમ નથી, પણ તેમાંનાં ત્રણ સૌથી મહાન 'હાર્ટબ્રેક હાઉસ', 'બૅક ટુ મેથુસેલા' અને 'સંત જોન' તેની ૬૦ વર્ષની વય પછી લખાયાં છે. ૧૮૯૩માં લખાએલા 'મિસિસ વૉરન્સ પ્રોફેશન' ઉપર તો ૧૯૦૨ સુધી અમેરિકામાં પ્રતિબંધ રહેલો. ચોખલિયા વૃત્તિ અને સંભાવિત ગણાતી ભદ્રિકતા ભડકે તેવું આખાબોલાપણું, સામાજિક દૂષણોના ઘટસ્ફોટ અને ધાર્મિક તથા તાત્ત્વિક પ્રશ્નોની બેધડક છણાવટ એ તેના નાટકોના વિષયો છે, અને તેમાં તેણે વાપરેલા તેજસ્વી સંવાદો, રમૂજી કટાક્ષો અને સત્યાતિક્રમ (સત્યનો અતિક્રમ કરતી ઉકિતઓ, એ તેની ખાસ વિશિષ્ટતાઓ તરીકે પંકાયાં છે.

તેની પ્રતિભાની કદર કરીને, સ્વીડનમાંથી દર વર્ષે અપાતું ૧૯૨૬નું સાહિત્યનું નોબેલપ્રાઇઝ તેને અપાએલું, પણ સવા લાખ રૂપિયાની તેની એ રકમ તેણે પોતે ન રાખતાં ઇંગ્લંડમાં સ્વીડિશ સાહિત્ય પ્રચાર માટે ઍંગ્લો-સ્વીડિશ ફાઉન્ડેશન નામની સંસ્થાને ભેટ આપી દીધી.

પોતાના યુગનો આ મહાન વિચાર-પ્રચારક લેખક અને ચિંતક, રચનાત્મક કરતાં વિવેચક અને ઉત્તેજક વધુ છે. ખાનગી વ્યવહારમાં પણ પોતાના ઉદ્દામ રુઢિભંજક વિચારોને વળગી રહેનારો એ, બળિયાટંકાવવાનો અને માંસાહારનો વિરોધી હોઇ ચુસ્ત શાકાહારી છે. આજ ૮૭ વર્ષની વયે પણ એ જ તેજસ્વી ટકોરો અને એ જ હાજરજવાબી આખાબોલાપણાથી તે દુનિયાને નવાજે છે.

સુખિયાં ને શ્રીમંત નિશ્ચે નર એને ભજે,
હીન દુઃખી ને જંત (એને) સતિયા નર કો સેવતા.

—તનસુખ ભટ્ટ

પોતાને ત્યાં કામ કરતા પઠાણના છોકરા હસનની સાફદિલી અને ખંતથી પ્રસન્ન થઈ ગંગુ બ્રાહ્મણે તેને એક ખેતર ખેડી ખાવા આપ્યું. એક દિવસ ખેતર ખેડતાં ધનનો ચરૂ નીકળ્યો તે લઈ હસને ગંગુને ચરણે ધર્યો. ગંગુએ કહ્યું કે મેં એ ખેતર તને આપેલું માટે એ તું રાખ. ત્યારે ઉચ્ચ પ્રમાણિકતાથી હસને કહ્યું કે એ ન બને; તમે મને ખેતર 'ખેડી ખાવા' આપ્યું છે, જમીન તથા તેના પેટાળમાંની ચીજ પર મારો હક્ક ન ગણાય. દિલ્હીના બાદશાહ તઘલખશાહે એ પઠાણ છોકરાના ઉચ્ચ ચારિત્ર્યની આ વાત સાંભળી હસનને લશ્કરી સરદાર નીમ્યો. જતે દહાડે બાદશાહના મરણ બાદ તેના પુત્ર મહમદશાહના વખતમાં તેની વર્તણુકથી નારાજ થએલા સરદારોએ હસનને દક્ષિણનો સુલતાન બનાવ્યો. અને બાદશાહ બનેલા એ હસને પોતાના પૂર્વકાળના સ્વામીની કૃતજ્ઞતાના સ્મરણમાં પોતાનું નામ હસન–ગંગુ રાખ્યું, તથા પોતાના રાજ્યને 'બ્રાહ્મણી' રાજ્ય તરીકે ઓળખાવ્યું.

અનેકાર્થી શબ્દ: ખાણ=ખનીજ પદાર્થ કાઢવા માટે ખોદેલો ખાડો; અનાજ ભરવા માટે બનાવેલું ભોંયરૂં; હથિયારની ધારમાં પડેલો ખગકો; ઉત્પત્તિસ્થાન; ઢોરને ખાવાનું અનાજ કે ગોતું.


ગણિત ગમ્મત: વરસના દિવસ ૩૬૦ છે. એ આંકડો એવો છે કે તેને ૧ થી ૯ સુધીના બધા આંકડાથી ભાગી શકાશે—એક માત્ર ૭ સિવાય. અને અજબ જેવું છે કે અઠવાડિયાના દિવસ પણ ૭ છે. (શીરાઝ ઈ. બીવજી)

દેડો



ઝુલુ (આફ્રિકન સીદી) જાતિની માતાઓ બાળકોને આવી રીતે માથા પર ટોપલીમાં મૂકીને લાવલઈ જા કરે છે.

દૃષ્ટિભ્રમનો નમૂનો: એક નજરે જોઇશું તો, જેનો સન્મુખભાગ નીચેનો તરફ જમણી બાજુ આગળ પડતો હોય એવો ઘન દેખાશે; બીજી નજરે જોઇશું તો જેનો સન્મુખભાગ ડાબી તરફ ઉપર



થકો ચડે છે તેવો ઘન દેખાશે. ઉલટાવીને જોવાથી પણ આવાં બંને દશ્યો જણાશે.



બીજ અને વૃક્ષ: આરામ અને આસાયેશનાં બધાં સાધનોવાળી આજની એક નાના સરખા ગામ જેવી સ્ટીમર હાલની દશાએ જેમાંથી વિકસીને પહોંચી તે, મૂળ સ્ટીમબોટ 'કૉમેટ' ઉપલા જમણા ખૂણે બતાવી છે. ઈ. ૧૮૧૨માં હેન્રી બેલે તે શોધેલી.



ખોટી વાત: સૂર્ય પોતે તો સ્થિર જ છે. પૃથ્વી તેની આસપાસ ફરે છે તેથી જ તે ઊગતો ને આથમતો દેખાય છે.

કહેવતોના અર્થ: 'નાતેનાતનું વરે ને મુસાભાઇનું વા ને પાણી.' સામાને રાજી રાખી બનાવી જનારની ચતુરાઇ, અગર પારકે ઘસારે પોતાનું કામ કાઢી લેનારની તરકીબ દર્શાવવા માટે વપરાતી આ કહેવત પાછળ વાત છે કે મુસાભાઈ નામના એક ગરીબ સ્થિતિના વહોરાના બાપ ગુજરી ગયા પછી ન્યાતનાં માણસોએ એને રિવાજ મુજબ ન્યાત જમાડવાનું અઘટિત દબાણ કર્યું. આથી કંટાળી તેણે એક યુક્તિ કરી. વરાની આગમચ પરજ્ઞાતિનાં તથા જ્ઞાતિનાં વાસણો પોતાને ઘેર લાવીને નાખ્યાં, ને તેમાંથી ન્યાતનાં વાસણ વેચી નાખી તે વડે સીધું સામાન લાવી ઉત્તમ પકવાન કરીને પરજ્ઞાતિનાં વાસણ વાપરી ન્યાત જમાડી. ઉનાળાનો દિવસ હતો તેથી જમતાં જમતાં નાતીલાઓને તાપ અને તરશ બહુ લાગતાં હતાં, તેમને ઠંડું પાણી પાવાની તથા વીંઝણા વડે હવા નાખવાની પણ વ્યવસ્થા મુસાભાઇએ કરી હતી. જમતાં જમતાં નાતીલાઓ ભોજનનાં તથા મુસાભાઇની હોંશનાં વખાણ કરવા લાગ્યા તે સાંભળીને મુસાભાઇએ નમ્રતાથી કહ્યું 'આ તો નાતેનાતનું વરે છે, મુસાભાઈનું તો વા ને પાણી છે. તમે રૂડા છો તો મને મોટાઈ આપો છો; બાકી આમાં મારૂં કાંઈ નથી.' મુસાભાઇએ મર્મથી કહેલા આ સત્યવચનનો અર્થ નાતીલાઓ એમ સમજ્યા કે મુસાભાઈ વિવેક-શબ્દો કહે છે, પણ થોડા વખત પછી વાસણની ઉઘરાણી કરતાં મુસાભાઇએ ભરમ ફોડયો કે મેં તો તમને તે જ વખતે કહેલું કે તમારૂં છે ને તમે જમો છો. માટે તમને વાસણનો હવે ખપ હોય તો અમુક શેઠને ત્યાં ગીરો છે ત્યાંથી પૈસા ભરીને લઈ આવો.' નાતીલા ચુપ થઈ ગયા અને ત્યારથી દબાણથી વરો કરાવવાનું ભૂલી ગયા.